દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૫ વર્ષ
સૌરાષ્ટ્ર આવૃત્તિ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 187 ■ વિક્રમ સંવત ૨૦૮૨
આષાઢ વદ -૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 8 August 2026, Saturday ■ REGD.No. MCS/058/2018-20
શનિવાર, ૮ ઑગસ્ટ ૨૦૨૬, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦


વીકએન્ડ પૂર્તિ ૫ ૬ ૭


LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# પાકિસ્તાન, સઉદી, તૂર્કી વચ્ચે નાટો જેવા સંરક્ષણ કરાર

**‘એક પર હુમલો, ત્રણેય પર હુમલો ગણાશે’**

ઇસ્લામાબાદઃ પાકિસ્તાન, સઉદી અરેબિયા અને તુર્કી વચ્ચે શુક્રવારે નાટો જેવા ‘સંયુક્ત સંરક્ષણ કરાર’ પર હસ્તાક્ષર થયા હતા. તેનો હેતુ કોઈ પણ હુમલાની વિરુદ્ધ સામૂહિક સુરક્ષાને મજબૂત કરવાનો છે.આ કરારમાં જણાવ્યા અનુસાર આ ત્રણમાંથી કોઈ પણ એક દેશ પર કરવામાં આવેલા હુમલાને ત્રણે દેશ પરનો હુમલો ગણવામાં આવશે, એમ વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું.

પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ, સઉદીના ક્રાઉન પ્રિન્સ મોહંમદ બિન સલમાન અને તૂર્કીના પ્રમુખ રેસેપ તય્યિપ અર્દોગને મક્કામાં આ સંયુક્ત કરાર પર સહી કરી હતી.

મંત્રાલયે કહ્યું હતું કે કરારમાં કહેવામાં આવ્યું છે કે ત્રણેય દેશોમાંથી કોઈપણ એક પર સશસ્ત્ર હુમલો તે ત્રણેય દેશો પર હુમલો માનવામાં આવશે. પાકિસ્તાન અને સઉદી અરેબિયા વચ્ચે પહેલાથી જ આ પ્રકારનો કરાર છે. આ કરારને ભારત અને ઇઝરાયલ માટે મોટો ફટકો માનવામાં આવી રહ્યો છે. પાકિસ્તાનની ભારત સાથે લાંબા સમયથી દુશ્મની છે, જ્યારે આ ત્રણેય દેશો ઇઝરાયલના દુશ્મન છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવ વચ્ચે સુરક્ષા ચિંતાઓને ધ્યાનમાં રાખીને પાકિસ્તાન, સઉદી અરેબિયા અને તૂર્કીએ શુક્રવારે એક મહત્ત્વપૂર્ણ સંયુક્ત સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ કરાર ત્રણેય દેશોની સામૂહિક સુરક્ષાને વધુ મજબૂત કરવા તથા ક્ષેત્ર અને તેની બહાર શાંતિ, સુરક્ષા અને સ્થિરતાને પ્રોત્સાહન આપવાની ત્રણેય દેશોની સહિયારી પ્રતિબદ્ધતા દર્શાવે છે,‘‘ આ કરાર એવા સમયે થયો છે જ્યારે પશ્ચિમ એશિયામાં યુદ્ધ અનેક મોરચા પર ફેલાયું છે. જેમાં રેડ સી અને બાબ અલ-મંડેબ સ્ટ્રેટ સામેલ છે. જેના કારણે ખાડી દેશો પ્રાદેશિક સુરક્ષા સંકલનને મજબૂત બનાવવા માટે પ્રેરિત થયા છે. ■


(એજન્સી)

## મોરબીની અજાયબીઃ કૂવામાં દરિયા જેવા મોજાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મોરબી જિલ્લાના વીરપરડા ગામમાં એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. અહીંના એક ખેતરના કૂવામાં છેલ્લા કેટલાક દિવસોથી પાણી દરિયાના મોજાંની જેમ સતત ઊછળી રહ્યું છે. ૧૮ ફૂટ ઊંડા આ કૂવામાં પાણીમાં થઈ રહેલી વિચિત્ર હલચલને કારણે સમગ્ર પંથકમાં ચિંતાનો માહોલ સર્જાયો હતો. સ્થાનિક લોકોમાં ભૂકંપની અફવાઓ પણ વહેતી થઈ છે. જોકે, ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને મોરબી કલેક્ટર સ્વપ્નિલ ખરેના આદેશ બાદ જિયોલોજિસ્ટની ટીમે સ્થળ પર પહોંચી તપાસ હાથ (જુઓ પાનું ૨) ▸▸

## એનટીએના નિષ્ણાતોએ જ લીક કર્યું હતું નીટનું પેપરઃ સીબીઆઈની ચાર્જશીટમાં ખુલાસો

નવી દિલ્હીઃ નીટ-યુજી ૨૦૨૬ પેપર લીક મામલે સીબીઆઈએ ૯૪ પાનાંની ચાર્જશીટ દાખલ કરી છે. સીબીઆઈની તપાસમાં ખુલાસો થયો છે કે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ)ના ત્રણ વિષયના નિષ્ણાંતોએ નીટ-યુજી ૨૦૨૬નું પેપર લીક કર્યું હતું. આરોપીઓમાં પી. વી. કુલકર્ણી, મનીષા મંધારે અને મનીષા હવલદારનો સમાવેશ થાય છે. આરોપ છે કે નિષ્ણાતોએ મોડરેશન દરમિયાન કાગળ પર પ્રશ્નો લખ્યા હતા અને એનસીઈઆરટીમાં ફકરાઓ પર ચિહ્નિત કર્યા હતા. એવો પણ આરોપ લગાવવામાં આવ્યો છે કે તેઓએ બાકીના સવાલો યાદ રાખ્યા હતા અને બાદમાં હોટલના રૂમમાં પેપર ફરીથી તૈયાર કર્યું હતું. સીબીઆઈની ચાર્જશીટ અનુસાર, (જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકામાં જન્મ દ્વારા નાગરિકત્વના અધિકાર પર લગામ તાણી ટ્રમ્પે

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે અમેરિકામાં જન્મ દ્વારા નાગરિકત્વ મેળવવાનું વિદેશીઓ માટે મુશ્કેલ બનાવતા બે એક્ઝિક્યૂટિવ ઑર્ડર પર સહી કરી હતી. ટ્રમ્પના આ બે આદેશને પગલે અમેરિકામાં ધંધાદારી ‘બર્થ ટુરિઝમ’ બંધ થશે અને વિદેશી સરકારો વતી લૉબિંગ કરતા વિદેશી નાગરિકોનાં સંતાનો પણ અમેરિકામાં જન્મ દ્વારા અમેરિકાનું નાગરિકત્વ મેળવી નહિ શકે. અગાઉ, ટ્રમ્પે માત્ર અમેરિકામાં જન્મીને (જુઓ પાનું ૨) ▸▸

## સંસદમાં કંઇ મોટું થવાનું?: ૧૦, ૧૧, ૧૨ એક હાજર રહેવા સાંસદોને કૉંગ્રેસનો વ્હીપ

નવી દિલ્હીઃ કોંગ્રેસે શુક્રવારે રાજ્યસભા અને લોકસભામાં તેમના સાંસદોને વ્હીપ જારી કરીને ૧૦, ૧૧ અને ૧૨ ઓગસ્ટના રોજ પોતપોતાના ગૃહોમાં હાજર રહેવા જણાવ્યું છે. આ દિવસોમાં ખૂબ જ અગત્યના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર કોંગ્રેસે ઇન્ડિયા બ્લોકના તમામ સાથી પક્ષોને પણ આ ત્રણ દિવસ દરમિયાન તેમના સાંસદો સંસદમાં હાજર રહે તેની ખાતરી કરવા જણાવ્યું છે. આગામી સપ્તાહે સંસદમાં વિવાદાસ્પદ વિદેશી યોગદાન(નિયમન) સુધારા બિલ, ૨૦૨૬(એફસીઆરએ) અંગે ચર્ચા અને પાસ થવાના અહેવાલો વચ્ચે આ વ્હીપ જારી કરવામાં આવ્યો છે. સરકાર સીમાંકન સંબંધિત બંધારણીય સુધારા બિલ પર વિચાર કરી હોવાની પણ ચર્ચા છે.

રાજ્યસભામાં કોંગ્રેસના મુખ્ય વ્હીપ જયરામ રમેશે (જુઓ પાનું ૨) ▸▸

## ૪૦ વર્ષે બૉફર્સકાંડ પર પડદોઃ સુપ્રીમ કોર્ટે અંતિમ કેસ પણ કાઢી નાખ્યો

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે બૉફર્સ તોપ કૌભાંડ સામેના અંતિમ કેસને શુક્રવારે કાઢી નાખતા ૪૦ વર્ષ જૂના આ કહેવાતા લાંચ પ્રકરણમાંના કાનૂની જંગ પર પડદો પડ્યો હતો. હિંદુજાબંધુઓ અને શસ્ત્રો બનાવતી સ્વિડિશ કંપની એબી બૉફર્સ સામેના બધી ફોજદારી કાર્યવાહી રદ કરતા દિલ્હી વડી અદાલતના ૨૦૦૫ના ચુકાદાને પડકારતી અરજીને સર્વોચ્ચ અદાલતે શુક્રવારે કાઢી નાખી હતી. સ્વિડિશ રેડિયોએ અંદાજે ચાર દાયકા પહેલાં આક્ષેપ કર્યો હતો કે ભારતીય લશ્કરને વેચાયેલી ૪૦૦ હૉવિત્ઝર તોપના સોદામાં લાંચ ચૂકવાઇ હતી. ન્યાયાધીશ જે. બી. પારડીવાલા અને ન્યાયાધીશ કે. વિનોદચંદ્રનની બનેલી બૅન્ચે વડી અદાલતના ચુકાદાને પડકારનારા વકીલ અજય કે. અગ્રવાલને પ્રતિવાદીઓના નામમાં સુધારો કરવા માટે વધુ સમય આપવાનો પણ ઇનકાર કર્યો હતો. બૅન્ચે એક સમયે (જુઓ પાનું ૨) ▸▸

## પીએમને જેન-ઝીમાં વિશ્વાસઃ ભાગવતની કમેન્ટ પછી ભાજપે કહ્યું

નવી દિલ્હીઃ ભાજપે શુક્રવારે જનરેશન-ઝી પર આરએસએસના વડા મોહન ભાગવતની ટિપ્પણીને સમર્થન આપતા કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને દેશના યુવાનોમાં અપાર વિશ્વાસ છે અને તેઓ નવી તકો ઊભી કરીને તેમના સપનાં પૂરાં કરવામાં સતત મદદ કરી રહ્યા છે.ભાગવતે જેન-ઝીના સમર્થનમાં કહ્યું કે તેના એક દિવસ પછી ભાજપ તરફથી આ જવાબ આપવામાં આવ્યો હતો.

પરીક્ષાના પેપર લીક પર એક નવા દબાણ જૂથ દ્વારા તાજેતરમાં થયેલા હંગામાની પૃષ્ઠભૂમિમાં તેમની ટિપ્પણીઓ આવી હતી.

સંસદ ભવનના સંકુલમાં પત્રકારો સાથે વાત કરતા, ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ તરુણ ચુગે જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વિકસિત ભારતના એજન્ડાનું જો કોઈ મુખ્ય એન્જિન હોય, તો તે ભારતના યુવાનો છે. અને આજના યુવાનો, જેમને લોકો જનરલ ઝેડ કહે છે, તેમનામાં જ વડા પ્રધાન સૌથી વધુ વિશ્વાસ ધરાવે છે, અને તેઓ તેમને આગળ વધારવા માટે સતત કામ કરે છે.

તેમણે કહ્યું કે મોદીએ દેશના યુવાનો કુશળ બને તે સુનિશ્ચિત કરવા માટે, તેમણે કૌશલ્ય મંત્રાલયની (જુઓ પાનું ૨) ▸▸

## ‘જનરેશન ગટર’ની ટિપ્પણી કરનાર કંગના હવે જેન ઝી પર ઓળઘોળ

નવી દિલ્હીઃ જેન-ઝી આંદોલનકારીઓને ‘જનરેશન ગટર’ કહીને ભારે વિવાદ જગાવ્યા બાદ અભિનેત્રી-રાજકારણી કંગના રનૌતે શુક્રવારે એકાએક યુ-ટર્ન લીધો હતો. કંગનાએ જેન-ઝીના વખાણ કરતાં તેમને ભારતની સૌથી મોટી તાકાત અને દેશની સંસ્કૃતિ અને ઓળખના એમ્બેસેડર ગણાવ્યા હતા. સંઘ વડા મોહન ભાગવત દ્વારા ‘જેન-ઝીની માગણીઓને સાંભળવી જોઇએ અને તે રાષ્ટ્રવિરોધી નથી’ નિવેદન આપ્યાના એક દિવસ પછી રનૌતે પણ તેમની વાતને સમર્થન આપ્યું હતું. કંગનાએ સંસદની બહાર પત્રકારોને જણાવ્યું કે જેન-ઝી આપણા દેશની તાકાત છે અને એક પ્રકારે આપણા રાષ્ટ્ર માટે બહુ મોટી સંપત્તિ છે. અમને બહુ ખુશી છે કે આપણા યુવાનો ઝડપથી આપણી સંસ્કૃતિ અને ઓળખના એમ્બેસેડર તરીકે ઉભરી રહ્યા છે. હિમાચલ પ્રદેશના મંડીના ભાજપ સાંસદે વધુમાં જણાવ્યું કે અમને મોહન ભાગવતને સાંભળવાની અને તેમના જ્ઞાન અને અનુભવનો લાભ લેવાની તક મળી છે, જેમનો અમે ખૂબ આદર કરીએ છીએ. એ બહુ ખુશીની વાત છે કે દેશના યુવાનો અમારી સાથે જોડાઇ રહ્યા છે અને અમારી સાંસ્કૃતિક ઓળખને અપનાવી રહ્યા છે. અભિનેત્રીએ રાજ્યની ભરતી પરીક્ષાઓમાં અનિયમિતતાઓ સામે આંદોલન કરી રહેલા વિદ્યાર્થીઓને રાંચી મળવા ન જવા બદલ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની પણ ટીકા કરી હતી. ■


**પ્રતીક્ષાનો અંતઃ અંક પ્રગટ થઇ ચૂક્યો છે**

**જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ**

**ત્રીજી સદીમાં પ્રવેશી પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું ‘મુંબઈ સમાચાર’નું પ્રગતિ-પ્રેરક પંચાંગ**

**વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ મુંબઈ સમાચાર**
કિંમત: ₹ ૧૦૦/-
પ્રારંભ ઈ.સ.૧૮૧૪ વર્ષ ૨૧૩



પંચાંગકર્તાઃ સોનલ શાહ
■ વિક્રમ સંવત ૨૦૮૩-૮૪ ■ શાલિવાહન શક સંવત ૧૯૪૮-૪૯
■ ઈ.સ. તા. ૧૦-૧૧-૨૦૨૬ થી તા. ૨૬-૦૩-૨૦૨૮

**સંપૂર્ણ ૧૭ માસનો સરળ, સચોટ, માહિતીસભર અને દળદાર અંક**
**૩૫૨ પૃષ્ઠના આ પંચાંગમાં આપને મળશે**

- ૧૭ માસના મુંબઈ સમાચાર પંચાંગમાં સંવત-શકે-ઈસવીસન સહિત બે વર્ષના ભારતીય રાષ્ટ્રીય કેલેન્ડર તથા તહેવારોની વિગતો વર્ષ ૨૦૨૬-૨૦૨૭-૨૦૨૮.
- ૧૭ માસના મુંબઈ સમાચાર પંચાંગમાં સંવત-શકે-ઈસવીસન સહિત બે વર્ષના ભારતીય રાષ્ટ્રીય કેલેન્ડર તથા તહેવારોની વિગતો વર્ષ ૨૦૨૬-૨૦૨૭-૨૦૨૮.
- તિથિ-યોગ- નક્ષત્ર-કરણ (દિવસના બન્ને કરણ) ચંદ્ર રાશિ પ્રવેશ અને મુંબઈ, રાજકોટ, અમદાવાદના સૂર્યોદયાસ્ત- સાંપતિક કાળ- પારસી- મુસ્લિમ તારીખ સહિત, એક માત્ર આ પંચાંગમાં દૈનિક અભિજિત (વિજય) મુહૂર્ત સાથે.
- દૈનિક આવશ્યક શાસ્ત્રાર્થ (વ્રતવ્રતાદિ, ઋતુ ઉત્સવો, તહેવારો રોજિંદા ઉપયોગી મુહૂર્તો) સાથે જ શુભાશુભ દિવસની વિગતો.
- સામાન્યજનો પણ સહેલાઈથી જાણી શકે તે હેતુસર મહિલાઓનાં વ્રતોઃ બીજ, ચતુર્થી, એકાદશી, પૂર્ણિમા, અમાસ, સંકષ્ટ ચતુર્થી અને તેના ચંદ્રોદયના સમયનું વિવિધ શહેરોનું કોષ્ટક તથા પ્રદોષ, શિવરાત્રી, ફાંકડું ચોથનું ઘર - પંચક, વિંછુડો, પુષ્ય અને રોહિણી નક્ષત્ર- ભરતી-ઓટ કોષ્ટકો.
- સૂક્ષ્મતા-સ્પષ્ટતા અને શાસ્ત્રોક્ત નિયમોની જાણકારી સાથે ગણિત અને ફળાદેશ માટે જરૂરી તેવા કોષ્ટકો.
- સંવત ૨૦૮૩નું રાશિ ભવિષ્ય
- મુહૂર્ત મેળાપકના નિયમો અને ગુણાંક કોષ્ટક તેમ જ પૂજા કરાવવી ન પડે તે માટેના નિયમોને આધીન લગ્ન મુહૂર્તની તારીખોનું વર-કન્યાની રાશિ પ્રમાણે કોષ્ટક.
- ગ્રહોનો નક્ષત્ર પ્રવેશ સાથે અભિજીત નક્ષત્ર પ્રવેશ ને સમાપ્તિ, નવમાંશ ગ્રહોની યુતિ તથા સમાપ્તિ સમય.
- શૂન્ય કાળ (નિર્બળ) ચંદ્ર વિશે માહિતી અને તે સમયે શું કરવું શું ન કરવું તેની વિગત.
- ગુરુ-શુક્રનાં અસ્તકાળમાં વિવાહ કરી શકાય એવી અલગથી તારીખનો સમાવેશ કર્યો છે.
- મુહૂર્તો-પ્રવાસ (પ્રવેશ-પ્રયાણ) માટેની સૂક્ષ્મ માહિતી અને વ્રતનો ઉપયોગી સ્પષ્ટ સમય.

**સંશોધન સભર લેખો**

- ★ તિથિનિર્ધારણની પ્રાચીન અવધારણાઃ એક ગહન સંશોધન
- ★ શુભ ગુરુ – શુભ ભાગ્ય
- ★ પિતૃદોષ...
- ★ રાહુ અને કેતુ એક અભ્યાસ
- ★ વાસ્તુશાસ્ત્રમાં દ્વારદિશા માટે મહત્ત્વની માહિતી
- ★ નોકરી કરતા જાતકોઃ સ્વભાવ – ખાસિયત – ઉપાય
- ★ પરદેશગમનમાં નવમાંશ ડિસ્પોઝિટરનું મહત્ત્વ
- ★ સિંહ રાશિનું વિશેષ અવલોકન
- ★ સાત ચક્ર અને તેના થકી થનારા રોગો
- ★ ઘડીયાં લગ્ન (અચાનક) કયા ગ્રહ યોગથી થાય?

માહિતી માટે સંપર્ક કરોઃ ફોન નં. ૦૨૨-૨૨૦૪૫૫૩૧-૩૩ **મુંબઈ સમાચાર** રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

**ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી** ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧. ફોનઃ (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્સઃ (૦૨૨) ૨૨૬૯૧૨૩૬


## નારાયણ સાંઈને ઝટકો, જનમટીપ પર સ્ટેનો કોર્ટનો ઇનકાર

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે શુક્રવારે આસારામના પુત્ર નારાયણ સાઇને ૨૦૧૩ના બળાત્કાર કેસમાં ફટકારવામાં આવેલી આજીવન કેદની સજા પર રોક લગાવવાનો ઇનકાર કર્યો હતો. જોકે, કોર્ટે ગુજરાત હાઇ કોર્ટને કહ્યું હતું કે તેની નારાયણ સાઇની સજા સામેની પેન્ડિંગ અપીલનો ત્રણ મહિનાની અંદર નિકાલ કરવાનો પ્રયાસ કરવામાં આવે. જસ્ટિસ એમ.એમ. સુંદરેશ અને જસ્ટિસ પી.બી. વરાલેની બેન્ચે કહ્યું હતું કે, અમે હાઇ કોર્ટને અનુરોધ કરીએ છીએ (જુઓ પાનું ૨) ▸▸

## અમરેલી જિલ્લામાં આરોગ્ય ક્ષેત્રે વિકાસને વેગઃ પ્રફુલ્લ પાનસેરિયાના હસ્તે કરોડોના આરોગ્ય પ્રોજેક્ટોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમરેલીઃ રાજ્યમાં આરોગ્ય સુવિધાઓને વધુ મજબૂત બનાવવા ગુજરાત સરકાર દ્વારા સતત વિકાસકાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે. તેના ભાગરૂપે ગુજરાત રાજ્યના આરોગ્ય પ્રધાન પ્રફુલ્લ પાનસેરિયા અમરેલી જિલ્લાના પ્રવાસે આવ્યા હતા. તેમણે સાવરકુંડલા તાલુકાના જૂનાસાવર, આંબરડી અને સાવરકુંડલા ખાતે કરોડો રૂપિયાના વિવિધ આરોગ્ય પ્રોજેક્ટોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમોમાં હાજરી આપી હતી.

પ્રવાસ દરમિયાન જૂનાસાવર ખાતે અંદાજે રૂ. ૧.૫૦ કરોડ (૧૫૦ લાખ)ના ખર્ચે નિર્માણ પામેલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (પીએચસી)નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત આંબરડી ગામે અંદાજે રૂ. ૧.૩૦ કરોડ (૧૩૦ લાખ)ના ખર્ચે તૈયાર થયેલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું પણ ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. બંને આરોગ્ય કેન્દ્રો શરૂ થતાં ગ્રામ્ય વિસ્તારોના હજારો લોકોને વધુ સારી અને સુલભ આરોગ્ય સેવાઓનો લાભ મળશે. આ સાથે સાવરકુંડલા શહેરમાં અંદાજે રૂ. ૫૦૫ કરોડના ખર્ચે નિર્માણ પામનારી આધુનિક મલ્ટી સ્પેશ્યાલિસ્ટ સિવિલ હોસ્પિટલનું ખાતમુહૂર્ત પણ આરોગ્ય પ્રધાનના હસ્તે કરવામાં આવ્યું હતું. હોસ્પિટલ કાર્યરત બન્યા બાદ સાવરકુંડલા સહિત આસપાસના તાલુકાઓના દર્દીઓને વિશેષ સારવાર માટે અન્ય શહેરોમાં જવાની જરૂરિયાત ઘટશે અને સ્થાનિક સ્તરે જ આધુનિક આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થશે.

કાર્યક્રમમાં ધારાસભ્ય મહેશ કસવાળા, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ મેહુલ ત્રિવેદી કેશુભાઈ વાઘેલા વિજય સિંહ વાઘેલા અગ્રણી જિલ્લા અને તાલુકા સ્તરના અધિકારીઓ, આરોગ્ય વિભાગના અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં આગેવાનો અને સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. પ્રવાસ દરમિયાન પત્રકારો સાથે વાતચીતમાં આરોગ્ય પ્રધાન પ્રફુલ્લ પાનસેરીયાએ રાજ્યમાં ભેળસેળયુક્ત ડેરી ઉત્પાદનો સામે સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી કાર્યવાહી અંગે પણ મહત્ત્વપૂર્ણ નિવેદન આપ્યું હતું. જેમ દરેક પરિવાર ફેમિલી ડોક્ટર રાખે છે, તેવી જ રીતે હવે ‘ફેમિલી ફાર્મર’ની સંકલ્પના પર પણ રાજ્ય સરકાર કાર્ય કરી રહી છે, જેથી લોકોને શુદ્ધ અને ગુણવત્તાયુક્ત ખાદ્યપદાર્થો મળી રહે.

પ્રધાનએ જણાવ્યું કે એનાલોગ પનીર, બટર અને ચીઝ જેવા ભેળસેળયુક્ત ઉત્પાદનોના વેચાણ સામે રાજ્ય સરકારે કડક વલણ અપનાવ્યું છે. સરકાર દ્વારા આ અંગે ગેઝેટ જાહેર કરવામાં આવ્યું છે અને લોકોના આરોગ્ય સાથે ચેડાં કરનાર કોઈપણ ભેળસેળિયા માફિયાને બક્ષવામાં નહીં આવે. ■

## થાઈલેન્ડની શાળામાં અંધાધૂંધ ગોળીબારઃ સાતનાં મોત

નોન્થાબુરીઃ થાઇલેન્ડના નોન્થાબુરી પ્રાંતમાં શુક્રવારે એક વિદ્યાર્થીએ હાઇસ્કૂલમાં ગોળીબાર કર્યો હતો. આ ઘટનામાં ત્રણ શિક્ષકો અને ચાર વિદ્યાર્થીઓના મોત નીપજ્યા હતા. જ્યારે ૧૫ લોકો ઘાયલ થયા હતા. આ જાણકારી પોલીસે આપી હતી.

રોયલ થાઈ પોલીસના પ્રવક્તા ટ્રાઇરોંગ પિવપાને જણાવ્યું કે ગોળીબાર બેંગકોકના ઉત્તર-પશ્ચિમમાં આવેલા (જુઓ પાનું ૨) ▸▸

## મોરબીના જેતપરમાં ખેડૂત આંદોલન ફરી તેજ, રાકેશ ટિકૈતની હાજરીમાં આજે ખેડૂત પંચાયત યોજાશે

અમદાવાદઃ મોરબી જિલ્લાના જેતપર ગામે ખાનગી વીજ કંપનીઓ દ્વારા ખેતરોમાં પસાર કરવામાં આવતી હાઈટેન્શન લાઈનો અને વીજપોલના યોગ્ય વળતર તથા કૌભાંડ સામે ખેડૂતોનું આંદોલન હવે અત્યંત નિર્ણાયક તબક્કામાં પ્રવેશી ચૂક્યું છે. પોતાના અધિકારો માટે જેતપર ગામના ખેડૂતો વીજ લાઈન અને પોલ નાખવાના મુદ્દે આશરે બે મહિના જેટલા સમયથી આંદોલન કરી રહ્યા છે. જેમાં સામેલ થવા દેશના અગ્રણી ખેડૂત નેતા રાકેશ ટિકૈત ૮ ઓગસ્ટે ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. તેઓ મોરબીના રવાપર ચોકમાં વિશાળ ખેડૂત મહાસભાને સંબોધશે અને જેતપર છાવણીની મુલાકાત લેશે. તેમની સાથે ખેડૂત નેતા યુદ્ધવીરસિંહજી પણ ઉપસ્થિત રહેશે. મોરબીના મનોજ પનારાએ આ અંગે સત્તાવાર જાહેરાત કરી હતી. ખેડૂત આંદોલન અંતર્ગત મોરબી જિલ્લાનાં ૨૯ ગામો વાઘપર, જીકીયારી, વિશાલનગર, ખીરઈ, રોહીશાળા, શાપર, જસમતગઢ, રંગપરુ, બેલા, પીપળી, લક્ષ્મીનગર, નવા સાદુળકા, ભરતનગર, ધરમપુર, ટીંબડી, હરીપર, કેરાળા, ભક્તિનગર, કુંભારિયા, રવાપર (નદી), દાદાશ્રીનગર, રોટરી ગામ (અમરનગર), કૃષ્ણનગર, ગુંગણ, ગાળા, પીલુડી, નવા દેવળિયા, જબલપુરમાં ભાજપના બહિષ્કારના બેનર લાગ્યા છે. જેમાં લોકોએ ચૂંટણીમાં ભાજપના નેતાઓએ મત માગવા આવવું નહીં તેમ લખવામાં આવ્યું છે.

જેના કારણે ભાજપના નેતાઓની ચિંતા વધી ગઈ છે. મોરબીના જેતપરમાં છેલ્લાં થોડા દિવસોથી ખેતરોમાં વીજપોલ નાખવાને લઈ ખેડૂતો આંદોલન કરી રહ્યા છે. જેમાં રાજ્ય સરકારના પ્રધાન કાંતિ અમૃતિયાના ભાઈ રાકેશભાઈ અમૃતિયા પણ સક્રિય છે. આંદોલન દરમિયાન તેઓ આમરણાંત ઉપવાસ પર ઉતર્યા હતા. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મોદી સરકાર પ્લેનના બળતણમાં પણ ઈથેનોલ ભેળવવાની છે?

**કાર** સહિતનાં વાહનોમાં ઈથેનોલની મિલાવટનું પેટ્રોલ વેચવા સામેનો કકળાટ હજુ પત્યો નથી છે ત્યાં વિમાનોમાં વપરાતા એર ટર્બાઈન ફ્યુઅલ (એટીએફ)માં ઈથેનોલ ભેળવવાની કેન્દ્ર સરકારે છૂટ આપી દીધી હોવાનો નવો કકળાટ ઊભો થઈ ગયો છે. આમ આદમી પાર્ટીના મુખિયા અરવિંદ કેજરીવાલે આક્ષેપ કરેલો કે, કેન્દ્ર સરકાર હવે એટીએફમાં પણ ઈથેનોલ ભેળવવા માગે છે કે જેથી સસ્તું પડે, પણ ઈથેનોલ ભેળવવાથી પ્લેનનાં એન્જિનને નુકસાન થાય એટલે તૂટી પડવાનો ખતરો ઊભો થાય છે. મતલબ કે, સરકાર વિમાની મુસાફરીને જોખમી બનાવી રહી છે અને પ્રવાસીઓના જીવનું જોખમ ઊભું કરી રહી છે. એર ટર્બાઈન ફ્યુઅલ અત્યંત શુદ્ધ પેટ્રોલિયમ પ્રોડક્ટ છે તેથી સૌથી અસરકારક અને સલામત મનાય છે. તેમાં ભેળસેળ કરીને શુદ્ધતા ઘટાડાય તો જોખમી બની શકે.

કેજરીવાલે એવો દાવો પણ કર્યો છે કે, મોદી સરકાર તો ડીઝલમાં પણ ઈથેનોલની ભેળસેળ કરવા માગે છે તેથી લોકો કાર સહિતનાં પેટ્રોલ-ડીઝલથી ચાલતાં નવાં વાહનો ખરીદવાનું ટાળે. કેજરીવાલના દાવા પ્રમાણે, અત્યારે ઈ-૨૦ એટલે કે પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલની મિલાવટ મુદ્દે દેકારો મચેલો છે એટલે સરકાર રોકાઈ ગઈ છે. બાકી સરકારનો ઈરાદો તો પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલની મિલાવટની મંજૂરી આપી દેવાનો છે. મોદી સરકાર દેકારો શમે તેની જ રાહ જોઈ રહી છે. એક વાર માહોલ શાંત થઈ જાય એટલે ઈ-૫૦ લાવી દેવાશે. આ સંજોગોમાં તમે નવું ઇ-૨૦ વાહન ખરીદ્યું હોય તો એ ઈ-૫૦ પેટ્રોલ પર નહીં ચાલે એટલે હમણાં વાહનની ખરીદીનો વિચાર હોય તો માંડી જ વાળજો.

કેજરીવાલની વાતને નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ટાઢા પહોરનું ગપ્પું ગણાવ્યું છે. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુએ ચોખવટ કરી છે કે, કેન્દ્ર સરકારનો વિમાનના ઇંધણમાં ઇથેનોલ ભેળવવાની કોઈ યોજના નથી અને વિમાન સુરક્ષા અંગે આવી ખોટી માહિતી કે અફવાઓ ફેલાવીને પ્લેનની મુસાફરી જોખમી હોવાનો ખોટો ડર અને ચિંતા પેદા કરાઈ રહી છે. નાગરિક ઉડ્ડયને એ પણ સ્પષ્ટતા કરી છે કે, મુસાફરોની સુરક્ષાને જોખમમાં મૂકે તેવું કોઈ અસુરક્ષિત કે કાચું બળતણ વિમાનોમાં વાપરવામાં આવતું નથી તેથી આ પ્રકારની અફવાઓથી દૂર રહેવુ જોઈએ. સરકારે ઈથેનોલ ભેળવવાની છૂટ માત્ર ફોર વ્હીલર્સ અને ટુ વ્હીલર્સમાં વપરાતા પેટ્રોલ માટે જ આપી છે તેથી ચિંતા કરવાનું છોડી દો.

ભાજપે પણ આ વિવાદમાં ઝંપલાવ્યું છે. ભાજપના આઈટી સેલના વડા અમિત માલવિયે કેજરીવાલને ફેક ન્યૂઝના ચેમ્પિયન ગણાવીને કહ્યું છે કે, સરકારે વિમાનોમાં સસ્ટેનેબલ એવિએશન ફ્યુઅલ (એસએએફ)ની મંજૂરી આપી છે પણ કેજરીવાલ ઈથેનોલની મંજૂરી અપાઈ હોવાનો દાવો કરીને જૂઠાણાં ફેલાવી રહ્યા છે. માલવિયના કહેવા પ્રમાણે, એસએએફ પણ એટીએફ જેટલું જ અસરકારક છે અને દુનિયાના ઘણા દેશોમાં વિમાનોમાં વપરાય છે.

માલવિય કેજરીવાલને જૂઠા ગણાવે છે પણ એ પોતે પણ સો ટકા સત્ય તો નથી કહી રહ્યા. પેટ્રોલિયમ અને કુદરતી ગૅસ મંત્રાલયે ૧૭ એપ્રિલ ૨૦૨૬ના જાહેરનામા દ્વારા એવિએશન ટર્બાઇન ફ્યુઅલ (એટીએફ)ના નિયમોમાં ફેરફાર કર્યો તેમાં એવિએશન ટર્બાઇન ફ્યુઅલમાં સિન્થેસાઇઝ્ડ હાઇડ્રોકાર્બનને ભેળવવાની મંજૂરી આપી જ છે. પેટ્રોલિયમ મંત્રાલયે 'એવિએશન ટર્બાઇન ફ્યુઅલ (રેગ્યુલેશન ઓફ માર્કેટિંગ) ઑર્ડર, ૨૦૦૧'માં સુધારો કરીને એટીએફની વ્યાખ્યા અને તેના નિયમનની રીતને અપડેટ કરી તેમાં આ ફેરફાર કરાયો છે.

સિન્થેસાઇઝ્ડ હાઇડ્રોકાર્બન મુખ્યત્વે શેરડી, વપરાયેલા ખાદ્ય તેલ, કૃષિ અવશેષો વગેરે સિન્થેટિક ફ્યુઅલ જેવા બાયો-ફીડમાંથી બને છે. માલવિયની એ વાત સાચી છે કે, એસએએફથી પ્લેન ચાલે છે પણ પ્લેન શુદ્ધ એસએએફથી ચાલે છે જ્યારે આપણે ત્યાં એટીએફમાં મિલાવટની છૂટ અપાયેલી છે તેથી તેમની વાતમાં જૂઠાણાનો અંશ છે જ. અલબત્ત, એસએએફ વિમાનો માટે જોખમી નથી. એસએએફને પરંપરાગત રીતે વિમાનોમાં વપરાતા એટીએફનો સ્વચ્છ વિકલ્પ માનવામાં આવે છે. એસએએફ વિમાનની સિસ્ટમમાં ફેરફાર કર્યા વિના કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં પણ મદદરૂપ છે તેથી એ ખરાબ વિકલ્પ નથી.

અત્યારે ચાલતાં પ્લેનનાં એન્જિનને તેના કારણે ખરાબ અસર થઈ હોય કે કોઈ દુર્ઘટના બની હોય એવું પણ કદી બન્યું નથી. તેના કારણે પ્રવાસીઓની સલામતી સામે ખતરાની કેજરીવાલની વાતમાં દમ નથી. ઈથેનોલ અને એસએએફ બંને સાવ અલગ પણ છે એ જોતાં કેજરીવાલની વાત તો સાવ જૂઠાણું જ છે તેમાં શંકા નથી.

એસએએફને સ્વચ્છ બળતણ માનવામાં આવે છે પણ દુનિયામાં તેનો ઉપાડ ને વપરાશ બહુ નથી એ હકીકત છે. તેનું કારણ એ કે, એસએએફ બહુ મોંઘું પડે છે. એટીએફ કરતાં એસએએફ ત્રણ ગણું મોંઘું છે. આ કારણે વિશ્વમાં પ્લેન ઉડાડવા માટે વપરાતા ફ્યુઅલમાં એસએએફનો હિસ્સો એક ટકા પણ નથી. છેલ્લા આંકડા પ્રમાણે માંડ ૦.૩ ટકા એસએએફ વપરાય છે. ઘણા દેશો એટીએફ પરની નિર્ભરતા ઘટાડવા માટે સબસિડી આપે છે, ટેક્સ ઓછો લે છે છતાં એસએએફ મોંઘું પડે છે તેથી દુનિયાની મોટી મોટી એરલાઈન્સ એસએએફ તરફ નથી વળી રહી. દુનિયામાં સૌથી વધારે એસએએફનો વપરાશ કરનારી કંપની અલાસ્કા એરલાઇન્સ કુલ ફ્યુઅલ વપરાશમાં એસએએફનો હિસ્સો માત્ર ૦.૬૮ ટકા છે. યુનાઇટેડ, ડેલ્ટા અને જેટબ્લુ સહિતની બીજી ટોચની એરલાઇન્સે તો સાવ નહિવત પ્રમાણમાં એસએએફનો ઉપયોગ કરે છે. એસએએફનો ઉપાડ ઓછો હોવાથી તેનો ઉત્પાદન ખર્ચ વધારે છે એ જોતાં વપરાશ વધે તો ભાવ ઘટે પણ એરલાઈન્સ અત્યારે ખર્ચ ઓછો આવે તેનો જ વિચાર કરે તેથી ભવિષ્યમાં ફાયદો થશે એમ વિચારીને એસએએફ વાપરતી નથી.

ભારતમાં વિમાની સેવાનો ઉપયોગ બહુ નથી થતો છતાં તેના માટેના ફ્યુઅલનો બોજ તો દેશ પર પડે જ છે કેમ કે એટીએફ ક્રૂડ ઓઈલમાંથી જ બને છે. આ સંજોગોમાં ભારતે પણ વૈકલ્પિક બળતણ વિશે વિચારવાની તો જરૂર છે જ. ભારતમાં ૨૦૧૮માં બાયોફ્યુઅલ પર પ્લેન ઉડાડવાનો પ્રયોગ સફળતાપૂર્વક કરાયેલો પણ પછી વાત આગળ વધી જ નહીં. દિલ્હીથી દહેરાદૂન વચ્ચેની આ ફ્લાઈટે દહેરાદૂન-દિલ્હી વચ્ચેનું અંતર ૨૫ મિનિટમાં પૂરું કર્યું હતું.

આ ફ્લાઈટ ભારતની પહેલી બાયોફ્યુઅલ ફ્લાઈટ હતી તેથી એક ઈતિહાસ રચાઈ ગયો હતો. આ ઉડાન સાથે બાયોફ્યુઅલ વિમાન ઉડાડનારા ગણ્યાગાંઠ્યા દેશોની ક્લબમાં ભારત આવી ગયેલો. ભારત પહેલાં માત્ર અમેરિકા, ઓસ્ટ્રેલિયા, કેનેડાને જ બાયોફ્યુઅલ વિમાન ઉડાવવામાં સફળતા મળી છે એ જોતાં હવે આપણે આ મોટા દેશોની હરોળમાં આવી ગયા હતા જ્યારે બાયોફ્યુઅલ ફ્લાઈટ ઉડાડનારો તો ભારત દુનિયાનો પ્રથમ વિકાસશીલ દેશ બન્યો હતો. કમનસીબે આ પ્રયોગ ત્યાં જ પતી ગયો. ભારતે ખરેખર આવાં સાહસોને પોષવાની જરૂર છે પણ આપણા નેતાઓને વધારે રસ રાજકારણમાં છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌરવર્ષાઋતુ, શનિવાર, તા. ૮-૮-૨૦૨૬

- ભારતીય દિનાંક ૧૭, માહે શ્રાવણ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, આષાઢ વદ -૧૦
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે આષાઢ, તિથિ વદ -૧૦
- પારસી શહેનશાહી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૪મો દીન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૨૧મો રામ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૪મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૨૫મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- નક્ષત્ર રોહિણી સાંજે ક. ૧૬-૫૦ સુધી, પછી મૃગશીર્ષ
- ચંદ્ર વૃષભમાં મધ્યરાત્રિ પછી ક. ૨૭-૪૮ સુધી (તા. ૯) પછી મિથુનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભમાં (બ, વ, ઉ), મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૯, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૪, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૯, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૬, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : સવારે ક. ૦૭-૫૦, સાંજે ક. ૧૮-૫૬
- ઓટઃ ક. ૧૩-૪૨, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૫૮ (તા. ૯)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, આષાઢ કૃષ્ણ – દસમી. સૂર્ય મહાનક્ષત્ર આશ્લેષા, વાહન હાથી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શનિ-ચંદ્ર ગ્રહદેવતાનું પૂજન, પ્રજાપતિ દેવતાનું પૂજન, ૐ પ્રજાપતયે નમઃ ના મંત્ર જાપ કરવા, ધ્રુવ દેવતાનું પૂજન, હનુમાનચાલીસા સુંદરકાંડ વાંચન, મુંડન કરાવવું નહિ, પાટઅભિષેક પૂજા, બગીચાના કામકાજ, ધજાકળશ પતાકા ચઢાવવી, બી વાવવું, ધાન્ય વેંચવું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, વિનાયક પૂજા, લાંબા સમયના ઉપયોગી કાર્યો, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ પાઠ વાંચન.
- આચમનઃ ચંદ્ર-બુધ અર્ધચતુષ્કોણ ચાલાક, ચંદ્ર-સૂર્ય અર્ધત્રિકોણ લોકોમાં માનીતા.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ અર્ધચતુષ્કોણ, ચંદ્ર-સૂર્ય અર્ધત્રિકોણ. બુધ પુષ્ય નક્ષત્ર પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-મિથુન, માર્ગી બુધ-કર્ક, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# અમેરિકા ભારતનું સૌથી મોટો એલપીજી સપ્લાયર

નવી દિલ્હીઃ વૈશ્વિક ઊર્જા સંકટ અને ભૂરાજકીય અસ્થિરતા વચ્ચે ભારતની ઊર્જા આયાત પેટર્નમાં એક મોટો વ્યૂહાત્મક ફેરફાર આવ્યો છે. કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીના જણાવ્યા અનુસાર, અમેરિકા હવે દેશના સૌથી મોટા સપ્લાયર તરીકે ઊભરી આવ્યું છે, જે ભારતની કુલ એલપીજી આયાતનો આશરે ૬૭ ટકા હિસ્સો ધરાવે છે. આ આંકડો ઐતિહાસિક છે કારણ કે ચાલુ વર્ષની શરૂઆતમાં સરકારે અમેરિકામાંથી તેની કુલ એલપીજી જરૂરિયાતના માત્ર ૧૦ ટકા આયાત કરવાની યોજના બનાવી હતી. આ ઝડપી પરિવર્તન માત્ર ભારતની વ્યૂહાત્મક કુશળતા જ દર્શાવે છે, પરંતુ વૈશ્વિક આંચકાઓથી તેના સ્થાનિક અર્થતંત્રને સુરક્ષિત રાખવાની ભારતની વધતી જતી ક્ષમતાને પણ દર્શાવે છે.

આ વર્ષે ભારતે અમેરિકામાંથી એલપીજીના આયાતમાં વધારો કર્યો છે. કારણ કે અમેરિકા-ઇરાન વચ્ચેના વધતા તણાવના કારણે સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં અચડણ ઉભી થઈ છે અને ખાડી દેશોમાંથી થતા સપ્લાયમાં ઘટાડો થયો છે. કોમોડિટી એનાલિટિક્સ ફર્મ કેપ્લરના ડેટાના જણાવ્યા અનુસાર, અમેરિકાએ જાન્યુઆરીથી જુલાઈ, ૨૦૨૬ વચ્ચે ભારતને ૩૬ લાખ ટન એલપીજી ગેસની સપ્લાય કરી હતી. દરમિયાન યુએઈ, સઉદી અરેબિયા, કતાર અને કુવૈતમાંથી કુલ મળીને ૫૩ લાખ ટન એલપીજી ગેસ સપ્લાય કર્યો હતો. આ પરિવર્તન ભારતની આયાત પેટર્નમાં નોંધપાત્ર ફેરફાર દર્શાવે છે. સંઘર્ષ પહેલા ભારતમાં આયાત કરાયેલ એલપીજીનો લગભગ ૯૦ ટકા હિસ્સો હોર્મુઝ સ્ટ્રેટ મારફતે ગલ્ફ દેશોમાંથી આવતો હતો. ભારત તેની કુલ એલપીજી જરૂરિયાતના લગભગ ૬૦ ટકા આયાત કરે છે. ટોચના એલપીજી સપ્લાયર તરીકે અમેરિકા ગલ્ફ દેશોને પાછળ છોડી દીધા છે.

# તાક્સિંગમાં ચીનની ઘૂસણખોરીના હેવાલની ચકાસણી કરાશેઃ સરકાર

ઈટાનગરઃ અરુણાચલ પ્રદેશના મુખ્ય પ્રધાન પેમા ખંડુએ શુક્રવારે કહ્યું હતું કે સુબનસિરી જિલ્લાના તાક્સિંગ વિસ્તારમાં ચીની ઘૂસણખોરીના કથિત અહેવાલની અમારી સરકાર ચકાસણી કરશે. આ અહેવાલ અંગે કોઈ પણ નિષ્કર્ષ પર પહોંચતા પહેલાં દેશની સેના અને સ્થાનિક લોકો સાથે મળીને આ મામલે ચકાસણી કરવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું. તથ્યાત્મક પુષ્ટિ વિના અમે આવા અહેવાલો પર વિશ્વાસ કરતા નથી, એમ તેમણે કહ્યું હતું. નાહ વેલ્ફેર સોસાયટી (એનડબ્લ્યુએસ)ના સભ્યોને અમે બોલાવ્યા છે અને હું જાતે આ મામલાની ચકાસણી કરીશ એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે હું ભારતીય સેના સાથે વાતચીત કરી ઘટનાસ્થળની સ્થિતિ અંગે ખરાઈ કરીશ. સરહદ પર ભારતીય સેનાની ઉપસ્થિતિ અંગે વિશ્વાસ વ્યક્ત કરતા તેમણે કહ્યું હતું કે દેશની સુરક્ષા કરવાની જવાબદારી સેના ખૂબ જ અસરકારતાપૂર્વક નિભાવી રહી છે અને સરકાર કોઈ પણ નિવેદન કરતાં અગાઉ હકીકતોની ખાતરી કરશે. એનડબ્લ્યુએસ દ્વારા કરવામાં આવેલા દાવા મુજબ ચીનના પીપલ્સ લિબરેસન આર્મી (પીએલએ)ના જવાનો તાક્સિંગ સર્કલમાં યાજા અને યોન્ગો ગામો નજીકના વિસ્તારોમાં વાસ્તવિક નિયંત્રણ રેખાની નજીક પ્રવેશ્યા હતા. તેમણએ દાવો કર્યો હતો કે ચીની સૈનિકો અમારા ઘરના આંગણા સુધી પહોંચી ગયા હતા. ચીની સૈનિકો ૧૫થી ૧૬ કિ.મી. જેટલા અંદર આવી ગયા હોવાનો આક્ષેપ પણ તેમણે કર્યો હતો. (એજન્સી)

# અન્કલ અમરિન્દર મારા ફેવરિટઃ રાહુલ

નવી દિલ્હીઃ ગાંધી પરિવાર સાથેના મારા અંગત સંબંધો કાયમ રહેશે, પરંતુ મારી રાજકીય પ્રતિબદ્ધતા ભાજપ સાથે હશે, એમ કૉંગ્રેસના ભૂતપૂર્વ નેતા કેપ્ટન અમરિન્દર સિંહે શુક્રવારે કહ્યું હતું.

રાહુલ ગાંધી તમને અન્કલ કહીને બોલાવે છે અને એકદમ 'કૂલ' વ્યક્તિ લેખાવે છે એ પ્રકારના પુછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતાં અમરિન્દર સિંહે ઉપરોક્ત નિવેદન કર્યું હતું.

ગુરુવારે રાત્રે સોશ્યલ મીડિયા પર પૉસ્ટ કરેલા વીડિયોમાં રાહુલે ભાજપના અમરિન્દર સિંહને પોતાના માનીતા નેતા લેખાવ્યા હતા.

મેં તેમની સાથે ઘણો સમય વીતાવ્યો છે તેઓ એકદમ શાંત પ્રકૃતિના માણસ છે એમ જણાવતાં રાહુલે કહ્યું હતું કે તેઓ સેનાના ઈતિહાસને મામલે નિપુણ છે.

આ સાથે જ ચૂંટણી અગાઉ અમરિન્દર ફરી કોંગ્રેસમાં જોડાય તેવી વહેતી થયેલી

અટકળોનો અંત આવ્યો હતો.

રાહુલના નિવેદન અંગે પ્રતિક્રિયા આપતા અમરન્દિરે કહ્યું હતું કે રાહુલ મારા માટે સારું બોલી રહ્યા છે એ સારી વાત છે.

રાહુલ અને પ્રિયંકા બાળક હતા ત્યારથી હું તેમને ઓળખું છું, તેમના પિતા રાજીવ ગાંધી મારા સહાધ્યાયી અને મિત્ર હતા, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

# વાઈટ હાઉસના બૉલરૂમનું બાંધકામ રોકવા કોર્ટનો ટ્રમ્પને આદેશ

વૉશિંગ્ટનઃ અમેરિકાની એક અપીલ્સ કોર્ટે જણાવ્યું હતું કે પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે વાઇટ હાઉસનો સૂચિત બૉલરૂમ બાંધવા માટે કૉંગ્રેસની મંજૂરી લેવી જોઇએ અને કૉંગ્રેસની જ્યાં સુધી બહાલી ન મળે ત્યાં સુધી આ બૉલરૂમ બાંધવાનું બંધ કરવું જોઇએ.વાઇટ હાઉસનો સૂચિત બૉલરૂમ બાંધવાનું રોકવા અદાલતમાં અરજી કરનારા ઐતિહાસિક ધરોહરની જાળવણી માટે કામ કરનારાઓની તરફેણમાં અમેરિકાની અદાલતે ચુકાદો આપ્યો હતો. આમ છતાં, અદાલતે એવું પણ જણાવ્યું હતું કે ટ્રમ્પનું વહીવટીતંત્ર અમેરિકાની સુપ્રીમ કોર્ટમાં અરજી કરી શકે, તે માટે અમે અમારા આદેશનો અમલ બે અઠવાડિયાં માટે મુલતવી રાખીએ છીએ. (એજન્સી)

# પંજાબમાં નવા સમીકરણ?ઃ મોદી અને સુખબીરસિંહ બાદલ મળ્યા

નવી દિલ્હીઃ પંજાબ વિધાનસભા ચૂંટણી માટે રાજકીય પક્ષો અત્યારથી જ સક્રિય થયા છે. જેમાં શિરોમણી અકાલી દળના વડા સુખબીર સિંહ બાદલે શુક્રવારે દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. આ બેઠકને પગલે રાજકીય વર્તુળોમાં પુનઃ ગઠબંધન અનેક અટકળો શરૂ થઇ છે.

શિરોમણી અકાલી દળના વડા સુખબીર સિંહ બાદલ ગઈ કાલે દિલ્હીમાં સંસદ ભવનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. વર્ષ ૨૦૨૦ માં ખેડૂતોના આંદોલનના કારણે અકાલી દળે ભાજપ સાથેનું પીએમ વર્ષ જૂનું ગઠબંધન તોડીને એનડીએ પણ છોડી દીધું હતું.

## પહેલા પાનાનું ચાલુ

### મોરબીની અજાયબી

ધરી હતી.

ખેડૂતના જણાવ્યા મુજબ, તેમણે આ કુવો આશરે ત્રણ મહિના પહેલા જ બનાવડાવ્યો હતો. ૨ ઑગસ્ટના રોજ જ્યારે તેઓ ખેતરે ગયાં ત્યારે તેમણે જોયું કે કૂવાનું પાણી છલકાઈને બહાર આવી રહ્યું હતું અને તેમાં દરિયાની જેમ સળવળાટ તથા મોજાં ઉછળી રહ્યા હતા. આ હલચલ મંગળવારે થોડી વાર માટે ઘટી હતી, પરંતુ બુધવાર અને ગુરુવારે ફરીથી શરૂ થઈ ગઈ હતી. જેથી શંકા અને ચિંતા વધી ગઈ હતી. તે પછી આસપાસના લોકોને જાણ થતાં મોટી સંખ્યામાં લોકો પણ અહીં ઘટનાને જોવા માટે ઊમટી પડ્યાં હતાં.

પાણીની આ વિચિત્ર હિલચાલ ભૂકંપના કારણે થતી હોવાની અફવા શરૂ થઈ હતી. જો કે, ગાંધીનગરસ્થિત 'ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજિકલ રિસર્ચ' અને મોરબીના જિયોલોજિસ્ટ જે. એસ. વાઢેર દ્વારા આ બાબત સ્પષ્ટપણે ફગાવી દેવામાં આવી છે. તેમણે જણાવ્યું કે આ વિસ્તારમાં કોઈ સક્રિય ફૉલ્ટ લાઇન (ભૂકંપીય દરાર) નથી અને ભૂકંપનો કોઈ ખતરો નથી. હાલમાં તંત્ર દ્વારા આ કૂવા પર સતત નજર રાખવામાં આવી રહી છે.

આ એક સંપૂર્ણપણે કુદરતી હાઇડ્રો-જિયોલોજિકલ પ્રક્રિયા હોવાનું તંત્રએ જણાવ્યું હતું. ભૂ-વૈજ્ઞાનિકોની પ્રાથમિક તપાસમાં બહાર આવેલા તારણ પ્રમાણે આ વિસ્તારમાં તાજેતરમાં થયેલા ભારે વરસાદને કારણે જમીન અંદરના જળ-ભંડારો ખૂબ જ ઝડપથી ભરાઈ ગયા છે. બીજા કારણેની વાત કરવામાં આવે તો, જમીન અને પથ્થરો વચ્ચેની ખાલી જગ્યાઓમાં ફસાયેલી હવા ભૂગર્ભજળના સતત વધતા સ્તરને કારણે બહાર નીકળવાનો પ્રયાસ કરી રહી છે. પથ્થરોની તિરાડોમાંથી અંદર ફસાયેલી હવા જ્યારે દબાણ સાથે ઉપર કૂવાના પાણીમાંથી બહાર નીકળે છે, ત્યારે પાણીની સપાટી પર સતત મોજાં અને હલચલ ઉત્પન્ન થાય છે.

### એનટીએના

નીટ પેપર લીકના માસ્ટરમાઈન્ડ એનટીએના ત્રણ વિષય નિષ્ણાતો હતા જેમાં રસાયણશાસ્ત્ર માટે પી.વી. કુલકર્ણી, ભૌતિકશાસ્ત્ર માટે મનીષા સંજય હવલદાર અને વનસ્પતિશાસ્ત્ર અને પ્રાણીશાસ્ત્ર માટે મનીષા ગુરુનાથ મંધારેનો સમાવેશ થાય છે.

એજન્સીએ તાજેતરમાં પોતાના અંતિમ રિપોર્ટમાં એ ખાસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં સોંપવામાં આવી છે જે પેપર લીક અને સાર્વજનિક પરીક્ષાઓમાં અન્ય અયોગ્ય માધ્યમોના ઉપયોગ સાથે જોડાયેલા ફોજદારી કેસની સુનાવણી કરે છે. તપાસમાં જાણવા મળ્યું હતું કે આ ત્રણેય નિષ્ણાંતોને અનુવાદ/બેક અનુવાદ દરમિયાન રફ વર્ક માટે ગોપનીય સેક્શનની અંદર સાદા કાગળ આપવામાં આવ્યા હતા.

ચાર્જશીટમાં કહેવામાં આવ્યું હતું કે આરોપી પી. વી. કુલકર્ણી (જે પેપર લીકનો માસ્ટરમાઈન્ડ છે) એ આ કાગળનો ઉપયોગ રસાયણશાસ્ત્રના તમામ ૧૩૫ પ્રશ્નો અને તેના જવાબોને વિકલ્પોને ટૂંકમાં નોંધવા માટે કર્યો હતો અને તેમને ગુપ્ત રીતે બહાર લઈ ગયા હતા. તેમાં કહેવામાં આવ્યું છે કે એનટીએના ગોપનીય વિભાગમાંથી પ્રવેશ અથવા બહાર નીકળતી વખતે નિષ્ણાતોની કોઈ તપાસ કરવામાં આવી ન હતી. કુલકર્ણીએ સરળ પ્રશ્નો યાદ રાખ્યા અને હોટલ પરત ફર્યા પછી તેમને લખી નાખ્યા હતા.મનિષા મંધારે હોટલના રૂમમાં પાછા ફર્યા પછી એનસીઈઆરટી પાઠ્યપુસ્તકોમાં સંબંધિત ફકરાઓને ચિહ્નિત કરતા હતા. અંતિમ અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે રાષ્ટ્રીય રાજધાનીમાં એનટીએ કાર્યાલયમાં કોઈ સમર્પિત સીસીટીવી લાઇવ ફીડ મોનિટરિંગ કંટ્રોલ રૂમ ન હોવાથી આ નિષ્ણાતોની હરકત ધ્યાનમાં આવી નહોતી.

તેમાં કહેવામાં આવ્યું છે કે પ્રશ્નો તેજસ હર્ષદકુમાર શાહ, ડો મનોજ બાગવાનરાવ શિરુરે, શિવરાજ મોટેગાંવકર, ધનંજય નિવૃત્તિ લોખંડે અને શિવરાજ રઘુનાથ મોટેગાંવકરને મોકલવામાં આવ્યા હતા અને તેમાંથી કેટલાક કોચિંગ ઇન્સ્ટિટ્યૂટ અથવા કન્સલ્ટન્સી ચલાવતા હતા.

### અમેરિકામાં

અમેરિકાનું નાગરિકત્વ પ્રાપ્ત કરવાના વિદેશીઓ માટેના ૧૦૦ વર્ષ કરતાં વધારે જૂના કાયદાનો અમલ બંધ કરાવ્યો હતો, પરંતુ તેના થોડાં અઠવાડિયાં બાદ ૩૦ જૂને સર્વોચ્ચ અદાલતે ટ્રમ્પનો સંબંધિત આદેશ રદ કર્યો હતો.

અમેરિકાના પ્રમુખે બે એક્ઝિક્યૂટિવ ઑર્ડર પર સહી કર્યા બાદ ઑવલ ઑફિસ ખાતે સર્વોચ્ચ અદાલતના અગાઉના સંબંધિત આદેશની ટીકા કરતા પત્રકારોને જણાવ્યું હતું કે મેં 'એડજસ્ટમેન્ટ્સ' કરવા નવા આદેશ બહાર પાડ્યા છે.

ટ્રમ્પે જણાવ્યું હતું કે સર્વોચ્ચ અદાલતે 'બર્થરાઇટ'ના કિસ્સામાં આપેલો ચુકાદો ઘણો જ કમનસીબ હતો. તે બહુ જ કમનસીબ ચુકાદો હતો અને તેથી અમે તેમાં હવે 'એડજસ્ટમેન્ટ્સ' કરી રહ્યા છીએ.

ટ્રમ્પની પત્રકાર પરિષદમાં વાઇટ હાઉસના ડેપ્યુટી ચીફ ઑફ સ્ટાફ સ્ટીફન મિલર, વાણિજ્ય પ્રધાન હૉવર્ડ લટનિક, અમેરિકાના ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ જેમીસન ગ્રેર અને વાઇટ હાઉસ સ્ટાફ સેક્રેટરી વિલ સ્કાઈ હાજર રહ્યા હતા.

અમેરિકાના બંધારણમાં ૧૮૬૮ની છઠ્ઠી જુલાઇએ કરાયેલા ૧૪મા સુધારામાં ભૂતપૂર્વ ગુલામો સહિત અમેરિકામાં જન્મેલા બધા લોકોને અમેરિકાનું નાગરિકત્વ આપવાની જોગવાઇ છે.

ટ્રમ્પે જણાવ્યું હતું કે અમેરિકામાંના આંતરવિગ્રહ પછી બંધારણમાં આ સુધારો કરાયો હતો. ગુલામોનાં સંતાનો માટે કાયદામાં આ સુધારો કરવામાં આવ્યો હતો, પણ હવે આ કાયદો શું ચાલુ રખાયો છે? અમુક વિદેશી લોકોએ અમેરિકાનું નાગરિકત્વ મેળવવા અમેરિકામાં સંતાનોને જન્મ આપવાનો ધંધો બનાવી દીધો છે.

ટ્રમ્પના ઇમિગ્રેશન-વિરોધી પગલાંના આર્કિટેક્ટ ગણાતા વાઇટ હાઉસના ડેપ્યુટી ચીફ ઑફ સ્ટાફ સ્ટીફન મિલરે જણાવ્યું હતું કે અમુક વિદેશીઓ પર્યટક તરીકે અમેરિકા આવે છે, પરંતુ ખરું કારણ તેઓ અમેરિકામાં સંતાનોને જન્મ આપીને તેઓને અમેરિકાનું નાગરિકત્વ અપાવવાનું હોય છે. (એજન્સી)

### સાંસદમાં કંઇ

તેમના ત્રણ લાઇનના વ્હીપમાં જણાવ્યું કે રાજ્યસભામાં સોમવાર, મંગળવાર અને બુધવારે એટલે કે ૧૦, ૧૧ અને ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ખૂબ જ અગત્યના મુદ્દાઓ પર ચર્ચા થશે.

રમેશે જણાવ્યું કે રાજ્યસભામાં કોંગ્રેસ પાર્ટીના તમામ સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ સોમવાર, મંગળવાર અને બુધવાર એટલે કે ૧૦, ૧૧ અને ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સવારે ૧૧-૦૦ વાગ્યાથી ગૃહ સ્થગિત થાય ત્યાં સુધી ફરજિયાતપણે ગૃહમાં હાજર રહે અને પક્ષના વલણને સમર્થન આપે. આને અત્યંત અગત્યનું માનવામાં આવે. લોકસભામાં પણ કોંગ્રેસના મુખ્ય વ્હીપ કે. સુરેશે પાર્ટીના સભ્યો માટે આ પ્રકારનો વ્હીપ જારી કર્યો હતો.

### નારાયણ સાંઇને

કે તે ત્રણ મહિનાની અંદર અપીલનો નિકાલ કરવાનો પ્રયાસ કરે. અમે એ પણ સ્પષ્ટ કરીએ છીએ કે અરજદાર અને રાજ્ય સરકાર બંને આ પ્રક્રિયામાં સંપૂર્ણ સહયોગ કરશે.

નારાયણ સાઇ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ એન. હરિહરને કોર્ટને માહિતી આપી હતી કે વહેલી સુનાવણી માટે અરજી કરવા છતાં તેમની અપીલ પર હજુ સુધી સુનાવણી કરવામાં આવી નથી. સુપ્રીમ કોર્ટે નારાયણ સાઇને એ સ્વતંત્રતા આપી હતી કે જો તેમની અપીલનો ત્રણ મહિનાની અંદર નિકાલ ન આવે તો ફરીથી સુપ્રીમ કોર્ટમાં જવાની સ્વતંત્રતા પણ આપી હતી.

નારાયણ સાઇની સજા સામેની અપીલ ગુજરાત હાઇ કોર્ટમાં પેન્ડિંગ છે. આ અગાઉ ચોથી મેના રોજ હાઇ કોર્ટે તેની સજા સ્થગિત કરવા અને જામીન મેળવવાની તેની અરજી ફગાવી દીધી હતી. હાઇ કોર્ટે પોતાના આદેશમાં જણાવ્યું હતું કે, ગુનાની ગંભીરતાને જોતાં એવું માનવા માટે કોઈ પ્રાથમિક દૃષ્ટિએ આધાર નથી કે આરોપીને નિર્દોષ જાહેર કરવાની વાજબી તક છે. કોર્ટે જણાવ્યું હતું કે કેસના ગુણદોષ સજા સ્થગિત કરવા અને જામીન આપવા માટે પૂરતા કારણો પૂરા પાડતા નથી.

### ૪૦ વર્ષે

સવાલ કર્યો હતો કે હિંદુજાબંધુઓ અને સીબીઆઇ અંગે આ બધું શું છે? વડી અદાલતે ૨૦૦૫માં બધા આરોપીને આ કેસમાંથી છોડી દીધા હતા. બધી કાયદેસર કાર્યવાહી બંધ કરાઇ હતી. તો પછી હવે શું છે? કેટલાં બધાં વર્ષ થઇ ગયાં?

વકીલ અગ્રવાલે બે સ્વર્ગસ્થ પ્રતિવાદીઓ - શ્રીચંદ પી. હિંદુજા અને ગોપીચંદ પી. હિંદુજાનાં નામ પક્ષકારોની યાદીમાંથી કાઢી નાખવા ચાર અઠવાડિયાંનો સમય માગ્યો ત્યારે બૅન્ચે તેમને વધુ સમય આપવાની ના પાડી હતી અને જણાવ્યું હતું કે આ મેટર ૨૦૧૮થી પેન્ડિંગ હતી.

સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઇ)એ દિલ્હીની વડી અદાલતના ૨૦૧૮ નવેમ્બરના સંબંધિત ચુકાદા સામે કરેલી અરજીને પણ સર્વોચ્ચ અદાલતે કાઢી નાખી હતી.

બૅન્ચે જણાવ્યું હતું કે સીબીઆઇએ કેસ ફાઇલ કરવામાં ૪,૫૨૨ દિવસના કરેલા વિલંબને સંતોષકારક રીતે સમજાવી નથી શકી.

બૉફર્સ તોપ ભારતીય લશ્કરને ૪૦ વર્ષ પહેલાં વેચવા કરાયેલા સોદામાં રૂપિયા ૬૪ કરોડની લાંચ અપાઇ હોવાનો આક્ષેપ હતો. (એજન્સી)

### પીએમને

રચના કરી. ભારતના યુવાનોના સપનાઓને પૂર્ણ કરવામાં મદદ કરવા માટે, તેમણે વિશ્વ સાથે આર્થિક કરારો, વેપાર કરારો કર્યા અને દેશમાં નીતિગત ફેરફારો લાવ્યા.ભારત ૭.૮ ટકાના વિકાસ દરે પ્રગતિ કરી રહ્યું છે અને બેરોજગારીને ઊંડો ફટકો આપ્યો છે તેવો દાવો કરીને, ચુગે યુવાનો માટે રોજગારની તકો ઉભી કરવાનો શ્રેય મોદી સરકારને આપતા જણાવ્યું હતું કે મોદી સરકારે જનરલ ઝેડને સશક્ત બનાવવા માટે સ્ટાર્ટ-અપ ઇન્ડિયા, સ્કીલ ઇન્ડિયા અને મુદ્રા યોજના જેવી પહેલો શરૂ કરી છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમની અસર વૈશ્વિક સ્તરે દેખાય છે.આજે, ભારતની જેન-ઝી સમગ્ર વિશ્વમાં પોતાની તેજસ્વીતા ફેલાવી રહ્યા છે, એવું તેમણે કહ્યું.

### થાઇલૅન્ડની

ડેબસિરિન નોન્થાબુરી શાળામાં થયો હતો. પિવપાને મીડિયાને જણાવ્યું હતું કે શકમંદ શૂટરની હાલત ગંભીર છે અને તેની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. તેમજ ઘાયલ થયેલા ૧૫ લોકોમાંથી બેની હાલત ગંભીર હોવાનું તેમણે જણાવ્યું હતું.વડા પ્રધાન અનુતિન ચર્નવિરાકુલે પીડિતો અને તેમના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતાં જણાવ્યું કે તેમણે સંબંધિત અધિકારીઓને પ્રભાવિત લોકોને મદદ અને સંભાળ પૂરી પાડવાના નિર્દેશ આપ્યા છે. શુક્રવારે બનેલી આ ઘટના આ વર્ષે થાઇલેન્ડમાં શાળામાં ગોળીબારીની બીજી ઘટના હતી. અત્રે નોંધનીય છે કે ફેબ્રુઆરીમાં એક ૧૭ વર્ષીય કિશોરે કથિત રીતે દક્ષિણ થાઇલેન્ડની એક પબ્લિક હાઇસ્કૂલમાં પોલીસ અધિકારી પાસેથી બંદૂકની ચોરી કરીને ગોળીબાર કર્યો હતો. જેમાં એકનું મોત થયું હતું અને બે ઘાયલ થયા હતા.

# ગુજરાત યુનિવર્સિટીનાં પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તા પર કૌભાંડનો આક્ષેપ, હલ્લાબોલ બાદ ૧૦ કર્મચારીઓ સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તાએ કરેલા ભ્રષ્ટાચારને એબીવીપીએ ભારે વિરોધ નોંધાવ્યો હતો. પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તા કાર્યકાળ પૂરો થયા બાદ વિવાદમાં સપડાયા છે. પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તાએ યુનિવર્સિટીના પૈસાની છૂટા હાથે લ્હાણી કરી હોવાનો એબીવીપી દ્વારા ગંભીર આક્ષેપો કરવામાં આવ્યો હતો. નીરજા ગુપ્તાએ ચાર્જ સંભાળ્યા બાદ અનેક હંગામી કર્મચારીઓની હકાલપટ્ટી કરી પોતાના માનીતા કર્મચારીઓને નોકરી પર રાખી નિયમ વિરુદ્ધ પગાર ચૂકવ્યો હોવાના આક્ષેપ સાથે વિરોધ કરવામાં આવ્યો હતો. આ મામલે કડક કાર્યવાહી કરવાની માંગ સાથે ૭ ઑગસ્ટે, શુક્રવારના રોજ એબીવીપીના કાર્યકરોએ મોટી સંખ્યામાં ભેગા થઈ ઉગ્ર વિરોધ કર્યો હતો.

પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તાએ તેમની ૩ વર્ષની ટર્મ દરમિયાન ગુજરાત યુનિવર્સિટીના ૧૦.૯૩ કરોડ રૂપિયા વધારાના પગાર ખર્ચમાં વાપર્યા હોવાનો એબીવીપી દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો. જેથી પૂર્વ કુલપતિએ ખુલ્લા હાથે કરેલી લ્હાણીને લઈને વિરોધ નોંધાવી ઇન્ચાર્જ કુલપતિ સમક્ષ રજૂઆત કરી હતી. એબીવીપીની રજૂઆતને આધારે યુનિવર્સિટી દ્વારા ત્રણ સભ્યની તપાસ કમિટી બનાવવામાં આવી છે. જો કે તપાસ કમિટીનો રિપોર્ટ આવે તે પહેલા જ ફરી આજે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા ગુજરાત યુનિવર્સિટીમાં ઉગ્ર વિરોધ કરવામાં આવી રહ્યો હતો.

શુક્રવારે સુટકેસ ભરીને એબીવીપીના કાર્યકર્તાઓ દ્વારા ઇન્ચાર્જ કુલપતિ પર નકલી નોટોનો વરસાદ કરવામાં આવ્યો હતો. કડક કાર્યવાહી ન થતા એબીવીપીના કાર્યકર્તાઓમાં રોષ જોવા મળ્યો હતો. કડક કાર્યવાહીની માંગ સાથે વિદ્યાર્થીઓએ કુલપતિની ઓફિસમાં ધરણા પ્રદર્શન કર્યું હતું. એટલું જ નહીં પરંતુ એબીવીપીના કાર્યકર્તાઓ દ્વારા નાટ્યાત્મક રીતે પણ વિરોધ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન રજીસ્ટ્રારે એબીવીપીના કાર્યકર્તાઓને કડક કાર્યવાહી કરવાની ખાતરી આપી સમજાવ્યા હતા. ગુજરાત યુનિવર્સિટી ટાવરમાં મોટી સંખ્યામાં એબીવીપીના કાર્યકર્તાઓએ એકઠા થઇ હલ્લાબોલ કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ વિવાદ અને આક્ષેપ મામલે યુનિવર્સિટીના ઈન્ચાર્જ કુલપતિ દ્વારા તપાસ કમિટી અને સિન્ડિકેટ સભ્યોની બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તાએ આચરેલા કૌભાંડ કેસમાં કાર્યવાહી પણ કરવામાં આવી હતી. પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તા દ્વારા ભરતી કરવામાં આવેલા તમામ ૧૦ કર્મચારીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યાં હતાં. ગુજરાત યુનિવર્સિટીના ઈતિહાસમાં પહેલા વખત ૧૦ અધિકારીઓ-કર્મચારીઓને એક સાથે સસ્પેન્ડ કરવામાં આવ્યાં હતા. ■

# અમદાવાદમાં વાહનોની સંખ્યા ૨૯ લાખને પાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં વાહનો સતત વધી રહ્યાં છે. આટલા વાહનોને કારણે ટ્રાફિકની સમસ્યા પણ વધારે જટિલ બની રહી છે. અમદાવાદમાં અત્યારે સક્રિય વાહનોની વાત કરવામાં આવે તો, ૨૯,૦૫,૨૬૫ વાહનો અત્યારે રસ્તા પર દોડી રહ્યાં છે. અમદાવાદ જિલ્લો ભારતના સૌથી વધારે વાહનો ધરાવતા જિલ્લાની 'ટોપ-૧૦' યાદીમાં આવી ગયું છે.

અમદાવાદ શહેરમાં વધી રહેલા વાહનોના ભારણ પાછળ મોટાભાગના પરિવારોમાં એક કરતાં વધુ વાહનો હોવાનું મુખ્ય કારણ માનવામાં આવી રહ્યું છે. માત્ર અમદાવાદ ઈસ્ટ (પૂર્વ વિસ્તાર) આરટીઓ હેઠળ જ ૯,૧૪,૭૪૩ વાહનો નોંધાયેલા છે, જે ટ્રાફિકની ગંભીર સ્થિતિ તરફ ઈશારો કરે છે. જેના કારણે આ વિસ્તારમાં વધારે ટ્રાફિકની સમસ્યા રહેતી હોય છે.

રાજ્યમાં સૌથી વધારે વાહનો ધરાવતા જિલ્લાઓમાં અમદાવાદ જિલ્લો પહેલા સ્થાને આવે છે. આંકડાની વાત કરવામાં આવે તો, અમદાવાદ જિલ્લામાં ૨૬,૦૫,૨૬૫ વાહનો, સુરત જિલ્લામાં ૨૦,૬૫,૦૭૪, રાજકોટ જિલ્લામાં ૧૨,૭૨,૮૬૦ અને વડોદરા જિલ્લામાં ૧૧,૮૨,૭૫૬ વાહનો રસ્તા પર દોડી રહ્યાં છે. દિન-પ્રતિદિન વધતી વાહનોની સંખ્યાને કારણે શહેરના મુખ્ય માર્ગો પર ટ્રાફિક જામની સમસ્યા વિકટ બની રહી છે.

# સુરતમાં ૨૩૫ કિલો અખાદ્ય એનાલોગ ચીઝનો જથ્થો જપ્ત

અમદાવાદઃ સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા શહેરમાં નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનારા અસામાજિક તત્વો અને ભેળસેળિયા વેપારીઓ સામે લાલ આંખ કરવામાં આવી હતી. શહેરમાં ખાદ્ય પદાર્થોની ગુણવત્તા ચકાસવા માટે તંત્ર દ્વારા અચાનક સઘન તપાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે, જેનાથી નકલી અને ભેળસેળયુક્ત ચીજવસ્તુઓ વેચનારાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. સુરત મનપાની ટીમે શહેરના અઠવા, રાંદેર અને ઉધના જેવા સંવેદનશીલ અને ગીચ વિસ્તારોમાં આવેલી કુલ ૧૪ જેટલી દુકાનો પર ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

આ તપાસ દરમિયાન બજારમાં ગ્રાહકોને વેચવા માટે રાખવામાં આવેલું અંદાજે ૨૩૫ કિલોગ્રામ શંકાસ્પદ અને અખાદ્ય એનાલોગ ચીઝનો જથ્થો મળી આવ્યો હતો. તંત્ર દ્વારા આ તમામ હાનિકારક જથ્થાને સ્થળ પર જ જપ્ત કર્યો હતો.

આરોગ્ય અધિકારીઓએ ભેળસેળીયા વેપારીઓને સ્પષ્ટ ચેતવણી આપી હતી કે, જો ભવિષ્યમાં પણ કોઈ વેપારી દ્વારા ગુણવત્તા વગરની કે નકલી ખાદ્ય સામગ્રીનું વેચાણ કરવામાં આવશે, તો તેની સામે કાયદાકીય નિયમો મુજબ વધુ આકરી દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

# નવસારીમાં ઈતિહાસમાં પ્રથમ વાર શહેરમાં લેપટોસ્પાઈરોસીસનો કેસ નોંધાતા આરોગ્ય તંત્ર એલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવસારીમાં ચોમાસાની ઋતુના આગમન સાથે જ આરોગ્યને લઈને ચોંકાવનારા સમાચાર પ્રકાશમાં આવ્યાં છે. નવસારી શહેરમાં ગંભીર ગણાતા 'લેપટોસ્પાઇરોસીસ' નામના ચેપી રોગનો એક કેસ નોંધાયો છે. આ રોગ પહેલા માત્ર ગામડાંઓ સુધી સીમિત રહેતો હતો, પરંતુ હવે શહેરોમાં પણ તેની અસર જોવા મળતાં હવે આરોગ્ય ક્ષેત્રે એક અત્યંત ચોંકાવનારા અને ચિંતાજનક બાબત બની ગઈ છે. ખાસ વાત એ છે કે, નવસારીના શહેરી વિસ્તારમાં ઇતિહાસમાં પ્રથમ વખત લેપટોસ્પાઇરોસીસનો પોઝિટિવ કેસ નોંધાતા આરોગ્ય વિભાગ દોડતું થઈ ગયું હતું.

લેપટોસ્પાઇરોસીસ એ લેપ્ટોસ્પાઈરા નામના એક બેક્ટેરિયામાંથી થયો ચેપી રોગ હોવાનું નિષ્ણાતોએ જણાવ્યું હતું. આ રોગ સંક્રમિત એટલે કે ચેપી છે જે ઉંદર, ગાય, ભેંસ કે કૂતરા જેવા પ્રાણીઓમાંના પેશાબ મારફતે પાણીમાં અને માટીમાં ભળી જતો હોય છે. આ રોગ પહેલા ખાસ કરીને પશુપાલકો અને ખેડૂતોને થતો હતો. કારણે આ પાણી અને માટી સાથે મોટાભાગે ખેડૂતો અને પશુપાલકો કામ કરતા હોય છે, પરંતુ હવે તેની અસર શહેરો સુધી પણ થવા લાગી છે.

નવસારી સિવિલ હોસ્પિટલના આર.એમ.ઓના જણાવ્યાં પ્રમાણે, સંક્રમણ લાગ્યા બાદ દર્દીને તીવ્ર તાવ, માથામાં અસહ્ય દુખાવો, પીંડીઓ અને કમરના સ્નાયુઓમાં ખેંચાણ તથા આંખો લાલ થવા જેવા લક્ષણો દેખાય છે.

આ રોગની સમયસર સારવાર કરવી અતિઆવશ્યક હોય છે. કારણ કે, જો તેની અસર લીવર અને કિડની સુધી પહોંચે તો વધારે જોખમ રહેતું હોય છે. આ રોગના લક્ષણો જણાતા જ તુરંત સિવિલ હોસ્પિટલ કે સરકારી આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવો જોઈએ.

લેપટોસ્પાઇરોસીસનો કેસ નોંધાતા હવે અસરગ્રસ્ત વિસ્તારમાં સિવિલ હોસ્પિટલ અને મહાનગરપાલિકા દ્વારા સર્વેક્ષણ અને જંતુનાશક દવાનો છંટકાવ શરૂ કરી દેવાયો હતો. નવસારી જિલ્લા આરોગ્ય વિભાગના જણાવ્યાં પ્રમાણે વર્ષ ૨૦૨૧માં ૧ કેસ, ૨૦૨૨માં ૨ કેસ, જેમાંથી એક દર્દીનો મોત પણ થયું હતું. તે પછી ૨૦૨૪માં ૩ કેસ નોંધાયા હતા, જેમાંથી એકનું મોત પણ થયું હતું. તે પછી ૨૦૨૫માં સૌથી વધુ ૯ કેસ નોંધાયા હતા.

ચાલુ વર્ષની વાત કરવામાં આવે તો અત્યાર સુધીમાં નવસારી શહેરમાં આ પ્રથમ કેસ નોંધાયો છે, જે દર્દીની અત્યારે નવસારી સિવિલ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ■

# ગુજરાતમાં વરસાદના વિરામ બાદ ભારે વરસાદની આગાહી

## ૮ અને ૯ ઑગસ્ટે 'યલો અલર્ટ'

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યા બાદ હવામાન વિભાગે ફરી એકવાર મેઘરાજાની એન્ટ્રીની આગાહી કરી છે. મોન્સૂન ટ્રફ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સહિત એકસાથે ત્રણ હવામાન સિસ્ટમ સક્રિય થતાં ૮ અને ૯ ઓગસ્ટે ઉત્તર અને દક્ષિણ-મધ્ય ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં પવન અને ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ભારે વરસાદની આગાહી હોવાથી હવામાન વિભાગે 'યલો અલર્ટ' જાહેર કર્યું છે.

ઝડપી પવનની શક્યતાને પગલે માછીમારોને દરિયો ન ખેડવા કડક સૂચના આપવામાં આવી હતી. હવામાન વિભાગની આગાહી પ્રમાણે આગામી સાત દિવસ રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં ચાલુ રહેશે. તારીખ ૮ અને ૯ ઓગસ્ટ દરમિયાન સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા અને વાવ-થરાદ જેવા વિસ્તારોમાં ભારે વરસાદની સંભાવના છે. આ સમયગાળા દરમિયાન ૩૦ થી ૪૦ કિમી. પ્રતિ કલાકની ઝડપે દક્ષિણ-પશ્ચિમી પવનો ફૂંકાશે તેવી આવાહી કરવામાં આવી હતી. ચોમાસાની વર્તમાન સીઝનની વાત કરવામાં આવે તો, તારીખ ૧ જૂનથી ૭ ઓગસ્ટ સુધીમાં રાજ્યમાં સામાન્ય કરતાં ૧૧ ટકા વધુ એટલે કે કુલ ૪૮૧ મિમી. વરસાદ નોંધાયો છે. ■

# ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાની જામીન અરજી પર હાઇ કોર્ટમાં સુનાવણી મુલતવીઃ સોમવારે ચુકાદાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આમ આદમી પાર્ટીના ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાની જામીન અરજી મામલે ગુજરાત હાઇકોર્ટમાં મહત્વપૂર્ણ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જોકે, હાઇકોર્ટે આ કેસની વધુ સુનાવણી સોમવાર સુધી મુલતવી રાખી હતી. આગામી સોમવારે હાઇકોર્ટ ચૈતર વસાવાના જામીન અંગે પોતાનો આખરી ચુકાદો આપે તેવી શક્યતા છે. સોમવારના ચુકાદા પર જ ચૈતર વસાવાની જેલ મુક્તિ કે જેલવાસ તેના પર રહેલો છે.

ચૈતર વસાવાના વકીલ દ્વારા રજૂ કરવામાં આવેલી દલીલો અને સરકારી પક્ષની રજૂઆતો બાદ હાઇકોર્ટે સુનાવણી સોમવાર સુધી મુલતવી રાખી હતી. કાનૂની નિષ્ણાતોના મતે સોમવારે યોજાનારી સુનાવણી દરમિયાન હાઇકોર્ટ દ્વારા જામીન અરજી પર અંતિમ નિર્ણય કે આદેશ સંભળાવવામાં આવી શકે છે.

શુક્રવારે ધારાસભ્ય ચૈતર વસાવાની જામીન અરજી મામલે ગુજરાત હાઇકોર્ટમાં મહત્વપૂર્ણ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સુનાવણી દરમિયાન સરકાર પક્ષ તરફથી ઉપસ્થિત રહેલા સરકારી વકીલ મિતેષ અમીને ધારાસભ્ય સામે અત્યંત ગંભીર આરોપો મૂકતાં ધારદાર દલીલો રજૂ કરી હતી. તેમણે કોર્ટ સમક્ષ જણાવ્યું હતું કે, ચૈતર વસાવા અને તેમના સાથીદારોએ પોતાની ફરજ પર રહેલા વનકર્મીઓ પર હુમલો કર્યો હતો અને હવામાં ફાયરિંગ કરીને તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ધારાસભ્ય સામે પોલીસ દ્વારા તમામ કાયદેસરની કાર્યવાહી સંપૂર્ણપણે કાયદાના દાયરામાં રહીને કરવામાં આવી છે.

સરકાર પક્ષે કોર્ટમાં આરોપ લગાવ્યો હતો કે, સમગ્ર ઘટનાક્રમ ચૈતર વસાવાના ઇશારે જ આકાર પામ્યો હતો. ઘટના સમયે ચૈતર વસાવાના પર્સનલ આસિસ્ટન્ટે વનકર્મીને ફોન કરીને ધમકી આપી હતી અને ૬૦ હજાર રૂપિયાની માતબર રકમની માંગણી કરી હતી. આ પૈસા પાક નુકસાનીના વળતરના નામે માંગવામાં આવ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. પરંતુ વાસ્તવમાં તે સ્પષ્ટપણે ખંડણી જ હતી. પીડિત વનકર્મીએ પોતાની બેંકમાંથી રૂપિયા ઉપાડીને આ ખંડણીની રકમ ચૂકવી હોવાના ચોંકાવનારા પુરાવા પણ સરકાર દ્વારા અદાલત સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ચૈતર વસાવા સામે નર્મદા જિલ્લામાં વન વિભાગના કર્મચારી પર હુમલો કરવા, ધમકી આપવા તેમજ રંગેહાથ હવામાં ફાયરિંગ કરવા બદલ ગંભીર ગુનો નોંધાયો હતો. આ ચર્ચાસ્પદ કેસમાં નીચલી અદાલતે તેમને કસૂરવાર ઠેરવીને ૭ વર્ષની જેલની સજા ફટકારી હતી. ■

# અજમલ ચૌધરી હુમલા કેસમાં ચૌધરી સમાજ આકરા પાણીએ, મહંત બળદેવગીરીની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: બનાસકાંઠા જિલ્લાના ઓગડ તાલુકામાં ઓગડ જાગીરમઠના મંહત બળદેવગીરી મહારાજની અજમલ ચૌધરી પર થયેલા હુમલાના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. પૂછપરછ માટે મંહત બળદેવગીરી મહારાજને ડીસા તાલુકા પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવ્યાં હતાં. અજમલ ચૌધરી પર હુમલો થયો તે પછી તેમને પાટણની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતા, છેલ્લા ત્રણ દિવસથી તેઓ સારવાર હેઠળ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

અહીં મોટી સંખ્યામાં ચૌધરી સમાજના આગેવાનો પણ પહોંચ્યાં હતાં. આ સમગ્ર મામલે ડીવાયએસપીએ જણાવ્યું હતું કે, આ કેસમાં ચાર આરોપીઓની અટકાયત કરવામાં આવી છે. ફરિયાદી પક્ષની રજૂઆત અને પોલીસ તપાસ બાદ જે તથ્યા પ્રકાશમાં આવ્યાં તેના આધારે ઓગડ જાગીરમઠના મહંત બળદેવગીરીની અટકાયત કરવામાં આવી હતી. પૂછપરછમાં કર્યાં બાદ જે હકીકત પ્રકાશમાં આવશે તેના પછી આગળની કાર્યવાહી કરવામાં આવશે. આ મામલે હવે વધારે ઉગ્ર બની ગયો છે. અજમલ ચૌધરીને માર મારવામાં આવ્યો તેના માટે ચૌધરી સમાજ આકરા પાણીએ થયો હતો. ન્યાય અપાવવા માટે ધાનેરામાં આંજણા ચૌધરી સમાજની ચિંતન બેઠક યોજાઈ હતી. અજમલ ચૌધરી સાથે મારપીટ કરવામાં આવે તેના આરોપીઓને કડકમાં કડક સજા કરવામાં આવે તેવી માંગ આ બેઠક દરમિયાન ઉઠી હતી. એટલું જ નહીં પરંતુ આ ફરિયાદમાં ઓગડ જાગીરમઠના મંહત બળદેવગીરી મહારાજનું નામ આવવું જ જોઈએ તેવી પણ માંગણી આંજણા ચૌધરી સમાજ દ્વારા કરાઈ હતી. ■

# મહેસાણાના નંદાસણમાં સિક્યુરિટી કોન્ટ્રાક્ટરની નિર્મમ હત્યા

## કારને ટક્કર મારી સાત લોકોએ ઘાતકી હુમલો કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહેસાણા જિલ્લાના નંદાસણ નજીક રાજપુરની સીમમાં અમદાવાદના એક સિક્યુરિટી કોન્ટ્રાક્ટરની રસ્તા વચ્ચે નિર્મમ હત્યા કરવામાં આવતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. અમદાવાદના નરોડા વિસ્તારમાં રહેતા અને રેમ્બો કંપનીના સિક્યુરિટી કોન્ટ્રાક્ટર રાધેશ્યામ શર્મા પોતાની કાર લઈને પસાર થઈ રહ્યા હતા ત્યારે પૂર્વ આયોજિત કાવતરાના ભાગરૂપે આ ખૂની ખેલ ખેલવામાં આવ્યો હતો. સૂત્રોના જણાવ્યાં પ્રમાણે હુમલાખોરોએ પહેલાં એક પિકઅપ ડાલા વડે રાધેશ્યામભાઈની કારને જોરદાર ટક્કર મારીને રોકી દીધી હતી. ત્યારબાદ પાછળ રિક્ષામાં આવેલા ૬ થી ૭ શખસોએ ઉતરીને રાધેશ્યામ શર્મા પર ઘાતકી હુમલો કર્યો હતો. આ હુમલા દરમિયાન માથા અને કપાળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડતાં રાધેશ્યામ શર્માનું ઘટનાસ્થળે જ લોહીથી લથબથ હાલતમાં કરુણ મોત નીપજ્યું હતું.

આ બનાવની જાણ થતાં જ કડી ડિવિઝનના ડીવાયએસપી હાર્દિક પ્રજાપતિ સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. કાર્યવાહીની વાત કરવામાં આવે તો, આ કેસમાં પોલીસે ઇરફાન મિયાં ચૌહાણ, યુનુસ અર્ફે ચીખલી, મોઇન કુરેશી અને મોહસિન કુરેશી સહિત ૪ નામજોગ અને અન્ય બેથી ત્રણ લોકો સામે હત્યાનો ગુનો દાખલ કર્યો હતો. ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે એલસીબી અને એસઓજીની અલગ-અલગ ટીમો બનાવીને તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હતા.

પોલીસની પ્રાથમિક તપાસ પ્રમાણે અગાઉ રેમ્બો કંપનીમાં ચોરી કરવાના ઈરાદે આવેલા મોહસિન કુરેશી સાથે મૃતકની તકરાર થઈ હતી. આ ચોરી બાબતે થયેલી બબાલનું મનદુઃખ રાખીને આ ઘાતકી હત્યાકાંડ આચરવામાં આવ્યો હોવાની આંશકા છે. ■

## અમદાવાદ પોલીસે શરૂ કરી ખાસ ડ્રાઈવ

# મોડી રાત્રે શહેરમાં હવાબાજી અને રખડપટ્ટી કરતાં તત્ત્વો સામે થશે કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં કાયદો અને વ્યવસ્થાને વધુ મજબૂત કરવામાં માટે પોલીસ રસ્તા પર ઉતરી ગઈ છે. મોડી રાત્રે નશો કરી ફરતા અને સ્ટંટબાજી કરતા નબીરાઓને ખાસ ચેતી જવાની જરૂર છે. અમદાવાદ પોલીસ દ્વારા શહેરમાં રાત્રિના સમયે ખાસ નાઇટ ડોમિનેશન ડ્રાઇવ શરૂ કરવામાં આવી હતી. અમદાવાદ શહેરમાં જ્યા લોકોના વધારે ભીડ હોય છે તેવા અને ખાસ કરીને સંવેદનશીલ વિસ્તાર એવા ૧૫૦ જેટલા પોઇન્ટ પોલીસે ખાસ તપાસ કરી હતી.

પોલીસ દ્વારા રાત્રે ૧૨થી ૨ વાગ્યા સુધી પોલીસ દ્વારા સઘન નાકાબંધી અને વાહન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. શહેરમાં શાંતિ અને સુરક્ષા જળવાઈ રહે તે માટે આ ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે.

આ અભિયાનની દેખરેખ માટે પોલીસ કમિશનર અનુપમસિંહ ગહેલોત દ્વારા કરવામાં આવી રહી છે. પોલીસ કમિશનર સાથે વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ પણ સિંધુભવન રોડ, એસ.જી. હાઇવે, સી.જી. રોડ, એસ.પી. રિંગ રોડ સહિતના વિસ્તારોમાં ઓચિંતી મુલાકાત લઈ જાતે ચેકિંગ કર્યું હતું. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે શહેરના દરેક પોલીસ સ્ટેશનમાંથી પાંચ પોલીસ વાહનો સાથે ૨૫ જેટલા પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને આ ડ્રાઈવમાં સામેલ કરવામાં આવ્યાં છે. મોડી રાત્રે દારૂ પીધેલા વાહનચાલકો, હથિયાર સાથે ફરતા અસામાજિક તત્વો સાથે સાથે રાત્રે હા રેસિંગ અને સ્ટંટ કરનારા સામે કડક કાર્યવાહી કરવામાં શરૂ કરવામાં આવી છે.

પોલીસ કમિશનરે પણ શહેરીજનોને અપીલ કરી છે કે, જો કોઈ શંકાસ્પદ ગતિવિધિઓ જણાય તો સત્વરે પોલીસને જાણ કરવામાં આવે! જે પણ વ્યક્તિ દ્વારા માહિતી આપવામાં આવશે તેનુંનામ ગુપ્ત રાખવામાં આવશે તેની ખાતરી આપી છે. આ સાથે એવું પણ કહ્યું હતું કે, તમે સારી રીતે રહેશો તો અમે પણ સારી રીતે રહીશું, પરંતુ કોઈ કાયદો હાથમાં લેશે તો તેને છોડવામાં નહીં આવે! માતા-પિતાને પણ ખાસ અપીલ કરવામાં આવી હતી કે, પોતાના બાળકોનું ધ્યાન રાખવામાં આવે!

ચેકીંગ દરમિયાન સિંધુભવનના અશ્વ વિલા ચાર રસ્તા પાસે ત્રણ યુવકોને ચાર બિયર ટીન સાથે ઝડપી કાર્યવાહી કરવામાં આવી હતી. બીજી તરફ જમાલપુર ચાર રસ્તા ખાતે વાહન ચેકિંગ દરમિયાન એક શંકાસ્પદ કારને રોકીને તપાસ કરતાં અંદાજે ૩૫૦ કફ સિરપની બોટલો મળી આવી હતી, જે મામલે એનડીપીએસ એક્ટ હેઠળ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જ્યારે દાણીલીમડા ફૈઝલનગર બેરલ માર્કેટ વિસ્તારમાં પોલીસના કોમ્બિંગ ઓપરેશન દરમિયાન પોલીસને જોઈ ભાગી ગયાં હતાં. ■

# અમદાવાદમાં સ્પામાં કામ કરતા યુવકની ચોથા માળેથી ફેંકી હત્યા, ચાર આરોપીઓની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં હંસપુરા વિસ્તારમાં હત્યાની એક ચકચારી ઘટના પ્રકાશમાં આવી હતી. આ હત્યા કેસમાં મામલે પોલીસે મોટી કાર્યવાહી કરી હતી. સૂત્રોના જણાવ્યાં પ્રમાણે સ્પામાં નોકરી કરતા એક યુવકને માર મારીને ચોથા માળેથી નીચે ફેકીને તેની હત્યા કરી દેવામાં આવી હતી. આ હત્યા મામલે કાર્યવાહી કરતા નરોડા પોલાસે ક્રાઈમ બ્રાન્ચ સાથે સંયુક્ત રીતે તપાસ કરીને ચાર લોકોની ધરપકડ કરી લેવામાં આવી હતી.

પોલીસે સ્પામાં રેડ પાડી હોવાની શંકા અને કોઈ યુવતી સાથે થયેલી બબાલનો ખાર રાખીને યુવતીના બોયફ્રેન્ટે તેના મિત્રો સાથે મળીને આ હત્યા કરી હોવાનું પોલીસ તપાસમાં પ્રકાશમાં આવ્યું હતું.

આ સ્પામાં પોલીસે ૫ ઓગસ્ટના રોજ રેડ પાડી હતી. પોલીસ તપાસ પ્રમાણે બે યુવતીને શંકા હતી કે, પોલીસે આ રેડ ક્રિશા સ્પાના સંચાલકે આપેલી બાતમીના આધારે કરી હતી. જેથી આ વાતનો ખાર રાખીને યુવતી તેના બોયફ્રેન્ડ સાથે હંસપુરા પહોંચી હતી. આ દરમિયાન આ સમગ્ર હત્યાકાંડ થયો હતો.

આ યુવતી અને તેના બોયફ્રેન્ડે સ્પા સંચાલક અને અહીં કામ કરતા એક યુવક સાથે ઉગ્ર બબાલ કરી હતી. આ દરમિયાન બોલાચાલી થઈ અને પછી આ લોકોએ દશરથ મીણા નામના યુવકને ઢોરમાર માર્યો હતો.

હુમલાખોરોએ સ્પામાં તોડફોડ કરી અને બાદમાં દશરથ મોદીને ઢોરમારીને ચોથા માળેથી નીચે ફેંકી દીધો હતો. આ કેસમાં મુખ્ય આરોપી વિશાલ બારોટ સાથે ચાર લોકોની ધરપકડ કરી લેવામાં આવી હતી. જ્યારે એક આરોપી ફરાર હોવાથી તેની શોધખોળ શરૂ કરી દેવામાં આવી હતી. ■

# નીતિ આયોગના 'ઇન્વેસ્ટમેન્ટ ફ્રેન્ડલીનેસ ઈન્ડેક્સ ૨૦૨૬' મુજબ ગુજરાત ૭૩.૯ અબજ ડૉલર એફડીઆઈ સાથે દેશમાં વિદેશી રોકાણો મેળવવામાં ટોપ પર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગિફ્ટ સિટી, ગાંધીનગર ખાતે 'વિકસિત ગુજરાત સમિટ ૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રધાન અર્જુન મોઢવાડીયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મુખ્ય પ્રધાનએ જણાવ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ 'પોલિટિક્સ ઓફ પરફોર્મન્સ'થી વિકાસની રાજનીતિ અને વિકાસની બહુ સરળ સમજ આપી છે. 'વિકસિત ભારત, વિકસિત ગુજરાત' એટલે આર્થિક વિકાસ સહિત સર્વાંગી વિકાસનું એવું વિઝન જેમાં દરેક નાગરિકને સમાન તક, ક્વોલિટી લાઈફ અને બ્રાઈટ ફ્યુચર-ઉજ્જવળ ભવિષ્ય મળી રહે.

૭ ઓગસ્ટ 'નેશનલ હેન્ડલૂમ ડે' અંગે તેમણે કહ્યું હતું કે, વડા પ્રધાને દેશનું શાસન સંભાળ્યાના બીજા વર્ષે એટલે કે વર્ષ ૨૦૧૫ થી આ દિવસની ઉજવણી શરૂ કરાવી છે. 'વોકલ ફોર લોકલ' નો અભિગમ અપનાવીને હાથવણાટના કારીગરો સહિત અંત્યોદયના આર્થિક-સામાજિક વિકાસ માટે અનેક કલ્યાણકારી યોજનાઓ બનાવીને નાના કારીગરોના ઉત્પાદનોને વિશ્વ બજાર પૂરું પાડ્યું છે અને વિકાસના નવા દ્વાર ખોલી આપ્યા છે. મુખ્ય પ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે, ગુજરાતનો વિકાસ માત્ર આંકડાઓમાં નહીં, પરંતુ દરેક નાગરિકના જીવનની ગુણવત્તામાં દેખાય છે. 'વિકસિત ગુજરાત' આજે દેશનું ગ્રોથ એન્જિન અને વિકાસનું રોલ મૉડેલ બન્યું છે, તેની પાછળ વડા પ્રધાનનો અવિરત પુરુષાર્થ અને પ્રેરણા છે. દેશનું મેન્યુફેક્ચરિંગ હબ, ઓટો હબ અને રિન્યુએબલ એનર્જી ગ્રીન ગ્રોથનું લીડર ગુજરાત હવે ટેકનોલોજી સેક્ટરમાં પણ આગળ વધી રહ્યું છેઃ

તેમણે આ પ્રસંગે કહ્યું હતું કે, ગુજરાતમાં ત્રણ સેમિકન્ડક્ટર પ્લાન્ટ કાર્યરત થયા છે અને રાજ્ય ગ્લોબલ મેપ પર ટેકનોલોજી ક્ષેત્રના મહત્ત્વના પ્લેયર તરીકે પ્રસ્થાપિત થયું છે. એક નવી ઈન્ડસ્ટ્રી સાથે આખી નવી ઈકોસિસ્ટમ ઊભી થઈ રહી છે. રાજ્ય સરકારે તાજેતરમાં જીસીસી અને ડેટા સેન્ટર પોલિસી જાહેર કરી છે, તેથી આવનારા દિવસોમાં હાઈપર સ્કેલ ડેટા સેન્ટર્સ કાર્યરત થશે. ભારત સરકારે ૨૦૪૭ સુધી ડેટા સેન્ટર માટે જાહેર કરેલા ટેક્સ હોલિડેનો ગુજરાતને મોટો લાભ મળશે તેમ તેમણે ઉમેર્યું હતું.

ભૂપેન્દ્ર પટેલએ જણાવ્યું હતું કે, ગિફ્ટ સિટી ખાતે એઆઈ સેન્ટર ઓફ એક્સેલન્સ કાર્યરત થયું છે તે ટેકનોલોજી અને ઉદ્યોગ વચ્ચે મહત્ત્વનો સેતુ છે. ગિફ્ટ સિટીમાં વિકસેલા બેંકિંગ અને ફાઈનાન્શિયલ ઉદ્યોગને પરિણામે અહીં આ સેક્ટરની હાઈ ક્વોલિટી સર્વિસીસ પણ મળે છે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અને વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સની સફળતાથી ઔદ્યોગિક વિકાસ દ્વારા ગુજરાત 'ગ્લોબલ ગેટવે ટુ ધ ફ્યુચર' અને નવા ઉદ્યોગો તથા વિદેશી મૂડીરોકાણ માટે 'બેસ્ટ ચોઈસ ઓફ ઈન્વેસ્ટમેન્ટ' બન્યું છે. તેમણે કહ્યું હતું કે, ઇન્વેસ્ટમેન્ટ ફ્રેન્ડલીનેસ ઈન્ડેક્સ ૨૦૨૬ હેઠળ નીતી આયોગના તાજેતરમાં જાહેર થયેલા ઈન્ડેક્સમાં ગુજરાત સમગ્ર દેશમાં વિદેશી રોકાણ મેળવવામાં ટોપ પર આવ્યું છે. એપ્રિલ ૨૦૨૦ થી ૨૦૨૫ સુધીમાં રાજ્યમાં ૭૩.૯ બિલિયન યુએસ ડોલર ક્યુમ્યુલેટિવ એફડીઆઈ આવ્યું છે અને ૨૦૧૯ થી ક્યુમ્યુલેટિવ એફડીઆઈ મેળવવામાં ગુજરાત દેશમાં સતત ટોપ પર રહ્યું છે.રાજ્ય સરકાર ઉદ્યોગસાહસિકોને સસ્ટેનેબલ ગવર્નન્સ અને પોલિસી ડ્રીવન સ્ટેટ તરીકે સુદ્રઢ ઈન્ડસ્ટ્રીયલ ઈકોસિસ્ટમ પૂરી પાડે છે, જેનાથી રોજગારીનું સર્જન,ઈનોવેશનને પ્રોત્સાહન અને નાગરિકોના જીવનની ગુણવત્તામાં સુધારો થયો છે તેમ તેમણે ઉમેર્યુ હતું. ■

# ઉગ્રવાદનો પ્રચાર કરનારાઓ સામે મહારાષ્ટ્ર સરકારની કડક કાર્યવાહી

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે ૧૧૪ એવા કટ્ટરપંથી પુસ્તકો, દસ્તાવેજો, ફોટા અને અન્ય સામગ્રી જપ્ત કરવાનો આદેશ આપ્યો છે, જે આતંકવાદી સંગઠનો સાથે જોડાયેલી હોવાની શંકા છે. લોકોમાં ઉગ્રવાદ ફેલાવવો, આતંકવાદી જૂથોમાં ભરતી કરવી અને રાજ્યની સુરક્ષા તથા શાંતિ સામે જોખમ ઊભું થવાની ચિંતાને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

ગૃહ વિભાગ દ્વારા ૬ ઓગસ્ટે બહાર પાડવામાં આવેલા એક નોટિફિકેશનમાં, રાજ્ય સરકારે જણાવ્યું હતું કે ઈન્ટેલિજન્સ ઇનપુટ્સ, સાયબર સર્વેલન્સ રિપોર્ટ્સ અને મહારાષ્ટ્ર એન્ટિ-ટેરરિઝમ સ્ક્વોડ દ્વારા કરવામાં આવેલી તપાસમાં જાણવા મળ્યું હતું કે ડિજિટલ પ્લેટફોર્મ સહિત વિવિધ માધ્યમો દ્વારા કટ્ટરપંથી અને ઉગ્રવાદી સાહિત્ય તથા પ્રચાર સામગ્રીનું સતત સર્ક્યુલેશન, પ્રચાર-પ્રસાર, કબ્જો અને ટ્રાન્સમિશન થઈ રહ્યું છે. સરકારે જણાવ્યું હતું કે આવી સામગ્રી જાહેર વ્યવસ્થા, કોમી એકતા અને આંતરિક સુરક્ષા માટે ગંભીર જોખમ ઊભું કરે છે. આ નોટિફિકેશનમાં એવી કેટલીક સંસ્થાઓના નામ પણ આપવામાં આવ્યા છે, જેમના સાહિત્ય અને પ્રચાર સામગ્રી એટીએસ દ્વારા ઓળખવામાં આવેલી સામગ્રી સાથે જોડાયેલા હોવાનો આરોપ છે. જેમાં ઇસ્લામિક સ્ટેટ, ઇસ્લામિક સ્ટેટ ઇન ખોરાસાન પ્રોવિન્સ, હિઝબુલ-મુજાહિદ્દીન પીર પંજાલ રેજિમેન્ટ અને અલ કાયદા ઇન ધ ઇન્ડિયન સબકોન્ટિનેન્ટ ઉપરાંત ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અધિનિયમ, ૧૯૬૭ ની પ્રથમ અનુસૂચિમાં સૂચિબદ્ધ અન્ય સંસ્થાઓનો પણ સમાવેશ થાય છે.

આ નોટિફિકેશનના પરિશિષ્ટમાં સૂચિબદ્ધ ૧૧૪ વસ્તુઓમાં 'વોઈસ ઓફ ખુરાસાન'ના અનેક અંકોનો સમાવેશ થાય છે, જે અલ-અઝાઇમ મીડિયા દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે અને તેને જાહેરનામામાં આઇએસઆઇએસ/ આઇએસકેપી સાથે જોડાયેલા તરીકે ઓળખવામાં આવ્યા છે.

# રાજેશ રૂહેલાએ ઈફકો કંડલા એકમનો કાર્યભાર સંભાળ્યો



મુંબઈઃ ઇન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઇઝર કોઓપરેટિવ લિમિટેડ (IFFCO) એ રાજેશ રૂહેલાની કંડલા યુનિટના સિનિયર જનરલ મેનેજર તરીકે નિમણૂક કરી છે. મિકેનિકલ એન્જિનિયરિંગના સ્નાતક એવા શ્રી રૂહેલા ફોસ્ફેટિક ખાતર ઉદ્યોગમાં ત્રણ દાયકાથી વધુનો સમૃદ્ધ અને વ્યાપક અનુભવ ધરાવે છે. તેમણે ૧૯૯૫માં પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. ૩૧ વર્ષથી વધુના તેમના કાર્યકાળ દરમિયાન, તેમણે સંસ્થામાં વિવિધ મહત્ત્વપૂર્ણ નેતૃત્વની ભૂમિકાઓમાં સફળતાપૂર્વક જવાબદારીઓ નિભાવી છે. રૂહેલા પાસે મોટા પાયે ખાતર પ્લાન્ટના રિવોમ્પિંગ, રેટ્રોફિટિંગ, જાળવણી, ટેકનિકલ સેવાઓ, પ્રોજેક્ટ અમલીકરણ, આધુનિકીકરણ અને કમિશનિંગ તેમજ મટિરિયલ મેનેજમેન્ટમાં વ્યાપક અનુભવ છે. રૂહેલા પ્રક્રિયા સલામતી, કાર્યકારી શ્રેષ્ઠતા અને સતત સુધારણાના પ્રબળ હિમાયતી છે. રાજેશ રૂહેલાના નેતૃત્વ હેઠળ, કંડલા યુનિટ સલામતી, પર્યાવરણીય સંરક્ષણ, તકનીકી નવીનતા, કાર્યકારી શ્રેષ્ઠતા અને ટકાઉ વિકાસના ક્ષેત્રોમાં નવા સીમાચિહ્નો હાંસલ કરીને ખેડૂતોને ગુણવત્તાયુક્ત ખાતરોનો અવિરત પુરવઠો સુનિશ્ચિત કરવાની તેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવશે.

# ભાજપ જેન-ઝી અંગે ગોડફાધર ભાગવતની સલાહ અનુસરેઃ દીપકે

છત્રપતિ સંભાજી નગરઃ કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના કન્વિનર અભિજિત દીપકેએ શુક્રવારે ભાજપને તેના ગોડફાધર આરએસએસ અધ્યક્ષ મોહન ભાગવતની સલાહ પર ધ્યાન આપવા વિનંતી કરી કે તેઓ વિરોધ કરી રહેલા જેન-ઝી યુવાનોને રાષ્ટ્રવિરોધી ન ગણાવે, અને શાસક પક્ષ અને તેના વૈચારિક માર્ગદર્શક વચ્ચે સુમેળનો અભાવ હોવાનું જણાવ્યું હતું.

ભાગવતએ મુંબઈમાં જેન ઝી સાથે વાતચીત કર્યાના એક દિવસ પછી સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં દીપકેએ માગ કરી કે શાસક પક્ષ આરએસએસ અધ્યક્ષની 'નીટ' પરીક્ષાની ગેરરીતિને પગલે જંતર-મંતર પર યુવા આંદોલન ફરિયાદોમાંથી ઉદ્ભવ્યું હતું એ કબૂલાતને ભાજપએ સ્વીકારી લેવી જોઈએ. ગુરુવારે ભાગવતએ જેન-ઝીની ફરિયાદો સાચી હોવાનું અને યુવાનો દ્વારા વિરોધ તેમને રાષ્ટ્ર વિરોધી નથી બનાવતો એ વાત પર ભાર મૂક્યો હતો. દીપકેએ વધુમાં જણાવ્યું હતું કે 'પહેલા ભાજપ પ્રમુખે અમને વાઈરસ કહ્યા હતા અને ભૂતપૂર્વ શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને અમને આતંકવાદીઓની બી-ટીમ ગણાવ્યા હતા. હવે તેમણે મોહન ભાગવતની વાત સાંભળવી જોઈએ કારણ કે તેઓ ભાજપના માર્ગદર્શક અને ગોડફાધર છે.' આરએસએસના વડાને અવગણવું એ ચિંતાજનક વલણ છે તેવી ચેતવણી આપતા સીજેપી નેતાએ દાવો કર્યો કે ભાજપના વલણ અને ભાગવતના વિચારો વચ્ચે કોઈ સુમેળ નથી, કારણ કે શાસક પક્ષ વિરુદ્ધ દિશામાં આગળ વધી રહ્યો છે.

# કેન્દ્રમાં પૂર્ણકાલીન શિક્ષણ પ્રધાનની નિમણૂક જરૂરીઃ પૃથ્વીરાજ ચવ્હાણ

મુંબઈઃ કૉંગ્રેસના વરિષ્ઠ નેતા પૃથ્વીરાજ ચવ્હાણે શુક્રવારે કેન્દ્રીય પ્રધાન પ્રહલાદ જોશીને શિક્ષણ વિભાગનો હવાલો સોંપવાના નિર્ણયને માત્ર એક કામચલાઉ વ્યવસ્થા ગણાવી હતી. તેમણે કેન્દ્ર સરકારને આહ્વાન કર્યું હતું કે તેઓ 'જનરેશન ઝેડ' સાથે સંવાદ સાધવા અને શિક્ષણની 'ખોરવાયેલી' વ્યવસ્થાને સુધારવા માટે સક્ષમ હોય તેવા રાષ્ટ્રીય કક્ષાના નેતાની નિમણૂક કરે.

ચવ્હાણે 'એક્સ' પરની એક પોસ્ટમાં દાવો કર્યો હતો કે વર્તમાન કેબિનેટના કોઈ પણ સભ્ય આ ભૂમિકા માટે યોગ્ય નથી. તેમણે એમ પણ ઉમેર્યું હતું કે, રાજ્યમાં નીટ પેપર લીક મામલે અનેક કોચિંગ સંસ્થાઓની સંડોવણી સામે આવી છે . આ ભૂમિકા માટે ફડણવીસને દિલ્હી લાવવાની અટકળો અંગે ચવ્હાણે કહ્યું કે, 'જનરેશન ઝેડ' કે કૉંગ્રેસ કોઈ તેમને સ્વીકારશે નહીં.

"૨૦૨૬ની નીટ પરીક્ષાના પેપર લીક મામલે મહારાષ્ટ્ર સ્થિત અનેક કોચિંગ સંસ્થાઓ અને પેપર-સેટર્સની સંડોવણી સામે આવી છે, અને ફડણવીસ પોતે રાજ્યના ગૃહપ્રધાન છે.

# બ્લડ બેંકો માટે તુકારામ મુંઢેનો કડક આદેશ

## દર્દીઓની સુવિધા માટે પહેલીવાર જાહેર કર્યા નવા નિયમો

મુંબઈઃ રાજ્યના તમામ પરવાનાધારક બ્લડ બેંક અને બ્લડ સ્ટોરેજ સેન્ટરો માટે અન્ન અને ઔષધ વહીવટ (એફડીએ) દ્વારા પ્રથમ વખત સર્વસમાવેશી 'કોમ્પ્લાયન્સ ઓર્ડર' બહાર પાડવામાં આવ્યો છે. રક્ત સુરક્ષા, ગુણવત્તા અને નિયામક નિયમોનું ચુસ્તપણે પાલન સુનિશ્ચિત કરવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે અને નિયમોનું ઉલ્લંઘન કરનાર બ્લડ બેંકો સામે કડક કાનૂની કાર્યવાહી કરવાની ચેતવણી આપવામાં આવી છે.

એફડીએ દ્વારા બહાર પાડવામાં આવેલા આદેશ અનુસાર, રક્ત એકત્રીકરણથી લઈને રક્ત વિતરણ સુધીના દરેક તબક્કા માટે સ્પષ્ટ કાર્યપદ્ધતિ નક્કી કરવામાં આવી છે. જેમાં તાલીમબદ્ધ માનવબળ, રક્તદાતાઓની પસંદગી, રક્ત અને રક્તઘટકોનું ફરજિયાત પરીક્ષણ, યોગ્ય સંગ્રહ, ગુણવત્તા નિયંત્રણ, બાયોમેડિકલ કચરાનું વ્યવસ્થાપન, સુરક્ષિત પરિવહન અને ઈ-રક્તકોશ પોર્ટલ પર દરરોજ માહિતી અપડેટ રાખવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે.

રાજ્યની કેટલીક બ્લડ બેંકોની તપાસમાં શેડ્યૂલ એફ, પાર્ટ ૧૨-બી હેઠળના નિયમોનું સંપૂર્ણ પાલન ન થતું હોવાનું સામે આવતાં સમગ્ર રાજ્યમાં એકસમાન અને અસરકારક અમલીકરણ માટે આ આદેશ બહાર પાડવામાં આવ્યો છે. રક્તની દરેક થેલીનું એચઆઇવી, હેપેટાઇટિસ બી, હેપેટાઇટિસ સી, સિફિલિસ અને મલેરિયા માટે પરીક્ષણ ફરજિયાત કરવામાં આવ્યું છે, તેમજ બ્લડ બેંકોએ નિયમિતપણે સેલ્ફ-ઓડિટ કરવું પણ જરૂરી રહેશે.

એફડીએ કમિશનર તુકારામ મુંઢે જણાવ્યું હતું કે, સુરક્ષિત અને ગુણવત્તાયુક્ત રક્ત મેળવવું એ દરેક દર્દીનો અધિકાર છે અને આ આદેશથી રાજ્યની તમામ બ્લડ બેંકોમાં એકસમાન ગુણવત્તા, પારદર્શિતા, ગુણવત્તા નિયંત્રણ અને કાનૂની પાલન વધુ મજબૂત બનશે.

જેજે મહાનગર બ્લડ બેંક સહિત અન્ય બ્લડ બેંકોમાં સામે આવેલા ગેરરીતિઓના કિસ્સા બાદ એફડીએ દ્વારા રાજ્યની તમામ બ્લડ બેંકો અને રક્તદાન શિબિરો માટે આ પ્રકારની પ્રથમ 'બ્લડ પોલિસી' બહાર પાડવામાં આવી છે.

# મુંબઈ-પુણે એક્સપ્રેસ-વે મિસિંગ લિંક ટનલમાં ફોર્ચ્યુનરે ટેમ્પોને ટક્કર મારતા એકનું મોત

મુંબઈઃ મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર મિસિંગ લિંક ટનલમાં શુક્રવારે પુણેથી મુંબઈ જઈ રહેલી ફોર્ચ્યુનરે મુંબઈ તરફ જઈ રહેલા માલવાહક ટેમ્પોને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. મૃતકની ઓળખ ૩૦ થી ૩૫ વર્ષની વયના તુષાર ભૂમકર તરીકે થઈ છે. કારમાં મુસાફરી કરી રહેલા અન્ય ચાર લોકો અને આઈશર ટેમ્પોમાં બેઠેલા લોકોને પણ સામાન્ય ઈજા પહોંચી હતી.

અકસ્માતના સીસીટીવી ફૂટેજ સોશ્યલ મીડિયા પર સામે આવ્યા છે. વીડિયોમાં જોવા મળ્યું કે, કારે પાછળથી ટેમ્પોને ટક્કર મારી હતી, જેના કારણે ટેમ્પો અડધો પલટી ગયો હતો અને કારને ભારે નુકસાન થયું હતું. આ અકસ્માત મોડી રાતે લગભગ ૧:૩૦ વાગ્યે સર્જાયો હતો.

અકસ્માત થતાં જ બચાવ ટીમ અને એમએસઆરડીસીની એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ઈજાગ્રસ્તોને સારવાર માટે નજીકની હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત ગંભીર હોવા છતાં, સત્તાવાળાઓએ સ્થિતિને ઝડપથી સંભાળી લીધી હતી, જેથી મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર વાહનવ્યવહાર અવિરત ચાલુ રહ્યો હતો.

આ અકસ્માતે નવ-નિર્મિત 'મિસિંગ લિંક' ટનલની અંદર વાહનોની વધુ પડતી ઝડપ અંગે ફરી એકવાર ચિંતા ઊભી કરી છે.

# મુંબઈના વરલી, પ્રભાદેવીમાં કચરાના ઢગલા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની નવી ઈન્ટિગ્રેટેડ સોલિડ વેસ્ટ કલેક્શન સિસ્ટમે મુંબઈના જી-સાઉથ અને જી-ઉત્તર વોર્ડના કેટલાક ભાગોમાં સ્વચ્છતાની સમસ્યાઓ ઊભી કરી છે, ટ્રાન્ઝિશન તબક્કા દરમ્યાન કચરો ઉપાડવામાં વિલંબ થવાથી વરલી અને પ્રભાદેવીના અનેક વિસ્તારોમાં કચરાનો ઢગલો થઈ ગયો છે અને તેને કારણે ચોતરફ દુર્ગંધ અને સ્વચ્છતાનું વાતાવરણ નિર્માણ થયું છે.

પાલિકાના વિરોધ પક્ષ નેતા કિશોરી પેડણેકરે કચરાના ઢગલા માટે પાલિકાના નબળા આયોજન, બિનઅસરકારક માનવબળ તૈનાત અને દેખરેખનો અભાવ જવાબદાર ગણાવ્યો હતો અને આરોપ લગાવ્યો હતો કે નવો કૉન્ટ્રેક્ટર મેટ્રો વેસ્ટ યોગ્ય સેવાઓ પૂરી પાડવામાં નિષ્ફળ ગયો છે. શિવસેના (યુબીટી)નું એક પ્રતિનિધિમંડળ શુક્રવારે જી-સાઉથ વોર્ડના આસિસ્ટન્ટ કમિશનર સ્વપ્નજા ક્ષીરસાગરને મળ્યું હતું અને આ મુદ્દા પર એક મેમોરેન્ડમ સુપરત કર્યું હતું.

વિરોધ પક્ષ નેતાએ આરોપ લગાવ્યો હતો કે નવા આપવામાં આવેલા ૬,૦૦૦ કરોડ રૂપિયાના ઘન કચરા વ્યવસ્થાપન કરાર પ્રારંભિક તબક્કે નિષ્ફળ ગયો છે. ■

# નાંદેડના ગામમાં ઝેરી ધુમાડાને કારણે બે સગીર બહેનનાં મૃત્યુ

નાંદેડઃ નાંદેડ જિલ્લાના ગામમાં એક પરિવારે ઘરમાં કાબુલી ચણાનું રક્ષણ કરવા માટે જંતુનાશકનો ઉપયોગ કર્યો હતો, જેમાંથી ઝેરી ધુમાડો નીકળતાં ચાર અને છ વર્ષની બે બહેનના શ્વાસમાં જવાથી તેમનાં મોત નીપજ્યાં હતાં.

મૃતકોની ઓળખ આરોહી ડેબેકર અને તેની નાની બહેન આરાધ્યા ડેબેકર તરીકે થઇ હતી, જે બાલાપુર ગામમાં રહેતા મલ્લેશ ડેબેકરની પુત્રીઓ હતી. બંને બહેન ગુરુવારે સવારે મૃત અવસ્થામાં મળી આવી હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર જંતુઓથી ખાદ્યપદાર્થનું રક્ષણ કરવા માટે કાબુલી ચણા પર જંતુનાશકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પરિવાર સાથે સૂતો હતો ત્યારે ઘરમાં જંતુનાશકમાંથી ઝેરી ધુમાડો નીકળ્યો હતો, જેનાથી બંને બહેનને અસર થઇ હતી. એ સમયે ઘરનો દરવાજો અને બારી બંધ હતાં.

ઝેરી ધુમાડાને કારણે આખા પરિવારને અસર થઇ હતી. પરિવારજનોને આખી રાત ઊલટી થઇ હતી. જોકે બંને બહેન તે સહન કરી શકી નહોતી.

ગુરુવારે મોટી સંખ્યામાં ગામવાસીઓની હાજરીમાં બંને બહેનના અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા. બંને બહેનના મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા પોલીસ પ્રયાસ કરી રહી છે. (પીટીઆઇ)

# બિલ્ડિંગના ૧૨મા માળે પાલખ સાથે બેડશીટ બાંધી સિનિયર સિટીઝનની આત્મહત્યા

થાણેઃ થાણેમાં ૨૩ માળની બિલ્ડિંગના સમારકામ માટે બાંધેલી પાલખ સાથે ગળાફાંસો ખાઈ સિનિયર સિટીઝને કથિત આત્મહત્યા કરી હતી.

કાસારવડવલી પોલીસના જણાવ્યા મુજબ મૃતકની ઓળખ વિદ્યાસાગર એમ. વી. (૭૨) તરીકે થઈ હતી. કાસારવડવલી વિસ્તારની તારાંગણ સોસાયટીમાં બનેલી ઘટના શુક્રવારની વહેલી સવારે પ્રકાશમાં આવી હતી.

વિદ્યાસાગર તારાંગણ બિલ્ડિંગના ૧૪મા માળે રહેતા હતા. બિલ્ડિંગના ડક એરિયામાં બાંધવામાં આવેલી લાકડાની પાલખને ૧૨મા માળે બેડશીટ બાંધી વિદ્યાસાગરે ગળાફાંસો ખાધો હતો, એમ પોલીસે જણાવ્યું હતું.

બનાવની જાણ થતાં પોલીસ, રિજનલ ડિઝાસ્ટર મૅનેજમેન્ટ સેલ અને ફાયર બ્રિગેડની ટીમ સ્કાયલિફ્ટ મશીન સાથે ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ત્રણ કલાકના ઑપરેશન પછી સિનિયર સિટીઝનના મૃતદેહને નીચે ઉતારવામાં સફળતા મળી હતી. કાસારવડવલી પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલમાં મોકલી આપ્યો હતો, એવું ડિઝાસ્ટર મૅનેજમેન્ટ સેલના ચીફ યાસીન તડવીએ જણાવ્યું હતું.

આ પ્રકરણે પોલીસે એડીઆર નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે ઘટનાના એક દિવસ પહેલાં જ માજીવડા વિસ્તારમાં ગગનચુંબી ઈમારતના ૨૧મા માળેથી પડી જવાથી મહિલાએ જીવ ગુમાવ્યો હતો.

ધારાવી પુનર્વિકાસ પરિયોજના

# ગણેશ નગર-મેઘવાડી પુનર્વાસ અને માળખાગત કાર્યોમાં કાયદાનું પાલન થયું

મુંબઈઃ ધારાવી પુનર્વિકાસ પરિયોજના (ડીઆરપી) એવા આરોપોનું સ્પષ્ટ રીતે ખંડન કરે છે કે ગણેશ નગર-મેઘવાડીના રહીશોને પૂર્વ સૂચના વગર બહાર કાઢવામાં આવ્યા હતા. ૬ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ કરવામાં આવેલી કાર્યવાહી નિર્ધારિત કાનૂની પ્રક્રિયા અનુસાર સખ્તાઈપૂર્વક કરવામાં આવી હતી અને માત્ર વારંવાર નોટિસો, સુનાવણી તથા સ્વૈચ્છિક સ્થળાંતર માટે પૂરતી તકો આપ્યા પછી જ કરવામાં આવી હતી. પુનર્વાસ પ્રક્રિયાના ભાગ રૂપે, એપ્રિલ ૨૦૨૬માં એક જાહેર સૂચના જારી કરવામાં આવી હતી જેમાં સેક્ટર ૬ના રહીશોને ભાડાના કરાર અમલમાં મૂકવા અને વરસાદની ઋતુ દરમિયાન અસુવિધા ટાળવા માટે તેમના પરિસર ખાલી કરવાની વિનંતી કરવામાં આવી હતી. ત્યારબાદ તમામ સંબંધિત કબજેદારોને વ્યક્તિગત ખાલી કરવાની નોટિસો તાબેદાર કરવામાં આવી હતી. વાંધા ઉઠાવનારા રહીશો માટે સુનાવણી ૬ જુલાઈ અને ૧૩ જુલાઈ ૨૦૨૬ના રોજ યોજવામાં આવી હતી. ત્યારબાદ ૨૮ જુલાઈ ૨૦૨૬ના રોજ વિનાશ નોટિસો પ્રદર્શિત કરવામાં આવી હતી. વિનાશ કાર્યવાહી તમામ કાનૂની પ્રક્રિયાઓ પૂર્ણ થયા છતાં વારંવાર અનુપાલન ન થવાના કારણે જ કરવામાં આવી હતી.

# નિદા ખાનને આશ્રયઃ એઆઈએમઆઈએમના નગરસેવકની ધરપકડ

નાશિકઃ ટીસીએસની નાશિક બ્રાન્ચમાં 'જાતીય સતામણી અને ધર્માંતર'ના કેસની આરોપી નિદા ખાનને કથિત મદદ અને આશ્રય પૂરા પાડનારા એઆઈએમઆઈએમના નગરસેવકની છત્રપતિ સંભાજીનગરમાંથી ધરપકડ કરવામાં આવી હતી.

વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે નિદા ખાનને મરાઠવાડા શહેરમાંથી પકડી પાડવામાં આવ્યાના મહિનાઓ બાદ ગુરુવારે નગરસેવક મતીન પટેલને કસ્ટડીમાં લેવાયો હતો. નિદા જે ઘરમાંથી પકડાઈ હતી તેની સગવડ પટેલે કરી આપી હોવાનું તપાસમાં સામે આવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર પટેલને પૂછપરછ માટે હાજર થવાનું કહેવાયું હતું, પરંતુ તે પોલીસ સમક્ષ હાજર થયો નહોતો. નાશિક સિટી પોલીસની ક્રાઈમ બ્રાન્ચની એક સ્પેશિયલ ટીમ છત્રપતિ સંભાજીનગર પહોંચી હતી અને પટેલને તાબામાં લીધો હતો. (પીટીઆઈ)

# હિન્દુ મરણ

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

ઉસરડ નિવાસી, હાલ કાંદિવલી, સ્વ. ઇન્દુમતીબેન તથા સ્વ. રવિશંકર રતિલાલ જાનીના સુપુત્ર, પીયૂષ રવિશંકર જાની (ઉં. વ. ૫૯) ગુરુવાર તા. ૬/૮/૨૬ના અવસાન થયેલા છે. મિતાલીના પતિ. પ્રાચી અંકિત તથા તીર્થેશના પિતાશ્રી. જોત્સના-સ્વ. પ્રકાશભાઈ, મનોજ-જલ્પા, વર્ષા-શાંતિલાલ તથા દક્ષા-સ્વ કિરીટભાઈના ભાઈ. સનતભાઈ તથા કુંદનબેનના જમાઈ. તેમની બંને પક્ષની સાદડી તા. ૮/૮/૨૬ શનિવારના સાંજે ૪ થી ૬. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, પારેખ લેન કોર્નર, એસ.વી. રોડ, કાંદિવલી વેસ્ટ.

**ઝાલાવાડી સઇ સુથાર**

શિયાણી નિવાસી હાલ નાલાસોપારા, સ્વ. મનહરલાલ હિમ્મતલાલ પરમાર (ઉં. વ. ૬૮) ૩૦/૭/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. મંજુલાબેન પરમારના પુત્ર. રેખાબેનના પતિ. માણેકભાઈ, મૂળરાજભાઈ, ગીતાબેન દિલીપકુમાર ગોહેલના ભાઈ. કરણ તથા કિંજલ રોમીલકુમાર પરમારના પિતા. સ્વ. કમળાબેન ઇન્દુભાઈ સોલંકીના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા ૮/૮/૨૬ના ૪ થી ૬. વર્ધમાન સ્થા જૈન સંઘ, ગ્રાઉન્ડ ફ્લોર, એલ ટી રોડ ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

ગં.સ્વ. અરુણાબેન શરદભાઈ રાયચુરા (ઉં. વ. ૮૦) તા. ૫/૦૮/૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે જમનાબેન ભાનુલાલ જીવનદાસ રાયચુરાના પુત્રવધૂ. હેમલ તથા સ્વ. નેહાના માતૃશ્રી. અ.સૌ. સ્વાતિના સાસુ. સ્વ. પ્રમીલાબેન શાંતિલાલ પોંદાના દીકરી. ધૈર્ય અને દેવાંશીના દાદી. અ.સૌ. નેન્સીના દાદીસાસુ. તેમની પ્રાર્થનાસભા શનિવાર તા. ૮/૮/૨૬ના સમય ૪ થી ૬, સ્થળઃ પાવનધામ, સત્યાનગર, એમસીએ ગ્રાઉન્ડની પાસે, મહાવીર નગર, કાંદિવલી વેસ્ટ.

**દશા સોરઠીયા વણિક**

મોટા ખૂંટવડા વાળા હાલ બોરીવલી, સ્વ. ગોદાવરીબેન છોટાલાલ ગાંધીના સુપુત્ર કૌશિક છોટાલાલ ગાંધી (ઉં. વ. ૭૦) તા. ૬/૮/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. દીનાબેનના પતિ. સ્વ. કાંતાબેન હરિલાલ સાંગાણીના જમાઈ. અ.સૌ. હેતલ આકાશકુમાર પારેખ અને અ.સૌ.ચાર્મી નીતીશકુમાર પરીખના પિતા. નરેન્દ્રભાઈ, વિનોદભાઈ સુનિલભાઈ, ચેતનભાઈ, સ્વ. મૃદુલાબેન નવીનચંદ્ર સંઘાણી, સ્વ. કોકિલાબેનગુણવંત રાય શાહ, અ.સૌ. શોભનાબેન મહેશકુમાર શાહ, અ.સૌ. બીનાબેન પ્રદીપકુમાર મહેતાના ભાઈ. સ્વ. સુરેશભાઈ કપૂરચંદ પારેખ, હિરેનભાઇ વિઠ્ઠલદાસ પરીખના વેવાઈ. લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**

ભાવનગરવાળા, હાલ કાંદીવલી, સ્વ. રંભાબેન મૂળજીભાઈ મહેતાના પુત્રવધૂ તથા સ્વ. ગિરીશકુમાર મૂળજીભાઈ મહેતાના ધર્મપત્ની ગં.સ્વ. તરલાબેન (ઉં. વ.૭૪) તા. ૬-૮-૨૬ને ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે કેતનના માતુશ્રી, અ.સૌ. શ્વેતાના સાસુ. વ્રિતી, ચિ. નાયશાના દાદી. પિયરપક્ષે સ્વ. હીરાલાલ લાલદાસ મહેતા (જાફરાબાદ)ના સુપુત્રી. બંને પક્ષોની પ્રાર્થનાસભા તા. ૮-૮-૨૬, શનિવારના સાંજે ૫ થી ૭. લોહાણા બાળાશ્રમ હોલ, મથુરાદાસ એક્સટેન્શન રોડ, અતુલ ટાવરની બાજુમાં, કાંદીવલી (પ.).

**કપોળ**

ઉના દેલવાડાવાળા હાલ કાંદીવલી, છોટાલાલા રાઘવજી વોરાના પુત્રવધૂ દેવયાનીબેન વોરા (ઉં. વ. ૮૨) તા. ૬/૮/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે જિતેન્દ્રભાઈના ધર્મપત્ની, પ્રીતિ, વૈશાલી તથા વિક્રમના માતા. જય કૃષ્ણકાંત ભુતા, તેજસ હર્ષદભાઈ વોરા, રૂપલના સાસુ. ભેરાઈવાળા નંદલાલ ભાણજી ગાંધીની દીકરી. સ્વ. કૃષ્ણકાંત, સ્વ. વસંતબેન શાંતિલાલ સંઘવી, સ્વ. હંસાબેન નવીનચંદ્ર ગાંધી, સ્વ. રમેશભાઈ, દિલીપભાઈના ભાભી. તેમની પ્રાર્થનાસભા તા. ૯/૮/૨૬ રવિવારના સાંજે ૫ થી ૭. બાલાશ્રમ, અતુલ ટાવર નજીક, કાંદીવલી વેસ્ટ.

**દશા સોરઠીયા વણિક**

સ્વ. દમયંતીબેન (ઉં. વ. ૮૩) તે સ્વ લાભકુંવરબેન મુલચંદ કઢીના દીકરી. સ્વ. ગુણવંતભાઈ ટપુલાલ પારેખનાં પત્ની. ગિરીશ, બેલાનાં માતા. પૂજા તથા જયેશ ચંપકલાલ દેસાઇના સાસુ. વિહાન, નિધી હેતાંશ છેડા, ઉર્વીનાં દાદી-નાની, ઉર્મિલાબેન પ્રવિણચંદ્ર ધોળકીયા, સ્વ. હંસાબેન ઘનશ્યામદાસ ગાંધી, જયોત્સનાબેન નવિનચંદ્ર સાંગાણી, સ્વ. પન્નાબેન વિજયકુમાર દેસાઈ, સ્વ. જયંત ટપુલાલ પારેખ, નિતીન અમૃતલાલ પારેખ, સ્વ. પંકજ, બિપીન તથા પરેશ રતિલાલ પારેખનાં ભાભી. તા. ૬/૭/૨૬ના શ્રીજીચરણ પામ્યાં છે. લૌકિક ક્રિયા બંધ છે.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ આંત્રોલી હાલ ખપોલી, કૃષ્ણકાંતભાઇ (બબલાભાઈ) વલ્લભદાસ વિઠલાણી (ઉં. વ. ૭૫) તે મધુબેનના પતિ. જયેશ, નેહા, પૂજા વિનય મસરાણી, તેજલ મીહીર સોનપાલના પિતા. સ્વ. કિશોરભાઈ(મંગાભાઈ), અરવિંદભાઈ, રાજેશભાઈ, મનોજભાઈ, જયશ્રીબેન સંજયકુમાર ઠક્કર, ભારતીબેન હરીશકુમાર કારીયાના ભાઈ. કરસનદાસ વલ્લભદાસ કોટેચા,(માળિયા હાટીના)ના જમાઈ. હિમાંશુ, વિશાલ, નિશા, હર્નિશા, નિકુંજ,મિહિર, હિરલ તથા ઇશાના કાકા. મનીષ તથા કાજલના મામા. ગુરૂવાર તા. ૬/૮/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા શનિવાર તા. ૦૮/૦૮/૨૬ના બપોરે ૩:૩૦ થી ૫:૦૦. શાંતાબેન જમનાદાસ રાયઠઠ્ઠા સભાગૃહ, સરસ્વતીમા લોહાણા મહાજનવાડી, જલારામ નગર, ખપોલી.

**પરજીયા સોની**

મૂળ ગામ જાફરાબાદવાળા હાલ બોરીવલી સ્વ. સોની વ્રજલાલભાઈ ભીમજીભાઈ સુરુના પુત્ર સ્વ. સોની મનસુખલાલ વ્રજલાલભાઈ સુરુ (ઉં.વ. ૮૩) તા. ૬-૮-૨૬, ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે ગં. સ્વ. ઉર્મિલાબેન મનસુખલાલ સુરુ (ધર્મપત્ની). સ્વ. વિનુભાના નાના ભાઈ. સ્વ. કિરીટભાઈ, ધીરુભાઈના મોટા ભાઈ. સ્વ. નિરંજનાબેન ગિરધરલાલ ધાણક, ગં. સ્વ. જયોત્સનાબેન હિંમતલાલ જીણાદ્રા, સ્વ. હેમલત્તાબેન વલ્લભદાસ લુહારના મોટા ભાઈ. અ. સૌ. વૈશાલી અજયકુમાર લુહાર, રાજેન મનસુખલાલ સુરુના પિતાશ્રી. અ. સૌ. કૌશલ રાજેનભાઈના સસરા. સ્વ. સોની ભીમજીભાઈ શામજીભાઈ ધકાણ (ઠાસાવાળા)ના જમાઈ. પ્રાર્થનાસભા સ્થળઃ તા. ૮-૮-૨૬, શનિવાર. સમયઃ સાંજે ૫ થી ૬.૦૦. સ્થળઃ સોની વાડી, શિમ્પોલી ક્રોસ રોડ, બોરીવલી (વેસ્ટ).

**સિહોર સા. ઔદિચ્ય બ્રાહ્મણ**

નેસડા નિવાસી હાલ બોરીવલી સ્વ. મધુબેન (ઉં.વ. ૯૨) તે સ્વ. સુનીલાલ અંબાશંકર રાવળના ધર્મપત્ની. સ્વ. અનસુયાબેન લવજીભાઈ રાવળના દેરાણી. સ્વ. શૈલેશ, સ્વ. તરૂલતા, સ્વ. નિરૂ, અરૂણાના માતુશ્રી. દિલીપ જોષી, સ્વ. નલીની મહેતા, ભરત પંડયાના સાસુ. તિમાણા નિવાસી સ્વ. ગૌરીબેન ભાઈશંકર દેસાઈના પુત્રી. સ્વ. બાલકૃષ્ણ, સ્વ. છોટાલાલ, સ્વ. દેવેન્દ્ર, સ્વ. મહેશ, સ્વ. ચંદુબેન દલપતભાઈ વ્યાસના બહેન તા. ૬-૮-૨૬, ગુરુવારના કૈલાસવાસી થયેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ**

દમણ નિવાસી સ્વ. નીતીનચંદ્ર શીવશંકર પાઠક (ઉં.વ. ૮૦) હાલ ગિરગામ તે ઉર્મિલાબેનના પતિ. નિકુંજ-પૂનમના પિતા. દીપા, સંજીવભાઈના સસરા. સ્વ. ઈન્દિરાબેન (બચુબેન), ગુણવંતીબેનના ભાઈ. ધીર, યાના, તક્ષના દાદા તા. ૬-૮-૨૬, ગુરુવારે દેહ છોડી દેવલોક થયા છે. સરનામુંઃ ૨૧૫, કંદોરી નગર કો. ઓ. હાઉસિંગ સોસાયટી, ૧લે માળે, રૂમ નં. ૧૨૩, પાંજરાપોળ લેન, ભુલેશ્વર, ગીરગામ, મુંબઈ-૪.

**ઔદિચ્ય સહસ્ત્ર સાઠા બ્રાહ્મણ**

મૂળ વતન ટીટોઈ હાલ ભાયંદર નિવાસી અ. સૌ. મંજુલાબહેન કિરીટભાઈ વ્યાસ (ઉં.વ. ૭૪) મંગળવાર, તા. ૪-૮-૨૬ના દેવલોક પામેલ છે. તે કિરીટભાઈ શિવશંકર વ્યાસના ધર્મપત્ની. ફાલ્ગુની, અમિત, દીપેશના માતા. ગુરુદત્ત જોશી, દીપ્તિ, કાનનના સાસુ. સ્વ. વિનોદચંદ્રભાઈ, જગદીશભાઈ, વામદેવભાઈ, ગં. સ્વ. રમાબહેન, ગં. સ્વ. જ્યોત્સનાબહેનના બહેન. હેત્વી, પાર્થ, વિહાન, ક્રિષ્ણા, તન્વીના દાદી. લૌકિક વ્યવહાર બંધ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૯-૮-૨૬ના સાંજે ૪ થી ૬. કપોળ વાડી, બીજા માળે, ગીતા નગર, ફાટક રોડ, ભાયંદર વેસ્ટ.

**લોહાણા**

મૂળ ગામ અમરેલી હાલ કાંદિવલી સ્વ. લીલાવંતીબેન મથુરાદાસ વિઠલાણી (ઉં.વ. ૧૦૦) તે દામનગરવાળા સ્વ. દયાળજી વીઠલદાસ ખખ્ખરના દિકરી. સ્વ. જયસુખભાઈ, સ્વ. રવીન્દ્રભાઈ, નીતીનભાઈ, મૃદુલાબેન ગોવિંદજી ગાંધી, સ્વ. હંસાબેન ગોકલદાસ અઢિયા, ભારતીબેન ગીરીશભાઈ કોટેચાના માતુશ્રી. અનિલાબેન, માલતીબેન, જયશ્રીબેનના સાસુ. દેવેન, હિતેશ, કલ્પેશ, હાર્દિક, ગીતા નીલેશકુમાર સેજપાલ, ચાંદની સૌરભકુમાર શાહના દાદી. વંદના, દિપ્તી, રૂપલ, કિંજલના દાદી સાસુ બુધવાર, તા. ૫-૮-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૮-૮-૨૬ના ૪ થી ૬. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, ૪થે માળે, પારેખ લેન કોર્નર, એસ. વી. રોડ, કાંદિવલી વેસ્ટ.

**કપોળ**

રાજુલાવાળા, હાલ નાલાસોપારા, સ્વ. કિશોરચંદ્ર જુઠાલાલ મહેતાના ધર્મપત્ની વર્ષાબેન કિશોરચંદ્ર મહેતા (ઉં.વ.૭૬) નૈનેશ ,કાજલના માતુશ્રી, પ્રીતિ, કેતનકુમારના સાસુ, કનિષ્ક અને કનિષ્કાના દાદી, હાશ્વી અને મૃગાંશુના નાની, સ્વ. શાંતિલાલ નાનાલાલ શાહના સુપુત્રી, તા. ૬-૮-૨૦૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. સર્વ લૌકિક ક્રિયા બંધ છે.

# પારસી મરણ

પરવિન કાવસ બિલિમોરયા (ઉં.વ. ૯૧) તા. ૫/૮/૨૬ના ગુજરી ગયા છે. તે કાવસ સોરાબજી બિલિમોરયાના પત્ની. મરહૂમ ખોરશેદ અને મરહૂમ બોમન ઇરાનીના દીકરી. ફરોખ, સોરાબના માતુશ્રી. જસ્મીનના સાસુ. સિનારા, કુરુષના ગ્રાન્ડ મધર. ઠે. ૧, હાર્બર વ્યૂ, રામશેઠ નાઇક ક્રોસ લેન, પ્રસાદ બેકરીની નજીક, માઝગાંવ, મું.-૧૦.

# જૈન મરણ

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

જોરાવરનગર નિવાસી, હાલ બોરીવલી, હર્ષદભાઈ નરોત્તમદાસ કામદાર (ઉં. વ. ૭૯) તા. ૬/૮/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સુધાબેનના પતિ. તેજસ અને ધારાના પિતા. કિંજલના સસરા. સ્વ કુસુમબેન, ઇન્દુબેન, સ્વ વિનોદચંદ્ર, નીતિનભાઈના ભાઈ. શૈલેષભાઈ હીરાલાલ કામદારના બનેવી. તેમની પ્રાર્થનાસભા તા. ૮/૮/૨૬ શનિવારના રોજ સવારે ૧૦-૧૨. એડ્રેસઃ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ (મોટો ઉપાશ્રય) કાંદિવલી, એસ વી રોડ, પારેખ ગલી કોર્નર, કાંદિવલી વેસ્ટ.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ગોવિંદપુર નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. વનમાળીદાસ જેઠાભાઈ ઘાટલીયાના પુત્ર વૃજલાલ વનમાળીદાસ ઘાટલીયા (ઉં.વ.૯૭) તા. ૬/૮/૨૬ને ગુરુવાર અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. વનિતાબેનના પતિ. ભારતી હર્ષદભાઈ ગોસાલિયા, જ્યોતિ કિશોરભાઈ પારેખ, અશ્વિન, ભરત, જાગૃતિ રાજેનભાઈ ગોડા તથા અલકા ધનવંતભાઈ ફિફાદરાના પિતા. સંગીતા તથા રંજનના સસરા. સ્વ. બાવચંદભાઈ દુર્લભજી ગોડાના જમાઈ. હિનલ, દિશા, પુનિત તથા મોક્ષાના દાદા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોરઠ વિશાશ્રીમાળી સમાજજૈન**

વડાલ નિવાસી હાલ ભિવંડી, સ્વ. પ્રાણલાલ મોનજી મેહતાના ધર્મપત્ની પુષ્પાબેન (ઉં. વ. ૯૮) તા. ૫/૮/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે મંજુલાબેન, હંસાબેન, યશસ્વિતાશ્રીજી મહારાજસાહેબ (નયનાબેન સંસારી), હર્ષદભાઈ, ભરતભાઈના માતુશ્રી. સ્વ. ચંદ્રકાંત, મહેશકુમાર, સ્વ. દિલીપકુમાર, પ્રીતિબેન, હિનાબેનના સાસુ. પૂજા, હેતલ, કોમલ, ટ્વિંકલ, ઋષભ, કેનિલ, રોહિતના બા. પિયરપક્ષે ખારચિયા નિવાસી સ્વ. વિઠ્ઠલજી હરજીવન કોરડિયાના દીકરી. તેમની માતૃવંદના તા. ૯/૮/૨૬ના સવારે ૯.૩૦ થી ૧૨:૩૦. સ્થળઃ હારમની બેંક્વેટ હોલ, ટેંક રોડ, મીની લેંડની સામે, ભાંડુપ વેસ્ટ.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોટા લાયજાના શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડા (ઉં. વ. ૯૦) તા. ૫/૮/૨૬ ના અરિહંતશરણ પામ્યા છે. માતુશ્રી હીરબાઈ જેઠાભાઈના સુપુત્ર. ચંચળબેનના પતિ. કિશોર (રાજુ), વિજય, મીનાના પિતાશ્રી. પ્રેમજી, શામજી જેઠાના નાના ભાઈ. મોટા લાયજાના વેલબાઈ ખીમજી થોભણના જમાઈ. પ્રાર્થના : શનિવાર, તા. ૮/૮/૨૦૨૬. સાંજના ૪.૦૦ થી ૫.૩૦. સ્થળ : યોગી સભાગૃહ, ૧લે માળે, દાદર-ઈસ્ટ.

હાલાપુરનાં અમરીશ જયંતીલાલ શાહ (મારૂ) (ઉં. વ. ૬૦) તા. ૪-૮નાં દેહ પરીવર્તન કરેલ છે. જવેરીબેનના પુત્ર. જયેશ, સંજીવ, કેતનના ભાઇ. ઇલાના પતિ. જય, સોનાલીના પિતા. ડુમરાના ચંપા કલ્યાણજી ભાણજી કારાણીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. (ચક્ષુ, ત્વચા, બોન, ટીશ્યુ દાન કરેલ છે) ઇલા શાહ, એ-૧૩, અશ્વિન એપાર્ટમેન્ટ, એમ.પી. રોડ, મુલુંડ (ઇસ્ટ) મું. ૮૧.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# કૉમનવેલ્થ ગેમ્સની કમાણી એશિયન ગેમ્સમાં નફામાં ફેરવાય તો જ ખરું કહેવાય!



સ્કૉટલૅન્ડના ગ્લાસગો શહેરમાં ભારતની કૉમનવેલ્થ મેડલ-વિજેતા મહિલા બૉક્સરો (ડાબેથી) સિલ્વર-મેડલિસ્ટ લવલીના બોર્ગોહેઇન તેમ જ ગોલ્ડ મેડલ જીતનાર જૈસ્મિન લમ્બોરિયા, પ્રિયાં ઘંઘસ, પ્રીતિ પવાર, સાક્ષી ચૌધરી અને અરુંધતી ચૌધરી.

**સ્પોર્ટ્સવુમન**

યશ ચોટાઈ
feedback@
bombaysamachar.com

**મેડલ-વિજેતા મહિલા બૉક્સરોમાં રમતોત્સવ પછી હવે આનંદોત્સવ ચાલે છે... જોકે, તેમની ખરી કસોટી દોઢ મહિના પછી જાપાનમાં યોજાનાર એશિયાડમાં થશે**

**બ્રિટિશરોએ** જે દેશો પર ભૂતકાળમાં રાજ કર્યું હોય એવા દેશો સહિત કુલ ૭૪ રાષ્ટ્રોના ઍથ્લીટો અને ખેલાડીઓ વચ્ચેની આ વખતની (ગ્લાસગોની) કૉમનવેલ્થ ગેમ્સ (જૂનું નામ બ્રિટિશ એમ્પાયર ગેમ્સ)માં ભારતીય મુક્કાબાજોએ જે પર્ફોર્મ કર્યું એવું અગાઉ ક્યારેય કોઈ કૉમનવેલ્થમાં નહોતું કર્યું અને તેમની ચારેકોર વાહ-વાહ થઈ રહી છે. વિશ્વના બીજા નંબરના મોટા રમતોત્સવ બાદ મહિલા બૉક્સરો માટે હવે આનંદોત્સવ ચાલી રહ્યો છે. તેમનું પાટનગર દિલ્હીમાં શાનદાર સ્વાગત થયું છે, કરોડો ભારતવાસીઓ તરફથી તેમને અભિનંદન મળી રહ્યા છે અને તેમના પર લાખો રૂપિયાના ઇનામોની વર્ષા થઈ રહી છે. જોકે આ મુક્કાબાજો આનંદના અતિરેકનો શિકાર ન થઈ જાય એ માટે ભૂતપૂર્વ મેડલ-વિજેતા બૉક્સર સરિતા દેવીએ તેમના માટે એક ઇન્ટરવ્યૂ મારફત સલાહ-સૂચનો આપ્યા છે.

સૌથી પહેલાં થોડું બૅઝિક જાણી લઈએ. આ વખતની કૉમનવેલ્થ ગેમ્સમાં ભારત ૧૩ ગોલ્ડ, ૧૭ સિલ્વર અને નવ બ્રૉન્ઝ સહિત કુલ ૩૯ મેડલ જીતીને ચોથા નંબર પર રહ્યું. ૧૩માંથી આઠ ગોલ્ડ મેડલ મહિલાઓએ અપાવ્યા અને આઠમાંથી (વેઇટલિફ્ટર મીરાંબાઈ ચાનુ, ઍથ્લીટ શર્મિલા ધનખડ અને જૂડોની ઍથ્લીટ અસ્મિતા ડેને બાદ કરતાં) પાંચ સુવર્ણચંદ્રક મુક્કાબાજીમાં મળ્યા હતા. આ પાંચ 'ગોલ્ડન ગર્લ' મુક્કાબાજ (૫૪ કિલો વર્ગમાં પ્રીતિ પવાર, ૫૭ કિલો વર્ગમાં જૈસ્મિન લમ્બોરિયા, ૫૧ કલો વર્ગમાં સાક્ષી ચૌધરી, ૬૦ કિલો વર્ગમાં પ્રિયા ઘંઘસ, ૭૦ કિલો વર્ગમાં અરુંધતી ચૌધરી)નો સમાવેશ હતો. ૭૫ કિલો વર્ગની સિલ્વર મેડલિસ્ટ બૉક્સર લવલીના બોર્ગોહેઇનને પણ ગણીએ તો મુક્કાબાજીમાં ભારતને મહિલાઓએ છ મોટા મેડલ અપાવ્યા. આ બધુ જોત જોતામાં બની ગયું હતું. ગયા અઠવાડિયે કૉમનવેલ્થ ગેમ્સ પૂરી થવાને ગણતરીના દિવસો બાકી હતા ત્યારે બૉક્સિંગની ફાઇનલ્સમાં આ ભારતીય મુક્કાબાજોએ પરચો બતાવીને ભારતને છેક છઠ્ઠા-આઠમા નંબર પરથી (૨૦૨૨ની ગઈ કૉમનવેલ્થ ગેમ્સની જેમ) ચોથા નંબર પર લાવી દીધું હતું.

હવે મુદ્દાની વાત પર આવીએ તો આ બૉક્સરોએ આગામી ૧૯મી સપ્ટેમ્બરે જાપાનના એઇચી પ્રીફેક્ચર તથા નાગોયામાં શરૂ થનારી એશિયન ગેમ્સમાં કૉમનવેલ્થ ગેમ્સ જેવી જ કમાલ કરી દેખાડવી પડશે. આવું કહેવા પાછળનું કારણ એ છે કે કૉમનવેલ્થ ગેમ્સમાં ઉઝબેકિસ્તાન અને કઝાખસ્તાન જેવા બૉક્સિંગના ચૅમ્પિયન દેશો નહોતા, પરંતુ એશિયન ગેમ્સમાં એમના બૉક્સરો ભાગ લેશે જે ભારતીયો માટે સૌથી મોટા પડકાર બનશે. કૉમનવેલ્થમાં પંચાવન કિલો વર્ગમાં સિલ્વર મેડલ જીતનાર જાદુમણી સિંહને કોચિંગ આપનાર સરિતા દેવીનું કહેવું છે કે 'કૉમનવેલ્થ ગેમ્સની બૉક્સિંગમાં અમુક એવા દેશો નાના હતા અને કેટલાક સવા નવા હતા. બીજી રીતે કહીએ તો આવા દેશોની બૉક્સરો ઉઝબેકિસ્તાન અને કઝાખસ્તાનની મુક્કાબાજો જેવી પડકારરૂપ નહોતી. માત્ર ઇંગ્લૅન્ડની બૉક્સરો સામે ભારતીયોની આકરી કસોટી થઈ હતી.'

સરિતા દેવીની ભારતીય મહિલા બૉક્સરોને સૌથી મહત્ત્વની સલાહ એ છે કે 'તેમણે રિકવરી પર ખાસ ધ્યાન આપવું પડશે. કૉમનવેલ્થમાં ભાગ લઈને તેમના શરીર પર જે કંઈ નાની-મોટી ઈજા થઈ હોય એમાંથી વહેલાસર મુક્ત થવું પડશે અને પછી તરત જ સઘન પ્રૅક્ટિસ શરૂ કરવી પડશે. ભારતીય મહિલા મુક્કાબાજોને મારે એટલું જ કહેવું છે કે તેમણે કૉમનવેલ્થનું સેલિબ્રેશન ટૂંકાવીને પાંચ-છ દિવસ પૂરો આરામ કરવો જોઈએ. એશિયન ગેમ્સ નજીકમાં હોવાથી (બૅક-ટૂ-બૅક સ્પર્ધા યોજાઈ હોવાથી) મુક્કાબાજોએ ખૂબ સતર્ક રહેવું પડશે. મુક્કાબાજીમાં જીતીએ કે હારીએ, મુક્કાબાજના શરીર પર હરીફના પંચ તો લાગ્યા જ હોય એટલે આરામ અને રિકવરી અત્યંત જરૂરી છે. આપણો દેશ ખૂબ મોટો છે. મુક્કાબાજો પોતાના રાજ્યમાં, જિલ્લામાં કે ગામમાં સેલિબ્રેશન કરી રહી હશે, પણ એનો અતિરેક ન થવો જોઈએ. પૅરિસ ઑલિમ્પિક્સ બાદ આપણી મુક્કાબાજોમાં નવા જોમ, જુસ્સો અને તાકાત જોવા મળ્યા છે. એનું પ્રતિબિંબ કૉમનવેલ્થમાં જોવા મળ્યું, પણ હવે એશિયન ગેમ્સમાં વધુ આકરી પરીક્ષા આપવી પડશે. મને વિશ્વાસ છે કે ગ્લાસગોની કૉમનવેલ્થમાં આપણી બૉક્સર્સમાં જે ભરપૂર આત્મવિશ્વાસ જોવા મળ્યો અને તેઓ ગોલ્ડ મેડલ્સ જીતી એ જ આત્મવિશ્વાસને તેઓ હવે એશિયન ગેમ્સ માટે જાપાન લઈ જશે અને એમાં પણ ભારતનું નામ રોશન કરશે.' ■

**અરાઉન્ડ ધ વર્લ્ડ**

# ટ્રોન્ડહાઇમ - કથિડ્રાલ-રંગીન આર્કિટેક્ચર ને હાઇક ટ્રેલ છતાંય, સ્ટોપઓવર ટાઉન...

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@
bombaysamachar.com





**હાલમાં** જર્મનીના હીટ-વેવમાં નોર્વેનો ૨૫ ડિગ્રીનો ઉનાળો ખાસ યાદ આવે છે. જોકે જે દિવસે અમે ટ્રોન્ડહાઇમમાં હતાં તે દિવસે જરાય વાદળ વિના સતત ૨૫ ડિગ્રી હતી અને નોર્વેમાં પરસેવો કોને કહેવાય તે પણ ખબર પડવા લાગી હતી. ખરેખર દુનિયાના અલગ અલગ ખૂણામાં કેટલી ડિગ્રી ટૂ-મચ કહેવાય તેની વ્યાખ્યા અલગ હોય છે. અહીં બુવિકામાં સવારમાં ૨૦ ડિગ્રીમાં પણ અમદાવાદની ૪૦ ડિગ્રી યાદ આવતી હતી. એવામાં ટ્રોન્ડહાઇમ માટે અમે અત્યંત ભારે મને ઘરેથી નીકળેલાં. કોઈને તે ફ્યોર્ડ કિનારે મજાથી ગોઠવાયેલા રો-હાઉસમાંથી તૈયાર થઈને બહાર નીકળવાની ઇચ્છા હતી જ નહીં. ત્યાં સોસાયટીનાં લોકો ફ્યોર્ડનો પ્રાઇવેટ પૂલની જેમ ઉપયોગ કરી રહ્યાં હતાં. અમે પણ સવારમાં ત્યાં ડૂબકી મારવાનો ચાન્સ છોડ્યો નહીં. જોકે તેમાં ટ્રોન્ડહાઇમની સિટી ટ્રિપમાં મોડું થઈ ગયું.

ટ્રોન્ડહાઇમમાં કાર અન્ડરગ્રાઉન્ડમાં પાર્ક કરીને અમે પગે શહેર ખેડવાનો પ્લાન તો બનાવી લીધો હતો, પણ પછી બધે છાંયામાં ચાલવા માટે રસ્તા બદલવા પર વાત આવી ગઈ હતી. થોડી વાર માટે અમે એક મોલ અને વ્હેલ મ્યુઝિયમમાં પણ ઘૂસ્યાં. જોકે તેમાં ઘણી નવી જાણકારી પણ મળી જ. ત્યાં પહોંચતાની સાથે જ ઘણો સમય તો સાઇકલ કે સ્લાઇડર સ્કૂટર ભાડે કઈ રીતે લેવું તે તપાસ અને ચર્ચામાં વીતી ગયો. પ્લાનથી બહાર આવું કંઇક કરવાનું જો તાત્કાલિક મળી જાય તો મેળ પડી જાય, પણ તે દિવસે સન-ડે પણ હતો, એટલે ઘણી આવી ફેસિલિટીની ઓફિસો બંધ હતી. બધું સેલ્ફ સર્વિસ માટે ખુલ્લું હતું અને અમારા જર્મની અને અમેરિકાનાં ક્રેડિટકાર્ડ પર રજિસ્ટર કરીને આગળ વધવાનું શક્ય બન્યું નહીં. અંતે અમે સ્વીકારી લીધું કે ટ્રોન્ડહાઇમમાં અમારે ચાલવું જ પડશે અને અહીંની ગરમીનો પણ કોઈ ઉપાય નથી, અમારો આગળનો રસ્તો જરા સરળ બની ગયો. થોડી જ વારમાં આ શહેર અમારી સામે એવી રીતે ખૂલી ગયું કે અમને પ્રશ્ન થવા લાગ્યો કે આવું અનોખું શહેર નોર્વેના મેઇનસ્ટ્રીમ ડેસ્ટિનેશનના લિસ્ટમાં કેમ નથી?

મોટાભાગનાં લોકો ટ્રોન્ડહાઇમમાં 'રસ્તામાં આવે છે તો જોઈ લઈએ', એ મૂડથી આવતાં હોય છે. અમારું પણ કંઇક એવું જ હતું.




અમારે હવે ન હાઇક કરવું હતું, ન કોઈ મોટા પ્લાન હતા, એવામાં શહેરનું કથિડ્રાલ જોવા માટે અડધો કલાક તડકામાં ચાલવું પડ્યું તે બધાને ખટક્યું તો હતું જ. રસ્તામાં એક બ્રિજ આવ્યો. નિડેલ્વા નદી છેક કથિડ્રાલ સુધી સાથે આવી. બધે જિરેનિયમનાં લાલ ફૂલો વચ્ચે લોકો મજા કરવા નીકળેલાં. કાફે અને બાર ભરેલાં હતાં. રસ્તામાં જિલાટો ટ્રકનો અમે પણ ઉપયોગ કર્યો. જિલાટો ખાઈને જે ઠંડક મળી હતી તે માંડ વીસ મિનિટ ચાલી.

કથિડ્રાલ, ચોક, માણસો, કાફે, આમ્બિયાન્સ, આ બધું તો યુરોપના દરેક શહેરમાં છે. એટલે જ કદાચ લોકો ટ્રોન્ડહાઇમને સ્ટોપઓવર શહેરની જેમ ટ્રીટ કરીને અહીંથી આગળ ચાલતાં થાય છે. ઓસ્લો અને બર્ગન પછી આમ પણ આ ત્રીજા નંબરનું મોટું શહેર છે. અહીં ઘણી નોકરીઓ તો છે જ, એ તો અહીં રસ્તે દેખાતાં લોકલ બની ચૂકેલાં ભારતીયો જોઈને જ સમજી શકાતું હતું, પણ અહીં ટૂરિસ્ટને જકડી રાખે તેવું ખાસ કંઈ નથી. હા, શિયાળામાં અહીં કથિડ્રાલ પર પણ ક્યારેક નોર્ધર્ન લાઇટ્સ જોવા મળી જાય છે. એ જરૂર અનોખું લાગતું હશે.

થોડા કલાકોમાં અહીં બીજી એક વાત સ્પષ્ટ થઈ ગઈ. રસ્તામાં ઘણાં યુવાનો દેખાતાં હતાં. આ વૃદ્ધ યુરોપિયન શહેર ન હતું. અહીં જોબ્સ અને કંપનીઓ સાથે યુનિવર્સિટી પણ છે. ટ્રોન્ડહાઇમના એક પછી એક પ્લસ પોઇન્ટ્સ અમારી સામે આવ્યે જતા હતા. જોકે તે બધાં ગરમી અને અકળામણ સામે ટકીને લડી શકે એટલા સક્ષમ લાગતા ન હતા. અહીં મિટ્બ્યેન તરીકે ઓળખાતા સિટી સેન્ટરની છ કિલોમીટરની સર્કિટ હતી, તેને પતાવવામાં હાંફી રહ્યાં, પણ ટ્રોન્ડહાઇમ અમારું નોર્વેનું મનપસંદ શહેર બની શક્યું નહીં. અહીં ખરેખર થોડો એક્ટિવિટી સાથે સમય વિતાવો તો જ કદાચ આ શહેર વધુ યાદગાર લાગે. બાકી હવે અમે ઓસ્લો પહોંચીને કયો ઓપરા શો જોઈશું અને કયા મ્યુઝિયમમાં કેટલો સમય વિતાવીશું એ ચર્ચા પર આવી ગયાં હતાં. અહીં એક કાફેમાં બેઠાં એ પણ નોવેલ્ટીવાળું તો હતું જ, પણ આજકાલ દુનિયાભરનાં કાફે જાણે એકસરખાં બની ગયાં છે. બધે એક જ વાઇબ હોય તેવું લાગતું હતું. એવામાં એ કાફે અમને ટ્રોન્ડહાઇમ સાથે કનેક્ટ કરવાને બદલે અમારા આવનારા સ્ટ્રેચનું પ્લાનિંગ કરવા માટે પ્રેરતું હતું.

ઇલાબેક્કેન પાસે અમે લેક તરફની એક નાનકડી ટ્રેક પણ લઈ જોઈ. ત્યાં પણ અંતે તો બધાં જઈને પાણીમાં જ પડતાં હતાં. નિડારોસ કથિડ્રાલની આસપાસ વૃક્ષો અને ઐતિહાસિક ઇમારતની છાંવમાં લોકો પિકનિક મેટ પાથરીને ફેલાયેલાં હતાં. શહેરનું આર્કિટેક્ચર, એસોટેરિક આર્ટ અને ઇમારતોના રંગો તો ખાસ યાદ રહી ગયાં છે. જો ટ્રોન્ડહાઇમમાં જ રોકાયાં હોત અને મોસમ જરા હળવી હોત તો કદાચ શહેર વધુ રિલેક્સ થઈને માણી શકાયું હોત.

એક સમયે ફિશિંગ મ્યુઝિયમમાં અમે અહીં કઈ રીતે માછીમારી



થાય છે, કયા પ્રકારની માછલીઓ દુનિયાભરમાં એક્સપોર્ટ થાય છે અને નોર્વેનો ફિશિંગનો ઉદ્યોગ પણ પેટ્રોલિયમ જેટલો જ મહત્ત્વનો છે, તે વાત પણ એક ડોક્યુમેન્ટ્રી જોતાં જોતાં ઝોંકા પણ ખાઈ આવ્યાં. ત્યાં એસીમાં જરા હળવાશ અનુભવાતી હતી. તેમાં બધાનો માછલીઓ વિષે વધુ જાણવાનો ઉત્સાહ જાણે બમણો થઈ ગયો હતો. પહેલાં તો પ્લાન હતો કે અહીં હાર્બર પર સનસેટ જોવા રોકાઈશું, પછી યાદ આવ્યું કે અહીં તો મોડી રાત પહેલાં સનસેટ ક્યાં થાય છે. વધુ સમય વેડયા વિના બધાં એકદમ મજાથી ફરી અન્ડરગ્રાઉન્ડ પાર્કિંગમાં કાર પાસે આવ્યાં. આગળની પાર્ટી તો બુવિકામાં ઘરે જ થવાની હતી.■

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

# બ્રાઝિલનું તરતું સાંસ્કૃતિક કેન્દ્ર - એક્વાપ્રાકા

હેમંત વાળા
feedback@
bombaysamachar.com








**માનવીને** શરૂઆતથી જ પાણી પ્રત્યે અપાર આકર્ષણ રહ્યું છે. આમ તો હવા પછી પાણી જીવનનાં અસ્તિત્વ માટે બીજું સૌથી જરૂરી તત્ત્વ છે, પરંતુ તે ઉપરાંત પણ પાણી માનવીનાં જીવનમાં અન્ય ઘણાં પરિમાણો ઉમેરે છે. પાણીથી શાંતિ, ઉત્સાહ, તાજગી, પવિત્રતા, સ્વચ્છતા, નિર્મળતા, ઊર્જા, તલ્લીનતા, સુંદરતા તેમ જ રસિકતાની અનુભૂતિ પણ થઈ શકે. જીવન જરૂરિયાત માટે પાણી સુધી પહોંચવા માટે માનવીએ વિવિધ પ્રકારના બાંધકામનું સર્જન તો કર્યું જ છે પરંતુ સાથે સાથે પાણી સાથે સંકળાયેલી અન્ય બાબતોની અનુભૂતિ માટે પણ સ્થાપત્યમાં વિવિધ પ્રયોગો થયાં છે. બ્રાઝિલના બેલેમમાં એક્વાપ્રાકા નામનો આવો એક પ્રયોગ તેની ચોક્કસ વિશેષતાઓને કારણે ઉલ્લેખનીય છે. સ્થપતિ કાર્લો રાટ્ટી એસોસિએટી, હોવેલર યુન આર્કિટેક્ચર દ્વારા માત્ર ૪૦૦ ચોરસ મીટરની તાજેતરમાં તૈયાર થયેલી આ રચના પાણીની અંદર એક મંચ પર આધારિત છે. તેની સાથે સંકળાયેલ ઉપયોગિતાના પ્રકારને કારણે તે 'તરતાં સાંસ્કૃતિક મંચ' અર્થાત 'ફ્લોટિંગ કલ્ચરલ પ્લાઝા' તરીકે ઓળખાય છે. બ્રાઝિલમાં સીઓપી-૩૦ની જે યુએન ક્લાઈમેટ ચેન્જની કોન્ફરન્સ યોજાઈ હતી તેમાં આ નાની પણ સીમાચિહ્ન રચના બની રહી હતી. સ્થાપત્યમાં મહત્વ સ્થાપિત કરવા રચનાની વિશાળતા જરૂરી નથી.

એમેઝોન નદી પ્રણાલીમાં એક્વાપ્રાકાનો તરતો મંચ કુદરત સાથેની એક રસપ્રદ અને આકર્ષક સંપર્ક વ્યવસ્થા સ્થાપિત કરે છે. આ રચનાનું સ્થાન એમેઝોન નદી પ્રણાલી અને એટલાન્ટિક મહાસાગરના સંગમ પર હોવાથી અહીં મીઠાં અને ખારાં પાણી વચ્ચે એક પ્રકારનું સમીકરણ સ્થાપિત થાય છે. આ બંને પ્રકારનાં પાણી પરસ્પર અનુકૂળ થતાં થતાં પોતાની વિશેષતા પણ દર્શાવતાં રહેતાં હશે. સ્વાભાવિક રીતે આ મકાનની રચનાના પ્રકારની કારણે અહીં કુદરતી હવા અને પ્રકાશ વિપુલ પ્રમાણમાં પ્રાપ્ત હોય, કુદરતી દૃશ્યનો નજારો અદ્ભુત હોય, આંખને ઠંડક મળતી હોય, કાનને ઠંડી હવાના સુસવાટા સંભળાતા હોય, મન શાંતિ અને સંતોષની અનુભૂતિ કરતું હોય, કુદરત સાથે મુક્તપણે સંવાદ સ્થાપી શકાતો હોય, કુદરતની વિશાળતામાં મોકળાશ અનુભવાતી હોય અને સાથે કુદરતની મર્યાદાઓની સ્વીકૃતિ પણ હોય. અહીં કુદરતની વિશેષતાની જાળવણી સાથે માનવ સર્જનનું મહત્ત્વ સ્થાપિત થાય છે. એમ માની શકાય કે અહીં સાંસ્કૃતિક કાર્યક્રમો અને પર્યાવરણ-લક્ષી ચર્ચા માટે એક યોગ્ય મંચ મળી રહે.

પાણીથી સૌથી નજીક પહોંચવાની અને છતાં પણ ભીના ન થવાની ચાહનું આ પરિણામ છે. કુદરત પ્રત્યેની સંવેદના માટેની આ એક નક્કર અભિવ્યક્તિ છે. પ્રકૃતિનાં અસ્તિત્વને સંપૂર્ણતામાં સ્વીકારીને નિર્માણ કરવાનો આ અભિગમ છે. કુદરત વચ્ચે માનવ-સર્જનની આ પ્રતિકાત્મક હાજરી છે અને કુદરતની વિશેષતાઓની સ્વીકૃતિ માટેની પ્રતિબદ્ધતા પણ છે. પ્રકૃતિ સાથેના સકારાત્મક સંવાદની આ અનેરી તક છે. એકંદરે એમ કહી શકાય કે આ કુદરત અને માનવીનાં સર્જનના સહ-અસ્તિત્વનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. કુદરતના પડકારથી પ્રાપ્ત થતી રચનાત્મક સમૃદ્ધિનું આ સરળ અને સાદું સ્વરૂપ છે. આધુનિક સ્થાપત્યમાં જે 'કઠોરતા' અને ગ્લેમર યુક્ત આડંબરનું મહત્ત્વ વર્તાય છે તેની સરખામણીમાં આ રચના સ્થાપત્યકીય લવચીકતા તેમજ કુદરત-સંરેખિત અભિગમની તરફેણ કરે છે. એક દ્રષ્ટિકોણ પ્રમાણે આ રચના થકી કુદરત-પ્રતિભાવશીલ સ્થાપત્ય અનોખી રીતે વ્યાખ્યાયિત થાય છે.

સરળતાથી તરતો રહી શકે તેવો ફરસનો આકાર, વચ્ચે લંબચોરસ છેદવાળી પરવલયાકાર લોખંડની પાઇપના માળખાથી ટેકવાયેલી નીચેથી ગ્રીડ સમાન જણાતી પાતળી સપાટી જેવી છત, લગભગ ૧૫૦ પ્રેક્ષકોની ક્ષમતાવાળી અનૌપચારીક જણાતી છતાં પણ ઔપચારિક બેઠક વ્યવસ્થા, બેઠક વ્યવસ્થાની વચમાં જળવાયેલો પાણી સાથેનો સંપર્ક, સરળ કહી શકાય તેવી રેલિંગ તથા પેરાપીટ, વિગતિકરણમાં રખાયેલી સાદગી તેમજ શાંતિની અનુભૂતિ કરાવતો સફેદ રંગ; આ રચનાના વર્ણન માટે આટલું કહી શકાય. એક અભિપ્રાય મુજબ અહીં કશું જ બિનજરૂરી કે વધારાનું નથી.

તેથી જ ક્યારેક એમ જણાય છે કે આ રચના ન્યૂનતમવાદી છે, પરંતુ તેને કારણે તેની પાછળ કરાયેલ ખર્ચની સરખામણીમાં તેની ઉપયોગિતા મર્યાદિત રહેતી હશે, પરંતુ જો કુદરત સાથેનું રસપ્રદ સાનિધ્ય પ્રાપ્ત થતું હોય તો આ માન્ય છે. એમ પણ જણાય છે કે અહીં જ્યારે સાંસ્કૃતિક કાર્યક્રમ અને તેમાં પણ ખાસ કરીને સંગીતસભાના આયોજન વખતે ધ્વનિના પ્રસારણમાં તકનીકી પ્રશ્નો ઊભાં થતાં હશે. અહીંનો આવનજાવનનો માર્ગ પ્રમાણમાં સીમિત જણાય છે જેને કારણે ક્યારેક અકસ્માત થવાની સંભાવના બની રહે. આબોહવાના વિપરીત પરિબળો સામે અસરકારક રક્ષણ આપવા આ રચના નિષ્ફળ રહેશે તેમ જણાય છે. આ બધી બાબતોથી પણ આ રચનાનું મહત્ત્વ ઓછું નથી થતું.

એમેઝોન પ્રદેશની ભરતીની ગતિવિધિઓને કુદરતી રીતે અનુકૂલન રહેનાર એક્વાપ્રાકા નામનો એક તરતો જાહેર મંચ તેની આગવી રચનાને કારણે વિશ્વનું ધ્યાન ખેંચી રહ્યો છે. અહીં વધતાં પાણીનો પ્રતિકાર કરવાને બદલે, આ મંચ ભરતી સાથે ઉપર ઊઠે છે અને પછી પાછો નીચે આવી જાય છે. તક્નીકી રીતે એમ કહી શકાય કે રોજ બદલાતાં પાણીના સ્તર સાથે પણ સ્થિર રહેવા આ રચના સક્ષમ છે. પાણીના સ્તરનાં બદલાવને કારણે આ રચનાની અનુભૂતિમાં સતત જે નાટકીય બદલાવ આવતો રહેતો હશે તે મુલાકાતીઓ માટે આકર્ષણ બની રહે. તેને કારણે જ, એક અભિપ્રાય મુજબ આ પરિકથા જેવું સ્થાન છે. જે વ્યક્તિમાં હજુ બાળ-ભાવના જાગૃત છે એ વ્યક્તિને આ રચનાનું આકર્ષણ રહેવાનું. ■

## વિશેષ

# મિત્રતા પણ એક ફાયદામંદ ઈન્વેસ્ટમેન્ટ છે

અપરાજિતા
feedback@
bombaysamachar.com

**આજના જમાનામાં** મોબાઈલની સ્ક્રિન પર આંગળી ફેરવતાં જ સેંકડો નામ સામે આવી જાય છે. સોશ્યલ મીડિયા પર હજારો મિત્ર, ફોલોઅર્સ અને અગણિત ગ્રૂપ હોય છે જેને જોઈને સહજ જ કહી શકાય છે કે વર્તમાનમાં એકમેકનો સંપર્ક સાધવાનું કામ અગાઉની સરખામણીએ ખૂબ જ સરળ છે, પરંતુ એક પ્રશ્ન સતત આપણી સામે રહે છે કે આટલા બધા સંપર્કો છતાં આજકાલ શું આપણે અગાઉની સરખામણીએ વધુ એકલા નથી પડી ગયા? ડિજિટલ વિશ્વએ મિત્રતાને વધુ ગાઢ બનાવી છે કે પછી તેને એક ક્લિક સુધી જ સીમિત રાખી દીધી છે? આ જ કારણે મનોવૈજ્ઞાનિકો અને સામાજિક નિષ્ણાતો વારંવાર કહેતા રહે છે મિત્રતા એ માત્ર એક ભાવનાત્મક સંબંધ જ નહીં, પરંતુ જિંદગીનું સૌથી મૂલ્યવાન રોકાણ છે. આ એવું રોકાણ છે જેનો લાભ ધનના સ્વરૂપે નહીં, પરંતુ માનસિક શાંતિ, આત્મવિશ્વાસ, વધુ સારા આરોગ્ય અને જીવનના મુશ્કેલ સમયમાં આધારના સ્વરૂપમાં મળે છે.

મિત્રના જન્મદિવસે તેને શુભેચ્છા પાઠવી દઈએ છીએ, તેની પૉસ્ટને લાઈક કરી દઈએ છીએ કે પછી તહેવાર નિમિત્તે ખુશી વ્યક્ત કરતા ઈમોજી સાથે શુભેચ્છા મોકલીને આપણે માની લઈએ છીએ કે દોસ્તીનો સંબંધ નિભાવી લીધો. જોકે સાચી મિત્રતા માત્ર ડિજિટલ હાજરી કે ડિજિટલ સાથ પર જ નિર્ભર નથી કરતી તેમાં સમય, સંવેદના અને સંવાદ પણ જરૂરી હોય છે. મિત્રતાને પણ એક પ્રકારનું રોકાણ એટલે કહી શકાય છે કેમ કે તેમાં પણ પૂંજીનું રોકાણ કરતા રહેવું પડે છે. માત્ર ફરક એટલો જ હોય છે કે અહીં પૂંજીનો મતલબ પૈસા નહીં, પરંતુ આપણો સમય, વિશ્વાસ અને ઈમાનદારી હોય છે જે મિત્રો એકમેક માટે ઉપલબ્ધ રહેવાની ભાવના સાથે ખર્ચ કરે છે.

વૈજ્ઞાનિક સંશોધનના તારણો દર્શાવે છે કે મજબૂત સામાજિક સંબંધો વ્યક્તિના માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય પર હકારાત્મક પ્રભાવ પાડે છે. જે લોકો પાસે ભરોસાપાત્ર મિત્ર હોય છે એ લોકોમાં અન્યોની સરખામણીએ તણાવનું સ્તર અપેક્ષિત રીતે જ ઓછું જોવા મળે છે. આવા લોકોની મુશ્કેલ સમયનો સામનો કરવાની ક્ષમતા વધે છે. સારા સામાજિક સંબંધો હતાશાના જોખમને દૂર કરે છે અને જીવનને વધુ ગુણવત્તાસભર બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જોકે મિત્રતામાં તિરાડ પડવા માટે આપણે માત્ર ડિજિટલ



માધ્યમને જ સંપૂર્ણપણે દોષી ન ઠેરવી શકીએ. ટૅક્લોલોજીએ તો દૂર રહેતા મિત્રોને આપસમાં જોડી રાખવાનું અસાધારણ કામ કર્યું છે અને તેને કારણે વિદેશમાં રહેતા મિત્રો પણ પળવારમાં વીડિયો કૉલ મારફતે આમનેસામને હોય છે. જૂના સહાધ્યાયીઓ સાથે વરસો બાદ સંપર્ક સાધવાનું સરળ બન્યું છે એટલે સમસ્યા ટૅક્નોલોજી નથી. ઊલટું ટૅક્નોલૉજીએ તો સુવિધા કરી આપી છે. સમસ્યા આપણે વધુને વધુ વ્યાવસાયિક માનસિકતા ધરાવતા થઈ ગયા છીએ એ છે જેમાં પ્રત્યેક ક્ષણને આપણે આપણા માટે લાભદાયક બનાવવા માગીએ છીએ અને તેને કારણે માત્ર મિત્રતા જ નહીં તમામ સંબંધોમાં અંતર વધી રહ્યું છે.

ખરેખર તો આજની પેઢી સામે સૌથી મોટો પડકાર એ છે કે તે સતત કનેક્ટેડ રહેતા હોવાને કારણે જ પોતાને ડિસ્કનેક્ટેડ અનુભવવા લાગી છે. લોકો સોશ્યલ મીડિયા પર પોતાની સફળતા શૅર કરે છે, પરંતુ પરેશાની છુપાવે છે. હસતા ચહેરા પાછળ છુપાયેલો તણાવ, એકલતા અને અસુરક્ષા માત્ર એક સાચો મિત્ર જ ઓળખી-સમજી શકે છે.

મિત્રતાનું રોકાણ ત્યારે જ સફળ બને છે જ્યારે તેમાં લાભ લેવાની કોઈ માનસિકતા ન હોય. આજે સંબંધોમાં લોકોનો ઉપયોગ કરવાની ભાવના જે રીતે હાવી થઈ ગઈ છે તેને કારણે જ આપણે આવી વ્યક્તિ સાથે મિત્રતા જાળવી રાખવા માગીએ છીએ કે પછી જૂની મિત્રતા ચાલુ રાખવા માગીએ છીએ જે આપણા કામની હોય, પરંતુ સાચી મિત્રતા આવી ભાવના નથી રાખતી.

જેમ જેમ ઉંમર વધતી જાય છે તેમ નવા મિત્રો બનાવવાનું મુશ્કેલ બને છે અને એટલે જ જૂના મિત્રોને જાળવી રાખવા એ પણ એક પ્રકારનું ભાવનાત્મક રોકાણ જ છે. સમયાંતરે તેમને મળતા રહેવું જોઈએ, વાતચીત કરતા રહેવું જોઈએ. તેમની ખુશી અને પરેશાનીમાં કોઈપણ કિંમતે સહભાગી બનવું જોઈએ તો જ સાચી મિત્રતાનો સંબંધ જીવંત રહે છે.

એટલે જ જીવનમાં સાચા મિત્રો હોવા જરૂરી છે અને એ ત્યારે શક્ય બનશે જ્યારે તમે સજાગ રહીને મિત્રતા જાળવી રાખવા સમય અને સંવેદનાઓનું રોકાણ કરશો. ■




ભલ ભલાને પહોંચી વળવા સક્ષમ છું તો પછી મારે શા માટે કોઈનો ભય હોવો જોઈએ? અને મારે એ લોકોને શા માટે ભાઈઓ ગણવા જે મને પોતાની દુશ્મન સમજે છે...

ઉદાસ આંખે સોનલ છતને તાકી રહી. સોનલના હાથના પંજા પર આંગળી ઘસતાં સનતે કહ્યું, 'ઓકે. ચાલો. તે પછી શું થયું? સંજય ક્યાં ગયો?'

'તે એના કોઈ ફ્રેન્ડને ત્યાં ચાલ્યો ગયો હતો. સંજયના ચાલ્યા ગયા પછી ઘરમાં પણ ઉદાસી છવાયેલી રહી. પપ્પા કે મમ્મી શો રૂમ પર ચાલ્યા ગયા. હું મારા રૂમમાં પુરાઈ રહી. નોકરો સુન્ન થઈ ગયા હતા. લગભગ એકાદ વાગે મારી નાની ભાભીએ મારા દરવાજા પર નોક કર્યું. મેં દરવાજો ખોલ્યો. એ પુતળાની જેમ મને જોઈ રહી. તે આવીને મારા બેડ પર નીચું જોઈને બેસી રહી. ખાસી મીનીટ પસાર થયા પછી તે બોલી, 'બહેન જમવા તો આવશો ને? હું તમારી રાહ જોતી હતી.'

મને વહાલ જાગ્યું. મેં એને ધીરેથી કહ્યું, 'ભાભી તમે ટેબલ પર જાઓ હું આવું છું.' મને ખાવાની જરાય ઈચ્છા નહોતી. પણ મારી ભાભી માટે બેસવું પડે તેમ હતું. નોકરોને મારા તરફ વિશેષ લાગણી હતી. હું ટેબલ પર આવી એટલે મહારાજે તરત બાજુમાં આવીને શાલીનતાથી પૂછ્યું, 'બહેન કંઈ ખાસ બનાવી દઉં?'

એ પગારદાર માણસના અવાજમાં વ્યક્ત થતી લાગણી જોઈ મેં આંસુ માંડ કંટ્રોલ કર્યા. મેં હજુ માંડ બે ચાર કોળિયાં ભર્યા હશે ત્યાં ભાભીના સેલફોનની રીંગ વાગી. ભાભીની આંખોમાં ચિંતા દેખાઈ. હું સમજી ગઈ કે જયનો ફોન હશે. 'સોરી હોં બહેન.' કહીને ભાભી ઉઠી ગઈ. બાજુના રૂમમાંથી ભાભીનો દબાયેલો અવાજ આવતો હતો. તે થોડીવારે બહાર આવી. જાણે કોઈ ગુનો કરતી હોય તેમ મને કહ્યું, 'જય છે. તમારી સાથે વાત કરવા માગે છે.' એમ કહીને તેણે મને ફોન આપી દીધો. મેં જરાય ડર્યા વગર ફોન કાન પર ગોઠવી હલ્લો કહ્યું. જય શબ્દો ગોઠવીને બેઠો હોય તેમ બોલ્યો, 'તો સોનલ ઝવેરી આખરે તમે તમારું ધાર્યું કર્યું એમ? હવે તો ખુશ છો ને?'

'જય, હું અને ભાભી જમીએ છીએ. તારે ઝઘડો કરવો છે તો અહીં આવીને કરી જા. હું સાચી છું એનો કોઈ પુરાવો મારે તને નથી આપવો.'

'મને કોઈ પુરાવા જોઈતા નથી. જે ઘરનો માલિક છે તેને ઘર છોડવાનો સમય આવ્યો. તેં આટલાં વર્ષોમાં જે કરવાનું હતું તે કરી લીધું. હવે મારે તારા મૂળિયા શોધવા પડશે. સોનલ હું પપ્પાને પણ માફ નહીં કરું.'

મને જયના છેલ્લા શબ્દો સાંભળી ઝાટકો વાગ્યો. મેં વાત ટાળવા માટે જ કહ્યું, 'જો ભાઈ. તમે મને બહેન નથી માનતા. છતાં તમને ભાઈના નાતે કહું છું કે, ન તો મને તમારી મિલકતમાં રસ છે, ન તો મેં તેને ઘર છોડી જવાનું કહ્યું છે. સંજય પોતાની મરજીથી ગયો છે.'

'એ તો અમે બેય ભાઈઓ હિસાબ કરી લઈશું. તું આજે શાંતિથી ખાઈ લે.' તેણે ફોન કટ કરી નાખ્યો. જયની વાઈફને તેને અંદાજ હતો કે અમારી વચ્ચે શું વાત થઈ હશે. મને જમવામાં આમેય રસ નહોતો. જયની વાત સાંભળી મને થાળી પરથી ઉઠી જવાનું મન થયું. જો હું ઉઠી જાત તો ભાભી પણ જમત નહીં. એટલે જમવાનો અભિનય કરતી હું બેસી રહી. તે જમીને તરત પોતાના રૂમમાં ચાલી ગઈ. મારું અસ્થિર મન કોઈ એક વાત પર વિચાર કરી શકતું નહોતું. મને થયું કે મારે રત્નાકરજીને આ વાત કરવી જોઈએ. મેં ઘડિયાળ જોઈ અને રત્નાકરજીને ફોન જોડ્યો. તેમણે પહેલી રીંગમાં જ ફોન ઉપાડ્યો, 'બોલો બેન કેમ છો? શું કરો છો?'

'દાદાજી આજે ફરી બેન? મને એમ હતું કે બેટા કહેશો.' મેં જરા હળવા ટોનમાં કહ્યું.

'બેટા તું મને લાગણીના તાકામાં એટલો વિંટતી નહીં કે હું ગુંગળાઈ જાઉં. બોલ કંઈ નવાજુની છે?'

'દાદાજી કેટલી ગણાવું? હું અકળાઈ ગઈ છું. ડરી પણ ગઈ છું. સંજય ઘર છોડીને ચાલ્યો ગયો છે. જયે ફોન કરીને જોઈ લેવાની ધમકી આપી દીધી છે. મને એમ હતું કે હું ઝંઝટમાંથી ફ્રી થઈશ. ઉલ્ટાનું હું વધારે ગુંચવાઈ ગઈ છું.'

'હેં સંજય ઘર છોડીને ચાલ્યો ગયો?'

'બેય ભાઈઓએ બધો દોષનો ટોપલો મારા માથે ઠાલવી દીધો છે. મેં ઈરાદાપૂર્વક પપ્પાને પાવરદાર બનાવ્યા છે અને એ લોકો હજુય એમ માને છે કે હું બધું હડપ કરી જવા માગુ છું.'

'સારું છે મારું નામ ન લીધું. એ લોકો મને છોડે એમ પણ નથી.'

મને તે વખતે હસવું આવી ગયું. મારા હસવાનો અવાજ સાંભળી રત્નાકરજી બોલ્યા, 'કેમ છોકરી હસવું આવ્યું.?'

રત્નાકરજી જે રીતે છોકરી શબ્દ બોલ્યા મને થયું રત્નાકરજી પાસે દોડી જાઉં. એમને વળગીને કહું, 'તમે જ હવે મારા દાદાજી છો. તેમનો વહાલભર્યો શબ્દ મને ખૂબ જ ગમ્યો. મેં મારી લાગણી દબાવીને કહ્યું, 'તમને લાગે છે તમારું નામ ન આવે? સંજયને શંકા છે કે આપણે બેય સાથે મળીને કાવતરું કરીએ છીએ.'

'એક વાત કહું બેન માનશો?'

'દાદાજી મને પુછો નહીં. તમે હૂકમ કરો. હું તમારી વાત શા માટે ન માનું?'

'તો દાદાજીના લોકરમાં જે કંઈ પડ્યું છે તે ઉપાડી લો અને તમારા પર્સનલ લોકરમાં રાખી દ્યો. તમે ભલે બધું જતું કરજો પણ એ લોકરમાં જે કંઈ છે તે હાથવગું રાખજો. જો એ તમારા હાથમાં નહીં આવે તો મારા મિત્રને મેં આપેલું વચન પાળ્યું નહીં ગણાય. બેન પૈસા વગર આપણા વિચારોની કે વ્યક્તિત્વની ઝાઝી કિંમત હોતી નથી. મારી આ વાત યાદ રાખજો.'

'ઓકે દાદાજી. તમને એક અગત્યની વાત કરવાની રહી ગઈ. આજે જયે નવી ધમકી આપી છે. તેણે કહ્યું કે તે રાજસ્થાનમાં મારું પગેરું શોધશે. જોકે તેણે ખાસ વાત કરી નહીં. પણ એ શેતાન કદાચ એવું કરે તો મારા નાનાના પરિવારને નુકસાન કરી શકે.'

'મને નથી લાગતું કે જયને એવી કોઈ માહિતિ મળે. જોકે તેણે કદાચ અંધારામાં તીર ચલાવ્યું છે. પણ તમે એ લોકો સાથે સંપર્ક કેમ નથી રાખ્યો? તમારે રાખવો જોઈતો હતો. ઘેર ઈઝ યોર રૂટસ. ઈટસ ઓકે મને તમે જણાવતા રહેજો. હું માનું છું કે એ બેય ભાઈઓ સંપર્કમાં જ હશે અને જય પણ આજકાલમાં આવશે. એ આવશે એટલે ઘરમાં ઝઘડો થવાનો. મારી એક વાત માનશો? તમે પપ્પાને સમજાવો કે સંજય અને જયને પ્રોપર્ટીમાંથી એમનો હિસ્સો આપી દે. એ લોકોને જે આપવા પાત્ર થતું હોય તેના કરતા વધારે આપી દો. વાત લટકેલી પડી હશે તો બધાય ટેન્શનમાં રહેશો.'

'તમારી વાત સાચી છે દાદાજી હું આજે જ પપ્પાને વાત કરીશ. જોકે આજે જય આવશે તો આપોઆપ વાત નીકળશે જ. બાય દાદાજી કહીને મેં ફોન મૂકી દીધો. રત્નાકરજી સાથે વાત કરવાથી મને રાહત થઈ. મન હળવું થયું. હું બેડ પર આડી પડી. મને ઊંઘ આવી ગઈ. એવી ઊંઘ કે જે કેટલાય મહીનાઓ પછી આવી હતી. મને કોઈએ ઉઠાડી પણ નહીં. જોકે ઉઠાડે પણ કોણ? હું ઉઠી ત્યારે મને નવાઈ લાગી. હું ચાર કલાક સુતી રહી? ઘણા સમય પછી શરીરને આરામ મળ્યો હતો. શરીર અને મન અદ્ભુત શાંતિ અનુભવતા હતા. હું બાથરૂમમાં ચાલી ગઈ. ઘણા સમય પછી મેં શરીર પર પડતા પાણીની ધારાઓનો અનુભવ કર્યો. મારું શરીર જાણે મુક્તિ ઝંખતું હતું. હું મન ભરીને નહાઈ. કેટલાય સમય પછી મારો વોર્ડરોબ ઝીણવટથી જોયો. મારી પસંદગીની ઑફ વ્હાઈટ પેન્ટ અને હલ્કા ગુલાબી રંગનું ટીશર્ટ કાઢ્યા. અરીસામાં મારું પ્રતિબિંબ જોઈને મને મારા પર વહાલ જાગ્યું. તૈયાર થઈને હું ટેબલ પર બેઠી તે સાથે જ મારાજ દોડી આવ્યો. મેં માનથી કહ્યું, 'મહારાજ આજે તમારા હાથની ફુદીનાવાળી મસ્ત કોફી પીવડાવો.' મહારાજે ખુશ થઈ મારા માટે કોફી બનાવી લાવ્યો. મારી ભાભી શરમની મારી મારી પાસે જ ન આવી. મેં મારાજને થેન્ક યુ કહ્યું. ઘરના બીજા નોકરોએ ઘણા સમય બાદ મારો બદલાયેલો લુક જોયો. તેઓ ખુશ હતા. મારો ડ્રાઈવર આજે પપ્પાની ગાડી ડ્રાઈવ કરીને લઈ ગયો હતો. મેં મારી કારની ચાવી લીધી અને બાન્દ્રા બેન્ડ સ્ટેન્ડ રોડ પર કાર દોડાવી મૂકી. મને થયું જાણે હું મુક્ત પંખી છું. મારી ઉડાન માટે આખુંય આકાશ છે. મેં મને ખુદને જ સવાલ કર્યો કે મારે સંજય જેવા મવાલીઓથી શા માટે ડરી જવાનું હોય? હું ભલ ભલાને પહોંચી વળવા સક્ષમ છું તો પછી મારે શા માટે કોઈનો ભય હોવો જોઈએ? અને મારે એ લોકોને શા માટે ભાઈઓ ગણવા જે મને પોતાની દુશ્મન સમજે છે. જેમ જેમ હું વિચારતી જતી હતી તેમ તેમ મારી અંદરથી એક બોલ્ડ છોકરી બહાર આવી રહી હતી. એવી છોકરી જે કોઈ પણ પડકારને પહોંચી વળવા તૈયાર હતી. હું કોણ છું તેની મને પહેલીવાર જાણ થઈ. જેમ જેમ વિચારોનો તંતુ લંબાતો જતો હતો તેમ તેમ મને અજીબ રોમાંચ થતો હતો. જાણે હું આખે આખી બદલાઈ રહી હતી. સંજય અને જયની ધમકીઓ અને આવનારા સમયની મને કોઈ ચિંતા જ નહોતી. હું મારું જ આંતર પરિવર્તન જોઈ રહી હતી. બાય ધ વે તમે એ વિસ્તાર જોયો છો? અદ્ભુત જગ્યા છે. દરિયાના મોજાં ચટ્ટાનોમાં અથડાઈને ચુર ચુર થઈ જતા હોય. કેટલાય લોકો એ નજારાને જોવા એકઠા થયા હોય. પોત પોતાની રીતે માણતા હોય.

'ના નથી ગયો. પણ તમે લઈ જશો તો મને ગમશે.'

'તક મળશે તો જરૂર લઈ જઈશ. હું દૂર કાર પાર્ક કરી એક ચટ્ટાન પર બેસીને આથમતા સૂરજને જોઈ રહી. મને અદ્ભુત આનંદ મળતો હતો. અંધારું ઉતરી આવ્યું ત્યાં સુધી હું ત્યાં બેસી રહી. પહેલી વાર મેં એવું ફીલ કર્યું કે હું કોઈનીય આશ્રિત નથી. મારું આ દુનિયામાં સ્વતંત્ર વજુદ છે. હું આજ પછી મારી રીતે જીવીશ. મારા નિર્ણયો મારી રીતે લઈશ. સાડા આઠ થયા એટલે હું ઉઠી. મેં કાર સ્ટાર્ટ કરીને મુખ્ય રોડ પર લીધી. મુંબઈના રસ્તા પર કાર ચલાવવી મારા માટે કોઈ નવાઈ નહોતી. પણ ખાર પાસે પહોંચી ત્યારે એક બ્લ્યુ કલરની કાર મારી કારને ઘસાઈને આગળ થઈ. એટલું જ નહીં એ કાર બ્રેક થઈ અને તરત પૂર ઝડપે ભાગી. મેં મારી કારને ડાબી સાઈડ ન દબાવી બ્રેક મારી ન હોત તો બેય કાર અથડાઈ પડી હોત. ઘડીભર મને પરસેવો વળી આવ્યો. અચાનક ચિત્તમાં ખતરાની ઘંટી વાગવા માંડી. મને લાગ્યું કે એ કારમાં જે કોઈ પણ હોય, તેનો ઈરાદો મારી કાર સાથે અથડાવવાનો જ હતો. મુંબઈનો ડ્રાઈવર એટલી હદે પાગલ ન હોય કે આવી રીતે ઓવરટેઈક કરી અને તરત બ્રેક મારે.

તે છતાં હું ડરી નહોતી. ઉલ્ટાનું ઝનૂન ચડ્યુ. એ કાર ઊભી રહી હોત તો એના ડ્રાઈવરને મેં માર્યો હોત. તેમ મેં મગજ શાંત કર્યું. હા મારા ચિત્તમાં એ કારનું ચિત્ર છપાઈ ગયું હતું. મને યાદ આવ્યું એ કાર તો મારી કારની બાજુમાં જ પાર્ક કરેલી હતી. ઘરે આવી ત્યારે ડાઈનીંગ ટેબલ પર જ પપ્પા અને જય તંગ ચહેરે બેઠા હતા. મેં પપ્પા સામે એક સ્માઈલ કર્યું. મને જોઈને જયની આંખોમાં લોહી ધસી આવ્યું. (ક્રમશઃ)■


## એક નજર ઈધર ભી

કામિની શ્રોફ
feedback@
bombaysamachar.com

# માઉન્ટ આબુમાં વેક્સ મ્યુઝિયમનો લહાવો...

### સહેલાણીઓના માનીતા શહેરમાં દસેક વર્ષથી નવા આકર્ષણનો ઉમેરો થયો છે

માનવ સહજ સ્વભાવ કહો કે માનસિકતા કહો કે બીજું કોઈ નામ આપો, પારકે ભાણે લાડવો મોટો દેખાય એ અનુભવે સિદ્ધ થયું છે. સહેલ સપાટાની બાબતે વિદેશયાત્રા બહેતર, એનો જોટો જડવો મુશ્કેલ વગેરે વગેરે પ્રશંસા પુષ્પોની સુગંધમાં જ અનેક લોકોનો ઉછેર થયો એ હકીકત છે. વિદેશની સારી - અલાયદી બાબતની વાહ વાહ કરવામાં કશું ખોટું નથી, પણ જેમ એક આંગળી વિદેશ સામે ચીંધવામાં આવે છે એમ બીજી આંગળી સ્વદેશ સામે પણ ચીંધવી જોઈએ. આજની તારીખમાં આપણા દેશમાં એવા અનેક સ્થળ ઉપલબ્ધ છે જે જોઈને વિદેશીઓ પણ હરખાઈ જાય. વિદેશમાં ફરવાનો મોહ કોને ન હોય? પણ દરેકને આર્થિક રીતે એ પોસાતું ન હોય. વિદેશમાં મળતા આનંદને સમકક્ષ તો ક્યારેક વધુ મોજ કરાવતા સ્થળ આપણા દેશમાં જ ઉપલબ્ધ છે. કહે છે ને કે 'ઢૂંઢને સે તો ભગવાન ભી મિલ જાતે હૈં' એ ન્યાયે થોડું સર્ચ (લેપટોપમાં કે મોબાઈલમાં) કરો તો અનેક વિકલ્પો હાજર થઈ જશે. માઉન્ટ આબુના પ્રવાસ દરમિયાન આ વાતનો વધુ એક વાર અનુભવ થયો.



સ્વામી વિવેકાનંદનો પ્રભાવ જળવાયો છે




ગાંધીજી માટે આદર અકબંધ છે


વડા પ્રધાન સાથે ફોટો પડાવવા પ્રવાસીઓ આતુર



અબ્દુલ કલામ માટે કુતૂહલ જોવા મળ્યું



આઈન્સ્ટાઈનઃ વિદેશી વૈજ્ઞાનિકને સ્થાન

### વેક્સ મ્યુઝિયમ

માઉન્ટ આબુમાં સરસ મજાના ટૂ બેડરૂમ વિથ એર કન્ડિશન્ડ એર બીએનબી ફ્લેટમાં હોટેલ કરતા ઓછા પૈસે રહેવાનો મોકો મળતા રાજી થયા. છોગામાં ફ્લેટ ઓનર પાસે કાર હોવાથી એ શોધવાની અને રેટની રકઝક કરવાની માથાકૂટમાંથી મુક્તિ મળી. ક્યાંય ઉતાવળ નહીં કરવાની ખાતરી સાથે પાંચ સ્થળે લઈ જશે એની બાંયધરી આપી. સ્થળની યાદીમાં દેલવાડા દેરાસર, નખી લેક, ગુરુ શિખર, પાંચ શિવલિંગ ધરાવતું શ્રી સોમનાથ મહાદેવ મંદિર, અચલેશ્વર મહાદેવ અને સેલિબ્રિટી વેક્સ મ્યુઝિયમ. બાકીનાં બધાં સ્થળ વિશે જાણકારી હતી પણ આબુમાં વેક્સ મ્યુઝિયમ? કુતૂહલવશ ડ્રાઈવરને પૂછતાં ખબર પડી કે પંદરેક વર્ષથી વિદેશના વેક્સ મ્યુઝિયમ જેવું મ્યુઝિયમ અહીં શરૂ કરવામાં આવ્યું છે. આ મ્યુઝિયમના જન્મ સાથે જોડાયેલી નાનકડી કથા પણ રસપ્રદ છે.

મ્યુઝિયમની સ્થાપના લાભુરામ દેવાસી દ્વારા ભારતમાં આંતરરાષ્ટ્રીય સ્તરની કળા લાવવાના હેતુથી કરવામાં આવી હતી. લલિત દેવાસીની કલાત્મક કુશળતાના કારણે જ આજે માઉન્ટ આબુ અને લોનાવલા બંને જગ્યાએ આ મ્યુઝિયમ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. મ્યુઝિયમની અંદર પ્રવેશતા જ એક બોર્ડ નજરે પડે છે જેની ઉપર અંગ્રેજીમાં આ મુજબનું લખાણ છેઃ શિલ્પી લલિત દેવાસીનો જન્મ રાજસ્થાનના જાલોર જિલ્લાના એક ગામમાં થયો હતો. ફાઈન આર્ટ્સમાં ડિપ્લોમા મેળવ્યા પછી તેમણે શિલ્પો બનાવવાની શરૂઆત કરી. સૌપ્રથમ ૨૦૦૯માં તેમણે કૃષ્ણ ભગવાનની મૂર્તિ તૈયાર કરી. લંડન તેમ જ ન્યૂ યોર્ક, સિડની, દુબઈ, ટોક્યો સહિત વિવિધ શહેરોમાં માદામ તુસો વેક્સ મ્યુઝિયમ છે, પણ અનેક લોકો વિવિધ કારણસર એ સ્થળે જઈ એને માણી નથી શકતા. ભારતમાં અને એ પણ રાજસ્થાન અને આસપાસના વિસ્તારના લોકો એ જોવાનો આનંદ મેળવે એ આશય સાથે દસેક વર્ષ પહેલાં માઉન્ટ આબુમાં વેક્સ મ્યુઝિયમ તૈયાર કરવામાં આવ્યું હતું. માઉન્ટ આબુ આવતાં સહેલાણીઓ આ મ્યુઝિયમ જોવા આવે છે અને હેરત પામે છે.

### મહાનુભાવોની પ્રતિકૃતિ

અન્ય વેક્સ મ્યુઝિયમની સરખામણીએ અહીં ઓછી સેલિબ્રિટી જોવા મળે છે. જોકે, આવી ફરિયાદ કરવાને બદલે સહેલાણીઓથી ઉમટતા આ નાનકડા નગરમાં આવું મ્યુઝિયમ જોવા મળે છે એનો આનંદ લેવાનો હોય. ભારતીય મહાનુભાવોમાં મહાત્મા ગાંધી, સ્વામી વિવેકાનંદ, રવીન્દ્રનાથ ટાગોર, સરદાર વલ્લભભાઈ પટેલ, વડા પ્રધાન નરેન્દ્ર મોદી સહિત અન્ય નજરે પડે છે. દરેક પ્રતિકૃતિ તૈયાર કરવામાં ખૂબ જ ચીવટ અને સખત મહેનત ઊડીને આંખે વળગે છે. વિજ્ઞાન સંબંધી ડૉ. એપીજે અબ્દુલ કલામ છે અને આલ્બર્ટ આઈન્સ્ટાઈન, ડૉ. એલેક્ઝાન્ડર બેલ સુધ્ધાં છે. છત્રપતિ શિવાજી મહારાજ, શહીદ ભગતસિંહ, ડૉ. બાબાસાહેબ આંબેડકર અને મોહમ્મદ રફીની હાજરી સુધ્ધાં છે. અન્ય વિદેશી મહાનુભાવોમાં અબ્રાહમ લિંકન, ચાર્લી ચેપ્લિન અને જેકી ચેન પણ છે. મ્યુઝિયમનો આનંદ લેતી વખતે એક વાત ખટકી કે જાણકારી આપતા સ્વયંસેવકો પાસે અત્યંત અધકચરી અને અમુક સાવ ખોટી જાણકારી હતી. સહેલાણીઓ સુધી સાચી અને સઘન માહિતી પહોંચે એને પ્રાધાન્ય આપવું જ જોઈએ.

માઉન્ટ આબુ જાઓ ત્યારે આ મ્યુઝિયમની મુલાકાત અવશ્ય લેજો.

### અન્ય આકર્ષણ

મ્યુઝિયમની સાથે સાથે નાઈન ડી સિનેમા, હોરર હાઉસ, મિનિએચર વર્લ્ડ અને મિરર મેઝ જેવા આકર્ષણો પણ છે. સહેલાણીઓ માટે કોમ્બો ટિકિટની વ્યવસ્થા પણ રાખવામાં આવી છે. પ્રત્યેક આકર્ષણની અલગ અલગ ટિકિટના ૭૫૦ રૂપિયા છે, પણ ૬૦૦ રૂપિયામાં કોમ્બો ટિકિટ ખરીદી બધાનો આનંદ લઈ શકાય છે. અમે મ્યુઝિયમ ઉપરાંત હોરર હાઉસ અને મિરર મેઝની મુલાકાત લીધી. આ બંને આકર્ષણ એના નામને સાર્થક કરનારા હતા. કમનસીબે એ દિવસે નાઈન ડી સિનેમા બંધ હતું. ■

## સિક્કાની ત્રીજી બાજુ

જયવંત પંડ્યા
feedback@
bombaysamachar.com

# મારવાડી ભાષાઃ થારે હિયા મેં કાંગસી ફેર

### અભાવના પ્રદેશ રાજસ્થાનમાં ભાવની કોઈ ઊણપ નથી. આગતાસ્વાગતાથી લઈને માનમર્યાદા અને વર્તન-વ્યવહારમાં આત્મીયતા ઝલકે છે. રાજસ્થાનની ભાષા પણ આવી જ છે. તે સકારાત્મક વિચારસરણીથી ભરપૂર છે.

રાજસ્થાન વીરતાનો પ્રદેશ છે, તે રણનો પ્રદેશ છે. અભાવનો પણ પ્રદેશ છે. વરસાદ હવે પડે છે, પણ પહેલાં વરસાદનો અભાવ હતો. દૂરદૂર સુધી પાણી લેવા જવું પડે. સૌરાષ્ટ્ર અને કચ્છ જેવું જ. પરંતુ નર્મદા મૈયાનો આભાર અને ૨૦૧૭માં સરદાર સરોવર બંધ યોજના પૂરી થઈ તેથી રાજસ્થાનના જેલોર સુધી પાણી પહોંચવા લાગ્યું અને જીવન ધબકવા લાગ્યું.

આપણે જાણીએ છીએ કે વરસાદ નદી કે સાગરના પાણીના બાષ્પીભવનથી બંધાતાં વાદળથી આવે છે અને એટલે જ ગુજરાતના સૌરાષ્ટ્ર-કચ્છ કે રાજસ્થાનમાં વરસાદ ધમધોકાર પડવા લાગ્યો છે.

જોકે વાત રાજસ્થાનના લોકોની સકારાત્મક વિચારસરણીની કરવી છે. શું તમને ખબર છે કે રાજસ્થાનમાં 'ઓછું' (કમ) શબ્દનો પ્રયોગ નથી કરાતો? હા, સાચી વાત છે. માનો કે ઘરમાં લોટ ઓછો થઈ ગયો હોય તો ગૃહિણીઓ એવું ન કહે કે 'આટો કમ હૈ', 'આટો ખતમ હોનેવાલો હૈ.' તે એમ કહેશે કે 'આટો બધુંય છે, પીસણોપીસાવણો હૈ.' એટલે કે દળાવવા જવાનું બાકી છે... હજારો વર્ષો પહેલાં આ લોકોને કયા મોટિવેશનલ સ્પીકર શીખવાડવા ગયા હશે કે નેગેટિવ નહીં બોલવાનું?

આ જ રીતે તે લોકો એમ પણ નહીં બોલે કે 'ખતમ હો ગયો.' તેના બદલે કહેશે, 'નિવડ ગયો', 'પૂરો વે ગિયો'.

દાદો સા, નાનો સા, બાબો સાને તેમના સંતાનનો પગાર પૂછશો તો તે કહેશે, 'રામ રાજી હૈ, દાલરોટી કી વ્યવસ્થા હો જાવે'. કેટલી સકારાત્મક વિચારસરણી! પરંતુ કોઈ માણસ સાધનસંપન્ન છે તો તેનો દેખાડો નહીં કરે. અને કોઈ ચીજ ઓછી છે તો તેનો શોક નહીં કરે. એક રીતે જોઈએ તો શ્રીમદ્ ભગવદ્ ગીતામાં શ્રી કૃષ્ણએ સ્થિતપ્રજ્ઞ વ્યક્તિનાં જે લક્ષણો કહ્યાં હતાં તે જ બધાં અહીં પરોક્ષ રીતે જોવાં મળે...

રાજસ્થાનની ભાષા અને ગુજરાતીમાં ઘણી સામ્યતાઓ છે. આ જ રીતે હરિયાણવી અને ગુજરાતીમાં પણ ઘણી સામ્યતા છે. કનપુરિયા એટલે કે કાનપુરમાં બોલાતી અને ગુજરાતીમાં પણ ઘણી સામ્યતા છે. 'હપ્પુસિંહ કી ઉલટન પલટન'માં હપ્પુસિંહ 'હતો', 'હતી' બોલે છે તે હિન્દીમાં નથી. હિન્દીમાં 'થા', 'થી' બોલાય છે. પણ ગુજરાતમાં ભૂતકાળ માટે હતો અને હતી પ્રયોગ થાય છે. આ જ રીતે 'ણ' અક્ષરનો પ્રયોગ હિન્દીમાં નહીંવત છે. મહાભારતના પાત્ર કરણથી લઈને આજના કરણ જોહરનું નામ હવે અંગ્રેજીના પ્રભાવના કારણે કરન થઈ ગયું છે,




પરંતુ હરિયાણામાં અને રાજસ્થાનમાં ગુજરાતીની જેમ જ 'ણ' અક્ષર હજુય બોલાય છે. પાણી, ઘણો ચોખ્ખો. ખમ્મા ઘણી. આ શબ્દસમૂહો ત્યાં હજુ બોલાય છે.

રાજસ્થાનમાં એક કહેવત છે, 'પગ કાદૈ મેં અર જાજમ પર બૈઠવા દે'. ગ કાદૈ મેં અર જાજમ પર બૈઠવા દે' આવી મારવાડી કહેવતનો અર્થ શું છે? એ જ કે તમે કંઈ પ્રદાન ન કરતા હો અને તમે અપેક્ષા ઘણી બધી રાખો. સર્વોચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંતજીએ જેના માટે 'કોકરોચ' શબ્દ પ્રયોગ કરેલો તેવા લોકો. આ મારવાડી કહેવતનો અર્થ એ છે કે તમારા પગ કાદવવાળા છે અને તમે જાજમ પર બેસવા માગણી કરો છો. પરંતુ સૂક્ષ્મ ભાવાર્થ એ કે તમારે માન કમાવું જોઈએ, માગવું ન જોઈએ. સામેથી માન માગો અને મળે તે શું કામનું? તમારું વ્યક્તિત્વ જ એવું હોય કે તમને સામેની વ્યક્તિ આપોઆપ માન આપે.

આના માટે તમારી બેસવાની છટા, ચાલવાની છટા, જોવાની છટા, તમારી ભાષા, તમારો વ્યવહાર એ બધું તમારે જોવું જોઈએ. જો આ બધું ગરિમાપૂર્ણ હોય તો તમને આપોઆપ માન મળે જ. ઘણી વ્યક્તિને જોઈને જ આપણને કેમ માન આપવાનું મન થાય છે?

તેનો વ્યવહાર, તેની ચાલવાની છટા, બેસવાની છટા. તમે કોઈ જગ્યાએ ગયા હો અને ત્યાં સોફા પર બેસી સામે ચાનો કપ મૂકવા માટે મૂકેલા ટેબલ પર પગ ચડાવીને બેસી જાવ તો?

તમે ઇન્ટરવ્યૂ આપવા ગયા હો અને દરવાજાને ખટખટાવ્યા વગર જ અંદર પહોંચી ઇન્ટરવ્યૂ લેનારને 'નમસ્તે' કે 'ગુડ મૉર્નિંગ' પણ ન કરો અને તે ન કહે તે પહેલાં જ ખુરસીમાં બેસી જાવ તો? તમને ત્યાંથી કાઢી જ મૂકે અથવા પાસ તો ન જ કરે. ભલે તમે ગમે તેટલા સાચા ઉત્તરો આપ્યા હોય. થોડા દિવસ પહેલાં જંતરમંતર પર જે ભાષા પ્રયોગ સેના માટે અને વડા પ્રધાન માટે થયો તેવો તો બૉસ માટે ભૂલેચૂકેય ન કરાય. ઑફિસમાંથી પાણીચું જ મળી જાય. જંતરમંતર પર જેન-ઝીના નામે જે લોકોએ જે પ્રકારની અભદ્રતા અને ગાળાગાળી કરી તેને રાજસ્થાની ભાષામાં શું કહેવાય ખબર છે?

'લાડોકડા હી માએ તારા નામ કાઢે'. નામ કાઢ્યો એટલે કુળનું નામ ઉજાળ્યું તેવો અર્થ નહીં, કુળનું નામ ડૂબાડ્યું. અતિશય લાડથી બાળક બગડી જાય અને એવું કંઈ વર્તન કરે તો આવું કહેવાય. જેન-ઝીના ઘણા લોકો અથવા ૨૧મી સદીની શરૂઆતમાં અમેરિકામાં જન્મેલા બાળક માટે કહેવાતું- એબીસીડી. અમેરિકન બોર્ન કન્ફ્યૂઝ્ડ દેશી. તેના માટે રાજસ્થાનીમાં શું કહેવાય? ગાપાચૂક. અને જંતરમંતર પર કોકરોચોએ પોતે જે ગંદી ગાળો સાથે વાતો કરી તેના માટે માફી માગી રહ્યા છે. આના માટે મારવાડી શીખામણ શું કહે છે? તમે આ લેખના શીર્ષકમાં વાંચ્યું હશે કે 'થારે હિયા મેં કાંગસી ફેર'. એનો અર્થ એ કે પોતાના મનમાં દાંતિયો (કાંસકો) ફેરવીને જુઓ. એટલે કે બોલતા પહેલાં દસ વાર વિચાર કરો. મનમાં આવે એવું ફટ દઈને બોલી ન નખાય.

આવી બીજી એક રાજસ્થાની કહેવત છે, 'પગ મેં લિથડા, કાંધે પે દુપટ્ટો'. કોઈ વ્યક્તિ લેટેસ્ટ ફોન રાખતી હોય, પણ પગમાં ફાટેલા ચપ્પલ હોય કે બૂટ હોય તો તેના માટે આ કહેવત છે કે 'પગ મેં લિથડા, કાંધે પે શાલ અથવા દુપટ્ટો'. તમારું ફાઉન્ડેશન મજબૂત હોવું જોઈએ. તમારો પાયો મજબૂત હોવો જોઈએ. રાજસ્થાની સંસ્કૃતિ આ પાયા પર મહત્ત્વ આપે છે, દેખાડા પર નહીં. મારવાડી પ્રજા આ સકારાત્મક વિચારસરણી, ખર્ચા ઓછા, મહેનત ઝાઝી, આતિથ્ય ભાવનાના કારણે જ આટલી સુખી, સમૃદ્ધ અને પ્રગતિ કરી રહી છે. ■

## ઓર એ મોસમ હસીં

દેવલ શાસ્ત્રી
feedback@
bombaysamachar.com

# પરફેક્શનની પળોજણઃ માણસને આગળ પણ ધપાવે ને અંદરથી તોડી પણ નાખે...

સવારે ઘરેથી નીકળતાં પહેલાં આપણે અરીસા સામે ઊભા રહીએ છીએ. એક વાર નહીં, ચાર-છ વાર. વાળ બરાબર છે કે નહીં, શર્ટમાં કરચલી તો નથી ને, ચહેરા પર થાક તો નથી દેખાતો? બધું બારીકાઈથી ચકાસીએ છીએ. પછી મોબાઈલ હાથમાં લઈએ છીએ. એક ફોટો પાડીએ છીએ. ગમતો નથી. બીજો સેલ્ફી ક્લિક કરીએ. પછી ત્રીજો... આખરે દસ-બાર ફોટામાંથી એક શ્રેષ્ઠ પસંદ કરીએ ને બાકીનાને ડિલીટ...


વોટ્સએપ પર એક નાનો મેસેજ લખીએ તો પણ મોકલતા પહેલાં બે-ત્રણ વખત વાંચી લઈએ છીએ કે કોઈ શબ્દ ખોટો તો નથી ને, ક્યાંક અર્થ બદલાઈ તો નથી જતો ને? સોશ્યલ મીડિયા પર મૂકેલી તસવીર હોય કે જીવનની કોઈ સિદ્ધિ, બધું થોડું ગોઠવીને, થોડું ચમકાવીને અને થોડું ફિલ્ટર લગાડીને જ દુનિયાને બતાવીએ છીએ.

ધીમે ધીમે એવું બન્યું છે કે આપણે માત્ર ફોટા જ એડિટ નથી કરતા; જીવન પણ એડિટ કરવા લાગ્યા છીએ. દુનિયાને સ્મિત બતાવીએ છીએ, ચિંતા નહીં. સફળતા બતાવીએ છીએ, સંઘર્ષ નહીં. પ્રકાશ બતાવીએ છીએ, અંધકાર નહીં અને આ જ જગ્યાએથી એક ગહન પ્રશ્ન જન્મે છે કે આખરે માણસને પરફેક્ટ બનવાનો વિચાર આવ્યો ક્યાંથી?

આ પ્રશ્નનો જવાબ માત્ર આજની સોશ્યલ મીડિયાની દુનિયામાં નથી, પણ માણસના પ્રાચીન ઇતિહાસમાં છુપાયેલો છે. કદાચ પહેલીવાર જ્યારે કોઈ આદિમાનવે પથ્થર ઘસીને હથિયાર બનાવ્યું હશે ત્યારે તેને લાગ્યું હશે કે આના કરતાં વધુ ધારદાર હથિયાર બનાવી શકાય. કદાચ પ્રથમ ચિત્ર દોરનારને પણ લાગ્યું હશે કે આવતીકાલે વધુ સારું ચિત્ર દોરવું છે. શ્રેષ્ઠ બનવાની અને આગળ વધવાની ઇચ્છા જ માનવ વિકાસનો મૂળ આધાર રહી છે. હું દરેક બાબતમાં પરફેક્ટ જ હોવો જોઈએ એવા અસહ્ય માનસિક દબાણમાં ફેરવાય છે ત્યારે તે સર્જન નહીં, પણ સંઘર્ષ અને પીડાનું કારણ બની જાય છે.

મનોવિજ્ઞાન છેલ્લા ત્રણ દાયકાથી આ પ્રશ્નનો ગંભીરતાથી અભ્યાસ કરી રહ્યું છે. કેનેડિયન મનોવિજ્ઞાનીઓ પોલ હ્યુઇટ અને ગોર્ડન ફ્લેટે પરફેક્શનિઝમના ત્રણ મુખ્ય પ્રકાર સમજાવ્યા છે. પહેલો એવો, જેમાં માણસ પોતે પોતાના માટે લગભગ અસંભવ ધોરણો બનાવે છે. બીજો એવો, જેમાં તેને સતત એવો ભય રહે છે કે આખી દુનિયા તેની પાસેથી સંપૂર્ણતાની જ અપેક્ષા રાખે છે અને ત્રીજો એવો, જેમાં માણસ પોતાની આસપાસના દરેક વ્યક્તિ પાસેથી પણ પૂર્ણતાની અપેક્ષા રાખવા લાગે છે. આ ત્રણેય સ્થિતિઓમાં એક વસ્તુ સમાન હોય છે; કાયમી અસંતોષ.

કેટલાક અભ્યાસ એવું માને છે કે, છેલ્લા કેટલાક દાયકાઓમાં યુવાનોમાં પરફેક્શનિસ્ટ વલણ (પૂર્ણતાવાદી!) ચિંતાજનક રીતે વધ્યું છે. તેનું કારણ માત્ર વ્યક્તિગત સ્વભાવ નથી, પરંતુ આજના સમયમાં વધેલી સ્પર્ધા, સરખામણીઓ, સફળતાની બદલાયેલી વ્યાખ્યા અને સોશ્યલ મીડિયાનું એવું મંચ છે, જ્યાં દરેક વ્યક્તિ સતત મૂલ્યાંકનના દાયરામાં જીવે છે. જે વિચાર માણસને ઊંચે લઈ જવા માટે જન્મ્યો હતો, તે જ આજે ચિંતા, બર્નઆઉટ અને ડિપ્રેશનનું મુખ્ય કારણ બની રહ્યો છે.



માઇકલએન્જેલોની અમર કૃતિઃ હજી પણ સંપૂર્ણતાની તલાશમાં

પરફેક્શન એ ઉત્તમતા મેળવવાનો પ્રયાસ નથી. ઘણી વખત તે ટીકા, અસ્વીકાર અને શરમથી બચવાનો ડર છે. આપણે ઘણી વખત સફળ થવા માટે મહેનત નથી કરતા; આપણે માત્ર સમાજની નજરમાં નિષ્ફળ દેખાવાથી ડરીએ છીએ. કદાચ એટલે જ આજના સમયમાં ઇમ્પોસ્ટર સિન્ડ્રોમ જેવી માનસિક સ્થિતિ એટલી સામાન્ય બની ગઈ છે, જ્યાં બહારથી સફળ દેખાતા લોકો પણ અંદરથી ડરતા હોય છે કે એક દિવસ બધાને ખબર પડી જશે કે હું એટલો સારો નથી જેટલો લોકો મને માને છે.

જોકે આ વાતનો બીજો પક્ષ પણ એટલો જ મહત્ત્વનો છે. જો માણસના સ્વભાવમાં આ અસંતોષ ન હોત, તો શું કોઈ વૈજ્ઞાનિક શોધ થઈ હોત? શું રોગોની દવાઓ શોધાઈ હોત? શું ચંદ્ર સુધીની યાત્રા સફળ થઈ હોત? મહાન સર્જન પાછળ હંમેશાં એક અસંતોષ કામ કરતો હોય છે. લિયોનાર્ડો દા વિન્ચી પોતાની 'મોનાલિસા'ને ક્યારેય સંપૂર્ણ માનતા નહોતા. માઇકલએન્જેલો પોતાની અદ્ભુત કૃતિઓમાં પણ સતત ખામીઓ શોધતા રહેતા. ફિલ્મકાર સ્ટેનલી કુબ્રિક એક દૃશ્ય માટે સો કરતાં વધુ ટેક લેવા તૈયાર રહેતા અને ચાર્લી ચેપ્લિન એક જ દૃશ્યને સેંકડો વખત ફિલ્માવતા.

ઓસ્કાર વાઇલ્ડની કૃતિ 'ધ પિક્ચર ઓફ ડોર્સિયન ગ્રે'માં નાયક પોતાની યુવાની અને સુંદરતા કાયમ માટે સાચવી રાખવા માગે છે, પરંતુ બહારથી યુવાન દેખાતો તે માણસ અંદરથી સડી જાય છે. મેરી શેલીના 'ફ્રેન્કેસ્ટાઇન'માં વૈજ્ઞાનિક એક સંપૂર્ણ માનવ બનાવવાની મહત્ત્વાકાંક્ષામાં એવો પ્રયોગ કરે છે જે તેના જ જીવનનો અભિશાપ બની જાય છે.

પ્રસિદ્ધ લેખક સેમ્યુઅલ બેકેટે લખ્યું છે કે, ક્યારેક પ્રયત્ન કર્યો. ક્યારેક નિષ્ફળ ગયા. કોઈ વાંધો નહીં. ફરી પ્રયત્ન કરો. ફરી નિષ્ફળ જાવ. વધુ સારી રીતે નિષ્ફળ જાવ. ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણ અર્જુનને પરિણામની ખાતરી આપતા નથી, પણ માત્ર શ્રેષ્ઠ કર્મ કરવાની પ્રેરણા આપે છે. પરિણામને સંપૂર્ણ બનાવવાની ઉતાવળ પ્રયત્નને જ નબળો પાડી દે છે.

આજના આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને ટેક્નોલોજીના યુગમાં આપણને સારા ફોટા, ચોક્કસ લેખ અને પરફેક્ટ ડિઝાઇન્સ મળી જાય છે. ટેક્નોલોજી સતત પરફેક્શન તરફ આગળ વધી રહી છે, પરંતુ માનવહૃદય હજુ પણ અપૂર્ણતાને જ પ્રેમ કરે છે. આપણને પોતાના બાળકનું પહેલું અણઘડ ચિત્ર ગમે છે, દીકરીના હાથની ગોળ ન બનેલી રોટલી યાદ રહે છે, મિત્રની બેસૂરી ગાયકીમાં પણ આનંદ આવે છે અને જૂના પત્રોમાં જોડણીની ભૂલો હોવા છતાં આપણે તેને સાચવીને રાખીએ છીએ. કારણ કે પ્રેમનું મૂળ પૂર્ણતા નથી, પણ સ્વીકાર છે. ■

### ધ એન્ડ

*કોઈ પણ મહાન માસ્ટરપીસ ક્યારેય સંપૂર્ણ હોતી નથી. જો તમે નજીકથી જુઓ તો દરેક મહાન ચિત્રમાં બ્રશના અણઘડ સ્ટ્રોક્સ દેખાય છે, દરેક મહાન સંગીતમાં થોડું મૌન હોય છે.*

બાળકોના માનસિક સ્વાસ્થ્ય સાથે ચેડાં

# અમેરિકામાં મેટાને ૫૬.૭ કરોડ ડૉલરનો દંડ

સૅન્ટાફેઃ ઇન્સ્ટાગ્રામ અને ફેસબુકની પેરેન્ટ કંપની મેટાને અમેરિકાની કોર્ટે મોટો ઝાટકો આપ્યો છે. ન્યૂ મેક્સિકોની એક કોર્ટે મેટા (ફેસબુક-ઇન્સ્ટાગ્રામ) પર બાળકોના માનસિક સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડવા અને સલામતીના ધોરણોને અવગણવા બદલ ૫૬.૭ કરોડ ડોલરનો જંગી દંડ ફટકાર્યો છે.

ન્યાયાધીશ બ્રાયન બિડચેઇડે જણાવ્યું કે કંપનીએ બાળકોની સલામતી કરતાં નફાને પ્રાથમિકતા આપી હતી. જેના કારણે તેમના માનસિક સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડી છે. કોર્ટે કહ્યું કે દંડની રકમનો મોટો ભાગ એટલે કે ૪૨ કરોડ ડૉલર યુવાનોની સારવાર માટે ખર્ચ કરવામાં આવશે. જ્યારે બાકીનો ખર્ચ આગામી પાંચ વર્ષમાં જાગૃતિ અને નિવારણ, સ્ક્રીનિંગ સર્વિસ અને અન્ય ખર્ચાઓ પર કરવામાં આવશે.

આ આદેશ એ સીમાચિહ્નરૂપ ટ્રાયલના બીજા તબક્કામાં આપવામાં આવ્યો છે જેને સોશ્યલ મીડિયાની દિગ્ગજ કંપની માર્ચમાં હારી ગઇ હતી. આ ટ્રાયલમાં કંપનીના પ્લેટફોર્મથી યુવાનોને થઇ રહેલા નુકસાન અંગે વાત કરવામાં આવી હતી.

પ્રથમ તબક્કા દરમિયાન જ્યુરીને જાણવા મળ્યું હતું કે કંપનીએ ઇરાદાપૂર્વક બાળકોના માનસિક સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડ્યું છે અને તેના પ્લેટફોર્મ પર બાળકોના જાતીય શોષણ સંબંધિત માહિતી છુપાવવામાં આવી છે. આ માટે મેટાને ૩૭.૫ કરોડ ડોલરનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

જ્યારે બીજા તબક્કામાં સરકારી વકીલોએ ન્યાયાધીશને મેટામાં મોટા ફેરફારો કરવાની માગ કરી હતી. જેનો ઉદ્દેશ્ય લત લગાડતા ફીચર્સ પર અંકુશ મૂકવો, વય ચકાસણીમાં સુધારો કરવો અને ડિફોલ્ટ પ્રાઇવસી સેટિંગ્સ અને કડક દેખરેખ દ્વારા બાળકોના જાતીય શોષણને રોકવાનો છે. ■

પીએમની એનડીએના સાંસદો સાથે નાસ્તે પે ચર્ચા

# સંસદમાં વિક્ષેપો પર ચિંતા

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે સંસદીય કાર્યવાહીમાં વારંવાર વિક્ષેપો પર ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે ગૃહમાં થયેલા હંગામાને કારણે, દેશ તાજેતરના સમયમાં ચૂંટાયેલા પ્રતિભાશાળી સાંસદોને સાંભળવામાં અસમર્થ રહ્યો છે.

મોદીએ એનડીએના ઘટક નેશનાલિસ્ટ સિટીઝન પાર્ટી ઑફ ઇન્ડિયા (એનસીપીઆઈ), શિવસેના, રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા (આઠવલે), રાષ્ટ્રીય લોક મોરચા, એઆઈએડીએમકે અને યુપીપીએલના ૪૦થી વધુ સાંસદ સાથે નાસ્તાની બેઠક દરમિયાન આ વાત કહી હતી.

એનસીપીઆઈ એનડીએમાં જોડાઈ ગઈ છે અને શિવસેના શાસક ગઠબંધનનો ઘટક બની રહી છે.

એનડીએ સંસદીય પક્ષની બેઠક 'મંગલ મિલન'માં બે વાર ગેરહાજર રહેલા એનસીપીઆઈના મુસ્લિમ સાંસદ - ખલીલુર રહેમાન, યુસુફ પઠાણ અને અબુ તાહેર ખાને પણ નાસ્તાની બેઠકમાં હાજરી આપી હતી. તેઓ ગુરુવારે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને અલગથી મળ્યા હતા.

વડા પ્રધાન સાથે નાસ્તાની બેઠકમાં હાજરી આપનારાઓમાં આરપીઆઈ (આઠવલે)ના વડા અને કેન્દ્રીય પ્રધાન રામદાસ આઠવલે, રાષ્ટ્રીય લોક મોરચાના પ્રમુખ અને રાજ્યસભાના સભ્ય ઉપેન્દ્ર કુશવાહા, એઆઈએડીએમકેના નેતા એમ થંબી દુરાઈ, જે રાજ્યસભાના સભ્ય છે, અને યુપીપીએલના વડા અને રાજ્યસભાના સભ્ય પ્રમોદ બોરોનો સમાવેશ થાય છે.

કેન્દ્રીય આરોગ્ય પ્રધાન જે. પી. નડ્ડા અને ભાજપ પ્રમુખ નીતિન નબીન પણ નાસ્તામાં હાજર હતા, જેમાં શાકાહારી ભોજનની સાથે પાયોશ (ખીર) જેવી મીઠાઈઓ પણ હતી. એનસીપીઆઈના સાંસદ કાકોલી ઘોષ દસ્તીદારે કહ્યું કે તેઓ વડા પ્રધાનના જ્ઞાન, તેમની સાથે જે રીતે વર્તન કરવામાં આવ્યું તે જોઈને અભિભૂત થયા હતા. ■

# વરસાદે દિલ્હી-એનસીઆરને ઘૂંટણિયે પાડ્યુંઃ ભયંકર ટ્રાફિક જૅમ

નવી દિલ્હીઃ સતત વરસેલા ભારે વરસાદને કારણે શુક્રવારે દિલ્હી-એનસીઆર વિસ્તારમાં ઠેર ઠેર પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો અને તેને કારણે સ્થાનિક રહેવાસીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

ભારે વરસાદને કારણે ઠેર ઠેર પાણી ભરાઈ જતાં અનેક વિસ્તારમાં ટ્રાફિક જૅમ સર્જાયો હતો.

શહેરમાં ભારે વરસાદને કારણે છત્તરપુર ફાર્મ વિસ્તાર સહિત ફરીદાબાદ, સેક્ટર ૩૫ અને અન્ય વિસ્તારોમાં પણ પાણી ભરાઈ ગયા હતા.

મોટાભાગના રસ્તાઓ પર વાહનોની લાંબી લાંબી લાઈનો જોવા મળી હતી જેને કારણે લોકોને ઑફિસે તેમ જ ઘરે પહોંચવામાં વિલંબ થયો હતો.

વરસાદનું પાણી સફદરજંગ હૉસ્પિટલના પરિસરમાં પ્રવેશ્યું હતું જેને કારણે દરદીઓ તેમ જ હૉસ્પિટલના સ્ટાફ માટે ભારે સમસ્યા સર્જાઈ હતી.

સાંજના પાંચ વાગ્યા સુધીમાં શહેરના અનેક વિસ્તારમાં ચાર ઈંચ કરતાં પણ વધુ વરસાદ પડ્યો હતો. એનસીઆર વિસ્તારમાં ફરીદાબાદના સેક્ટર ૧૭માં સર્વાધિક પાંચ ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો. (એજન્સી) ■



**ભારે વરસાદઃ** દિલ્હીમાં શુક્રવારે થયેલા ભારે વરસાદને પગલે કાશ્મીરી ગૅટ પાસે પાણી ભરાઈ ગયા બાદ પસાર થઈ રહેલા વાહનો. હવામાન ખાતાએ દિલ્હી માટે રેડ અલર્ટ જાહેર કર્યો હતો અને ગાજવીજ તેમ જ ગડગડાટ સાથે અતિભારે વરસાદ થવાની આગાહી કરી હતી. (એજન્સી)

# કાળા સમુદ્રમાં ગુમ ભારતીયોના નથી કોઈ ખબરઃ સરકારે સુપ્રીમ કોર્ટમાં જણાવ્યું

નવી દિલ્હીઃ સરકારે શુક્રવારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે યુક્રેન પાસે કાળા સમુદ્રમાં માલવાહક જહાજ પર થયેલા હુમલા બાદ ગુમ થયેલા બે ભારતીય ખલાસીઓની કોઈ જાણકારી મળી શકી નથી. તેમને શોધવા માટે વ્યાપક સર્ચ ઓપરેશન અને બચાવ કામગીરી કરવામાં આવી રહી છે.

ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહનની બેન્ચને સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે સર્ચ ઓપરેશન અને બચાવ અભિયાન યુક્રેનના અધિકારીઓ, રોમાનિયન મેરિટાઇમ રેસ્ક્યુ કોઓર્ડિનેશન સેન્ટર (એમઆરસીસી), રોમાનિયન કોસ્ટ ગાર્ડ અને અન્ય સંબંધિત બચાવ સેવાઓ દ્વારા હાથ ધરવામાં આવી હતી.

ખંડપીઠે વિદેશ મંત્રાલય (એમઈએ) દ્વારા દાખલ કરાયેલા 'રિપોર્ટ'ની નોંધ લીધી અને કહ્યું કે પાંચમી ઓગસ્ટ સુધી મળેલી માહિતી અનુસાર, આ વ્યાપક તપાસ અભિયાન છતાં દીપક કુમાર ગુપ્તા અને રામા ચંદ્રની કોઈ જાણકારી મળી શકી નથી. ખંડપીઠે આદેશમાં કહ્યું હતું કે એવું કહેવામાં આવ્યું છે કે નવી જાણકારી મળવા સુધી તપાસ અભિયાન હાલમાં સ્થગિત કરી દેવામાં આવી છે જ્યારે ડીજીએમએ તમામ બાકી તપાસ અને એસએઆર (શોધ અને બચાવ અભિયાન) રિપોર્ટ પર કામ કરી રહ્યા છે અને તમામ સંબંધિત પક્ષોના સંપર્કમાં છે. બેન્ચે કેન્દ્ર સરકારને ગુમ થયેલા ખલાસીઓના પરિવારો માટે વીમા દાવાઓની પ્રક્રિયામાં મદદ કરવા કહ્યું છે.

સુપ્રીમ કોર્ટ દીપક કુમાર ગુપ્તાના મોટા ભાઈ સંદીપ કુમાર ગુપ્તાની અરજી પર સુનાવણી કરી રહી હતી. અરજીમાં વિદેશ મંત્રાલયને નિર્દેશ આપવાની માંગ કરાઈ હતી કે તે યુક્રેન અને રોમાનિયામાં ભારતીય દૂતાવાસો સાથે મળીને શોધ અને બચાવ કામગીરી અભિયાન ચલાવે અરજદારે જણાવ્યું હતું કે તેમના પરિવાર દ્વારા ભારત સરકાર અને બંને દેશોમાં ભારતીય દૂતાવાસોને સતત વિનંતીઓ કર્યા પછી આ અરજી દાખલ કરવામાં આવી હતી. અરજીમાં દલીલ કરવામાં આવી હતી કે પરિવારે ૨૬ જુલાઈથી ૩૦ જુલાઈ દરમિયાન વિદેશ મંત્રાલય અને બંને દેશોમાં ભારતીય દૂતાવાસોને પત્ર લખ્યો હતો પરંતુ રજૂઆતોનો કોઈ પ્રતિભાવ કે કોઈ સકારાત્મક ખાતરી મળી ન હતી. નોંધનીય છે કે યુક્રેનના ઓડેસા બંદર નજીક ભારતીય ક્રૂ સભ્યોને લઈ જતા તેમના વેપારી જહાજ પર હુમલો થયા બાદ બાવીસ વર્ષીય દીપક ગુપ્તા ગુમ થઈ ગયા હતા. ■

# આરટીઆઇ ધારામાંના સુધારા સંબંધે કેન્દ્ર પાસે જવાબ માગતી સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન ઍક્ટ દ્વારા રાઇટ ટૂ ઇન્ફોર્મેશન (આરટીઆઇ) ઍક્ટમાં કરાયેલા સુધારાને પડકારતી અનેક અરજીના સંબંધમાં શુક્રવારે કેન્દ્ર પાસે જવાબ માગ્યો હતો.

દેશના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી તેમ જ ન્યાયાધીશ વી. મોહનની બનેલી બૅન્ચે વકીલ વૃંદા ગ્રોવર અને વકીલ પ્રશાંત ભૂષણ દ્વારા કરાયેલી અરજીઓના સંબંધમાં કેન્દ્રને જવાબ આપવાનો હુકમ કર્યો હતો.

બૅન્ચે કેન્દ્રના વકીલ સોલિસિટર જનરલ તુષાર મહેતાને સરકારનો જવાબ અદાલતને આપવાની સૂચના આપી હતી.

અંગત માહિતી જાહેર કરવામાંથી મુક્તિ આપતી રાઇટ ટૂ ઇન્ફોર્મેશન (આરટીઆઇ) ઍક્ટની સુધારિત કલમ ૮(૧)(જે)ને સર્વોચ્ચ અદાલતમાં પડકારવામાં આવી હતી.

ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન ઍક્ટની કલમ ૪૪(૩)માં ૨૦૨૩માં કરાયેલા સુધારા દ્વારા પારદર્શકતાને લગતા કાયદામાં ફેરફાર કરાયો હતો અને સરકારી માહિતી મેળવવા માટેની અરજીમાંથી અંગત ડેટા અને પ્રાઇવસીને મુક્તિ અપાઇ હતી.

સરકારે આરટીઆઇમાં સુધારો કરીને 'લાર્જર પબ્લિક ઇન્ટરેસ્ટ ઑવરરાઇડ'નું લખાણ કાઢી નાખ્યું હતું.

આમ છતાં, કાયદામાંના આ સુધારા માટે દલીલ કરાઇ હતી કે આ ફેરફારથી કાનૂની પારદર્શકતાને બ્લૉક નથી કરાઇ એટલે કે તેમાં વિઘ્ન નથી નખાયું, પરંતુ પ્રાઇવસીને લગતા મૂળભૂત અધિકારનું રક્ષણ કરાયું છે.

સોલિસિટર જનરલે બૅન્ચને જણાવ્યું હતું કે કેન્દ્ર આગામી બેથી ત્રણ અઠવાડિયાંમાં જવાબ આપશે. (એજન્સી)■

# બળાત્કાર પીડિતાનાં પિતાને ૧૨ લાખ ચુકવવા સુપ્રીમનો હૉસ્પિટલોને આદેશ

નવી દિલ્હીઃ બળાત્કારનો ભોગ બન્યાં બાદ મૃત્યુ પામેલી ચાર વર્ષની પીડિત બાળકીનાં પિતાને કુલ ૧૨ લાખ રૂપિયા ચુકવવાનો સુપ્રીમ કોર્ટે ગાઝિયાબાદસ્થિત બે હૉસ્પિટલને આદેશ આપ્યો હતો.

બાળકીને તાકીદની સારવાર આપવાનું હૉસ્પિટલોએ નકારી કાઢ્યા બાદ તેનું મૃત્યું થયું હતું. કોર્ટે એ બાબતની નોંધ લીધી હતી કે આ કેસમાં કાયદાકીય સુરક્ષાના વાસ્તવિક અમલીકરણ વચ્ચે ચિંતાજનક અંતર હોવાનું જણાઈ આવ્યું હતું.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત, ન્યાયાધીશ જોય માલ્યા બાગચી અને વી. મોહન્નાની બનેલી ખંડપીઠે કહ્યું હતું કે આ પ્રકારની બેદરકારીનું પુનરાવર્તન ન થાય તે માટે ગંભીર ગુનાના પીડિતો સાથે વ્યવહાર કરવા માટે હૉસ્પિટલો અને કાયદાનો અમલ કરતી એજન્સીઓ માટે વ્યાપક માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવશે.

એસઆઈટીના તારણોને ધ્યાન પર લેતાં કોર્ટે જણાવ્યું હતું કે ગંભીર ઈજા થયા બાદ પણ બાળકી લગભગ પાંચ કલાક જીવિત રહી હતી, પરંતુ તેને સમયસર તબીબી સારવાર આપવામાં આવી નહોતી.

ખંડપીઠે સેન્ટ જોસેફ મરિયમ હૉસ્પિટલ અને ખાજન સિંહ મન્નવી હેલ્થ કેરને ચાર અઠવાડિયાની અંદર બાળકીનાં પરિવારજનોને અનુક્રમે દસ લાખ અને બે લાખ એમ કુલ ૧૨ લાખ રૂપિયા ચુકવવાનો આદેશ આપ્યો હતો.

દૈનિક રોજગાર પર કામ કરતા બાળકીનાં પિતા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની ખંડપીઠ સુનાવણી કરી રહી હતી.

અરજીમાં બાળકીનાં પિતાએ ઘટનાને મામલે કોર્ટની દેખરેખ હેઠળ તપાસ યોજવાની માગણી કરી હતી. (એજન્સી) ■

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પોળ | પરચૂરણ |
| પ્યાદું | ખુલ્લું |
| પ્રકટ | શેરી |
| પ્રકીર્ણ | ગુસ્સો |
| પ્રકોપ | સોગટું |

## જાણવા જેવું

પુસ્તક એટલે ચોપડી જ નહીં. ઘોડાની કમર, ઘોડાની કેડ સાથે પણ એ સંબંધ ધરાવે છે. કમરના ભાગને પુસ્તક કહેવામાં આવે છે. તેને ઠાંઠું, ઢીંઢું અથવા કેડ પણ કહે છે. ઘોડા ઉપર સામાન નાખ્યા પછી પાછલો ભાગ ઉઘાડો રહે છે તે પૂછડા સુધીના ભાગને પુસ્તક કહે છે.

## ગુજરાત મોરી મોરી રે


જૂની રંગભૂમિના કેટલાક અવિસ્મરણીય પાત્રો પૈકી એક સમતાનું મુખ્ય પાત્ર ક્યા નાટકમાં જોવા મળ્યું હતું એ કહી શકશો?

અ) અજબ કુમારી
બ) પત્તાની જોડ
ક) દરિયાદિલી
ડ) વડીલોના વાંકે

## નોંધી રાખો

*નાનું ખાબોચિયું ભરાવા લાગે, અંતે છલકાઈ જાય અને ફુગ્ગો ફૂલતાં ફૂલતાં ફાટી જાય જેવું થાય. મર્યાદા ઓળખી લેવી જોઈએ.*

## શબ્દલાલિત્ય



### આડી ચાવી

૧ જાવંત્રી (૪)
૪ હેતુ, કારણ (૪)
૬ સ્ફૂર્તિ, તંદુરસ્તી (૩)
૭ રાક્ષસ, દૈત્ય (૩)
૯ વિજયની દેવી (૩)
૧૧ બે ગણું, બેવડું (૩)
૧૩ કબૂલ, માન્ય (૩)
૧૪ બધું, તમામ (૨)
૧૫ છેડો, પાર (૨)
૧૬ મળી શકે તેવું (૨)
૧૭ કૂજો, ભોટવો (૨)
૧૯ છૂટું છૂટું, જથ્થાબંધ નહીં તેવું (૩)
૨૦ સાક્ષી (૩)
૨૨ વા પેસી શકે તેવી બારીક તરડ (૩)
૨૪ લયલાનો પ્રેમી (૩)
૨૫ દુનિયા --- છે (૩)
૨૭ અસ્થિર, ડગુમગુ (૪)
૨૮ લોકોનું કલ્યાણ કે શ્રેય (૪)

### ઊભી ચાવી

૧ માલમિલકત, જાગીર (૪)
૨ તોડ (૪)
૩ પખવાડિયાની ત્રીજી તિથિ (૨)
૪ વિનાશ (૩)
૫ ચમત્કાર વગર --- નહીં (૪)
૮ લંગડું, પગ વગરનું (૩)
૧૦ તવંગર (૩)
૧૨ અહંકાર, મદ (૨)
૧૪ શિષ્ટ, વિવેકી (૨)
૧૫ પાણી (૨)
૧૬ પક્ષપાત (૩)
૧૭ એક ફૂલઝાડ (૨)
૧૮ રૂઢિ, ધારો (૩)
૧૯ ફારગતી (૪)
૨૦ ઉદાસ (૪)
૨૧ હનુમાન (૪)
૨૩ તરત જ (૩)
૨૬ ખેદ, દિલગીરી (૨)

### ગયા વખતનો ઉકેલ

## ઓળખાણ પડી?



તાજેતરમાં પાકિસ્તાન વિરુદ્ધની ટેસ્ટમાં સળંગ પાંચ ઓવરમાં પાંચ વિકેટ ઝડપી વિશ્વવિક્રમ નોંધાવનાર બોલરને ઓળખ્યો?

અ) કેમાર રોશ બ) જસ્ટિન ગ્રીવ્ઝ ક) શમાર જોસેફ ડ) રોસ્ટન ચેઝ

## ચતુર આપો જવાબ માથું ખંજવાળો

અગિયાર દિવસ ચાલેલો વિવિધ ખેલનો આ વર્ષનો કોમનવેલ્થ કયા શહેરમાં આયોજિત કરવામાં આવ્યો હતો એ જાણો છો?

અ) પેરિસ બ) એથેન્સ ક) ઓટાવા ડ) ગ્લાસગો

## માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓઃ ૨૧, ૪૬, ૭૬, ૧૧૧, ૧૫૧ ... વચ્ચે રહેલો સંબંધ ઓળખી ગણતરી કરીને કહો કે ૧૫૧ પછી કઈ સંખ્યા આવે?

અ) ૧૭૩ બ) ૧૮૮ ક) ૧૯૬ ડ) ૨૦૧

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૭ | | ૫ | | ૮ | | ૧ | ૯ |
| | | | ૧ | | ૬ | | | |
| ૮ | | ૫ | | | | ૬ | | ૨ |
| ૪ | ૬ | ૯ | | | | ૨ | ૩ | ૧ |
| | | | | | | | | |
| ૫ | ૨ | ૩ | | | | ૭ | ૮ | ૬ |
| ૧ | | ૭ | | | | ૪ | | ૩ |
| | | | ૭ | | ૯ | | | |
| ૩ | ૫ | | ૬ | | ૪ | | ૨ | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૧ | ૪ | ૯ | ૩ | ૨ | ૬ | ૫ | ૭ |
| ૫ | ૨ | ૬ | ૧ | ૪ | ૭ | ૮ | ૩ | ૯ |
| ૭ | ૯ | ૩ | ૮ | ૫ | ૬ | ૧ | ૪ | ૨ |
| ૧ | ૫ | ૮ | ૩ | ૬ | ૯ | ૭ | ૨ | ૪ |
| ૪ | ૭ | ૯ | ૨ | ૮ | ૫ | ૩ | ૬ | ૧ |
| ૬ | ૩ | ૨ | ૪ | ૭ | ૧ | ૫ | ૯ | ૮ |
| ૩ | ૪ | ૧ | ૬ | ૨ | ૮ | ૯ | ૭ | ૫ |
| ૨ | ૮ | ૭ | ૫ | ૯ | ૩ | ૪ | ૧ | ૬ |
| ૯ | ૬ | ૫ | ૭ | ૧ | ૪ | ૨ | ૮ | ૩ |

## ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| પોકળ | ખોટું |
| પોકાર | બૂમ |
| પોખરાજ | રત્ન |
| પોચું | નરમ |
| પોઠ | વણજાર |

ગુજરાત મોરી મોરી રેઃ
સવિતા દામોદર પરાંજપે

ઓળખાણ પડી?
ગેરી સોબર્સ

માઈન્ડ ગેમ :
૨૫૫

ચતુર આપો જવાબ માથું ખંજવાળો :
વિક્રમ સારાભાઈ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) ભારતી બુચ (૩) મુલરાજ કપૂર (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) ભરત કજરિયા (૭) હરિહર ભટ્ટ (૮) વિપીન શાહ (૯) નૂતન વિપીન શાહ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) પ્રવીણ વોરા (૧૩) લજિતા ખોના (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) મીનળ કાપડિયા (૧૬) મહેશ સંઘવી (૧૭) ભાવના કર્વે (૧૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) કમલ માતલિયા (૨૪) નંદુભાઈ અ. ગોઠી (૨૫) વિણા સંપટ (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) જયવંત પદમશી ચિખલ (૨૮) અંજુ ટોલિયા (૨૯) ડાયના સંતોકે (૩૦) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૧) અલકા વાણી (૩૨) નિતીન જયંતીલાલ બજરિયા (૩૩) ધીરેન્દ્ર ઉદેશી (૩૪) રશીક જુથાણી ટોરંટો - કેનેડા (૩૫) તાહેર ઔરંગાબાદવાલા (૩૬) શીરીન ઔરંગાબાદવાલા (૩૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૩૮) નીતા દેસાઈ (૩૯) પુષ્પા પટેલ (૪૦) મહેશ દોશી (૪૧) સુભાષ મોમાયા (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) પ્રતિમા પમાણી (૪૪) ભામિની સંપટ (૪૫) રમેશ દલાલ (૪૬) હિના દલાલ (૪૭) જ્યોત્સના ગાંધી (૪૮) ઈનાક્ષી દલાલ (૪૯) કુંદન કે. મારુ

# કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ મુંબઈમાં

મુંબઈ: કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ શુક્રવારથી બે દિવસની મુલાકાતે મુંબઈ આવી ગયા છે અને શનિવારે તેમની હાજરીમાં બે મહત્ત્વપૂર્ણ કાર્યક્રમો યોજાશે. કેન્દ્રીય પ્રધાન શાહ મોડી રાત્રે મુંબઈ પહોંચ્યા હતા.

રાષ્ટ્રીય શહેરી સહકારી નાણાં અને વિકાસ નિગમના નવનિર્મિત મુખ્યાલયનું શનિવારે સવારે ૧૧ વાગ્યે અમિત શાહ દ્વારા સત્તાવાર રીતે ઉદ્‌ઘાટન કરવામાં આવશે. સહકારી ક્ષેત્રને મજબૂત બનાવવાના હેતુથી સ્થાપિત આ સંસ્થાના નવા કાર્યાલયના ઉદ્‌ઘાટન સમારોહમાં સહકારી અને બેંકિંગ ક્ષેત્રના ઘણા વરિષ્ઠ અધિકારીઓ અને મહાનુભાવો હાજર રહેશે. આ પછી, કેન્દ્રીય પ્રધાન અમિત શાહ મુંબઈ સ્ટોક એક્સચેન્જ (બીએસઈ)ના આંતરરાષ્ટ્રીય કન્વેન્શન સેન્ટર ખાતે આયોજિત કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે. આ બંને કાર્યક્રમો દ્વારા તેઓ સહકારી અને નાણાકીય ક્ષેત્રના દિગ્ગજો સાથે વાતચીત કરશે. એવી પણ અપેક્ષા છે કે આ મુલાકાત દરમિયાન તેઓ રાજ્યના કેટલાક અગ્રણી નેતાઓ સાથે અનૌપચારિક મુલાકાત કરશે. અમિત શાહ મુખ્યમંત્રી અને બંને નાયબ મુખ્યમંત્રીઓ સાથે કેટલાક મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરે તેવી પણ શક્યતા છે. ■

# મુંબઈનાં મેયરને મળ્યો બોમ્બની ધમકીનો ઈમેઈલ

## સ્વાતંત્ર્યદિન પહેલા મુંબઈ મેટ્રો, શાળા અને બીએસઈમાં બોમ્બબ્લાસ્ટનો દાવો

મુંબઈ: મુંબઈના મેયર રિતુ તાવડેના સત્તાવાર ઇમેઇલ આઇડી પર ધમકીભર્યો ઇમેઇલ મોકલવામાં આવ્યો હતો, જેમાં સ્વાતંત્ર્યદિન પહેલા શહેરના અનેક સ્થળો પર બોમ્બબ્લાસ્ટનો દાવો કરવામાં આવ્યો હતો. ધમકીભર્યો ઇમેઇલ મળ્યા બાદ સંબંધિત સ્થળો પર સલામતી વધારી દેવામાં આવી હતી અને સુરક્ષા એજન્સીઓ આ મામલે તપાસ કરી રહી છે.

મેયરની ઓફિસને શુક્રવારે સવારે ધમકીનો ઇમેઇલ પ્રાપ્ત થયો હતો, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે પંદરમી ઑગસ્ટ અગાઉ શહેરમાં બોમ્બબ્લાસ્ટ કરવામાં આવશે. ખાસ કરી મેયરની ઓફિસ, મુંબઈ મેટ્રો, શાળાઓ અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ (બીએસઇ)ને ધમકી અપાઇ હતી.

ઇમેઇલમાં વાલીઓને અનુરોધ કરવામાં આવ્યો હતો કે તેમના બાળકોને શાળાએ ન મોકલવા અને મુસાફરોને મેટ્રોમાં પ્રવાસ કરવાનું ટાળવાની સલાહ આપવામાં આવી હતી. ઇમેઇલમાં ખાલિસ્તાન તરફ સૂત્રોચ્ચાર પણ હતા અને ચોક્કસ વ્યક્તિઓનાં નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જેને કારણે સુરક્ષા એજન્સીઓએ આ ધમકીને ગંભીરતાથી લીધી હતી.

ધમકીભર્યો ઇમેઇલ મળ્યા બાદ પોલીસે તપાસ હાથ ધરી હતી, જ્યારે સાયબર પોલીસ ઇમેઇલનું આઇપી એડ્રેસ, સ્રોત અને મોકલનારને શોધવા તપાસમાં જોડાઇ હતી.

મુંબઈનાં મેયરને આવી ધમકી પહેલી વાર નથી મળી. અગાઉ પણ તેમને બે વખત બોમ્બની ધમકી આપતા ઇમેઇલ મળ્યા હતા, જેને કારણે સુરક્ષા વધારવામાં આવી હતી. શુક્રવારે મળેલા ધમકીભર્યા ઇમેઇલ અંગે તપાસ ચાલી રહી છે અને અધિકારીઓ એ જાણવાનો પ્રયાસ કરી રહ્યા છે કે શું આ ઇમેઇલ મેયરને અગાઉ મળેલી ધમકી સાથે જોડાયેલો છે કે પછી શહેરમાં ગભરાટ ફેલાવવાને ઇરાદે ધમકીનો ઇમેઇલ મોકલવામાં આવ્યો છે. ■

# પતિને મારીને પત્નીએ ફ્લૅટની બાલ્કનીમાં જ કબર બનાવી, પણ...

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પુણેમાં બનેલી આંચકાજનક ઘટનામાં પતિને પતાવી નાખ્યા પછી ફ્લૅટની બાલ્કનીમાં જ તેની કબર બનાવવાની યોજના પત્નીએ બનાવી હતી. આ માટે તેણે ત્રણ દિવસ સુધી પતિને ઊંઘની દવા પિવડાવ્યા પછી તેના માથે બૅટ ફટકારી હતી. પછી પતિ મૃત્યુ પામ્યો હોવાનું માની તેને દાટવા માટે બાલ્કનીમાં ચણતર પણ કરાવ્યું, પરંતુ અચાનક ભાનમાં આવેલા પતિને કારણે પત્નીએ લૉકઅપભેગા થવું પડ્યું હતું.

બારામતી સિટી પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ ઈન્સ્પેક્ટર શ્રીશૈલ ચિવડશેટ્ટીએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે ઘટના ૩૦ જુલાઈની રાતે ૧૧.૩૦ વાગ્યાથી પહેલી ઑગસ્ટની સવાર દરમિયાન બની હતી. આ પ્રકરણે મહિલાના સસરાએ બુધવારે ફરિયાદ નોંધાવી હતી. પ્રાથમિક તપાસ બાદ ફરિયાદીની પુત્રવધૂની ધરપકડ કરવામાં આવી હતી.

પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે બારામતીના જામદાર રોડ પર આવેલી ઈન્દ્રપ્રસ્થ સોસાયટીમાં રહેતો પ્રવીણ જગતાપ (૪૧) પત્નીને અતિશય ત્રાસ આપતો હતો. મોબાઈલ, ભોજન સહિતના વિવિધ કારણોસર પત્ની સાથે ઝઘડા કરીને તેની મારઝૂડ પણ કરતો હતો. દરેક વાતે ટોક્યા કરતા પતિથી કંટાળીને પત્નીએ છુટકારો મેળવવાનો વિચાર કર્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર બી. ફાર્મસીનું ભણેલી પત્ની છેલ્લા ત્રણેક દિવસથી પતિ પ્રવીણને ઊંઘની દવા આપતી હતી, જેની જાણ પ્રવીણને નહોતી. તે સતત ઘેનમાં રહેતો હતો. પછી પત્નીએ પ્રવીણના માથા પર ક્રિકેટ બૅટ ફટકારી હતી.

કહેવાય છે કે પતિ મૃત્યુ પામ્યો હોવાનું માની પત્નીએ કડિયાઓને બોલાવી હૉલની બહારની બાલ્કનીમાં ઈંટથી ચણતર કરવાનું કામ સોંપ્યું હતું. પાણીની ટાંકી મૂકવા માટે લંબચોરસ કબર જેવું બાંધકામ કરાવ્યું હોવાનું પત્નીએ મજૂરોને કહ્યું હતું. પછી બીજે દિવસે એ બાંધકામને ઢાંકવા મોટો કડપ્પો ગોઠવવાનો હતો.

બીજે દિવસે કડિયા આવે તે પહેલાં ઈંટના બાંધકામમાં પતિને સુવડાવી દેવાયો હતો. પછી તેના પર ગાદી-ચાદર-તકિયા જેવી જૂની વસ્તુઓ, વાસણો અને ઘાસ નાખવામાં આવ્યું હતું, જેથી નીચે પ્રવીણ હોવાની કોઈને જાણ ન થાય. જોકે બીજે દિવસે મજૂરો કડપ્પો ગોઠવી રહ્યા હતા ત્યારે અચાનક ગાદી-ચાદર નીચે હલનચલન થતું નજરે પડ્યું હતું. બધો સામાન હટાવવામાં આવતાં પ્રવીણ નજરે પડ્યો હતો.

પોલીસે જણાવ્યું હતું કે પ્રવીણને સામાન નીચે દાટવામાં આવ્યો હોવાની જાણ મજૂરોને નહોતી. ભાનમાં આવેલા પ્રવીણનો હાથ હલવાને કારણે તેમને આ અંગે જાણ થઈ હતી. ડરી ગયેલા મજૂરો ત્યાંથી જતા રહ્યા હતા. પ્રવીણ સાથે પરિવારજનોએ ચર્ચા પછી તેના પિતાએ પોલીસ ફરિયાદ કરી હતી. અત્યારે પ્રવીણ હૉસ્પિટલમાં સારવાર હેઠળ હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ■

# મહારાષ્ટ્રના પૂર સંકટ વચ્ચે પીએમ મોદી અને એકનાથ શિંદેની મુલાકાત, શિવસેના સાંસદો સાથે પણ કરી ચર્ચા

નવી દિલ્હી: મહારાષ્ટ્રમાં પૂરના પ્રકોપ અને રાહત-બચાવ કામગીરી અંગે માહિતી મેળવવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે નવી દિલ્હીમાં મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અને શિવસેનાના નેતા એકનાથ શિંદે સાથે મુલાકાત કરી હતી. સંસદ ભવનમાં યોજાયેલી આ બેઠક દરમિયાન વડા પ્રધાને રાજ્યમાં પૂરથી થયેલા નુકસાન, ચાલી રહેલી રાહત કામગીરી અને પુનર્વસનના પ્રયાસો અંગે શિંદે પાસેથી માહિતી મેળવી હતી એમ કહેવામાં આવી રહ્યું છે.

તાજેતરના વિદ્યાર્થી આંદોલનો બાદ વડા પ્રધાન મોદી અને એકનાથ શિંદે વચ્ચે આ પ્રથમ મુલાકાત હતી. મહારાષ્ટ્રના રાજકીય સમીકરણો વચ્ચે યોજાયેલી આ બેઠકને આગામી કેન્દ્રીય કૅબિનેટમાં પ્રસ્તાવિત ફેરફાર, સંભવિત પરિસીમાંકન બિલ અને શિવસેનાના નામ તથા ચૂંટણી ચિહ્ન વિવાદ અંગે સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલી સુનાવણીના સંદર્ભમાં પણ આ મુલાકાત રાજકીય દૃષ્ટિએ પણ મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

શિવસેના નેતાઓએ જણાવ્યું હતું કે આ બેઠક એકનાથ શિંદેની એનડીએના સહયોગી પક્ષના વડા તરીકેની ભૂમિકાને ધ્યાનમાં રાખીને યોજાઈ હતી. શિવસેના હાલમાં લોકસભામાં ૧૩ સાંસદ સાથે એનડીએનો મહત્ત્વપૂર્ણ ભાગ છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એકનાથ શિંદેના જૂથમાં જોડાયેલા શિવસેનાના કેટલાક સાંસદો સાથે પણ મુલાકાત કરી હતી. નાસ્તાપાણીની બેઠક દરમિયાન વડા પ્રધાને સાંસદો સાથે તેમના મતવિસ્તારોના વિકાસ સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. મીડિયા અહેવાલો અનુસાર, વડા પ્રધાન મોદીએ સાંસદોને ખાતરી આપી હતી કે રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન (એનડીએ) એક પરિવારની જેમ કાર્ય કરે છે અને તમામ સહયોગી પક્ષોને સંપૂર્ણ સમર્થન આપવામાં આવશે.

આ બેઠકમાં શ્રીકાંત શિંદે, નરેશ મ્હસ્કે, નાગેશ પાટીલ અષ્ટીકર, ઓમરાજે નિંબાળકર અને સંજય દીના પાટીલ સહિતના નેતાઓ હાજર હતા.

આ મુલાકાત અગાઉ એકનાથ શિંદેએ નવી દિલ્હીમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સાથે પણ બેઠક કરી હતી. આ બેઠકમાં મહારાષ્ટ્ર વિધાન પરિષદના નવનિયુક્ત ઉપસભાપતિ સચિન અહીર અને શિવસેનાના સાંસદો પણ હાજર રહ્યા હતા.

મહારાષ્ટ્રમાં છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલી રાજકીય હિલચાલ વચ્ચે વડા પ્રધાન મોદી, અમિત શાહ અને એકનાથ શિંદે વચ્ચેની મુલાકાતોએ નવી અટકળોને જન્મ આપ્યો છે. વિપક્ષી દળોએ આ બેઠકોને સંભવિત રાજકીય ફેરફારો સાથે જોડવાનો પ્રયાસ કર્યો છે. બીજી તરફ, અહેવાલોમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે શિવસેના (યુબીટી)ના વધુ નેતાઓને શિંદે જૂથમાં લાવવાના પ્રયાસો અંતર્ગત 'ઓપરેશન ટાઈગર ૩.૦'ની ચર્ચા ચાલી રહી છે. જોકે, આ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.

મહારાષ્ટ્રના રાજકારણમાં આગામી દિવસોમાં થનારી ઘટનાઓ પર સૌની નજર ટકેલી છે, કારણ કે કૅબિનેટમાં ફેરબદલ, પરિસીમાંકનનો મુદ્દો અને શિવસેનાના ઓપરેશન ટાઈગર જેવા મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ રાજ્યના રાજકીય ભવિષ્યને સીધી અસર કરી શકે છે.

### પરિસીમાંકન બિલ મુદ્દે પણ ચર્ચા

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અને શિવસેના પ્રમુખ એકનાથ શિંદેએ શુક્રવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે સંસદ ભવનના પરિસરમાં મુલાકાત કરી હતી. બેઠક દરમિયાન શિંદેએ મહારાષ્ટ્રમાં વરસાદથી સર્જાયેલી પરિસ્થિતિ, રાહત કામગીરી અને રાજ્યના વિકાસ મુદ્દાઓ અંગે ચર્ચા કરી હતી. આ મુલાકાત એવા સમયે થઈ છે જ્યારે કેન્દ્ર સરકાર મહિલા અનામત અને પરિસીમાંકન બિલ પસાર કરવા માટે લોકસભામાં બે તૃતીયાંશ બહુમતી મેળવવાના પ્રયાસો કરી રહી છે. સરકાર જરૂરી સંખ્યાબળ માટે એનડીએના સહયોગી પક્ષો અને અન્ય રાજકીય પક્ષો સાથે ચર્ચા કરી રહી છે. આ ચર્ચા બિલ પાસ કરાવવા માટે એક મહત્ત્વપૂર્ણ બેઠક સાબિત થાય તેવું માનવામાં આવી રહ્યું છે અને આ બેઠકને રાજનીતિની દૃષ્ટિએ પણ ખૂબ જ મહત્ત્વપૂર્ણ દર્શાવાઈ રહી છે.

શિવસેના હાલમાં એનડીએનો ભાગ છે અને તેના લોકસભામાં ૧૩ તથા રાજ્યસભામાં બે સાંસદ છે. જૂનમાં શિવસેના (યુબીટી)ના છ સાંસદ શિંદે જૂથમાં જોડાયા બાદ પાર્ટીની લોકસભામાં સંખ્યા વધી છે.

વડા પ્રધાન મોદીએ શિવસેનાના શિંદે જૂથમાં સામેલ થયેલા છ નવા સાંસદો સહિત એનડીએના અન્ય સાંસદો સાથે પણ બેઠક યોજી હતી. આ બેઠકમાં વિકાસ કાર્યો અને મતવિસ્તાર સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. ■

# દહાણુમાં બળાત્કાર બાદ બાળકીની હત્યા: આરોપીને ફાંસી

પાલઘર: પાલઘર જિલ્લાના દહાણુમાં બળાત્કાર ગુજાર્યા બાદ આઠ વર્ષની બાળકીની નિર્મમ હત્યા કરવા બદલ કોર્ટે પચાસ વર્ષના આરોપીને ફાંસીની સજા ફટકારી હતી.

ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટે આરોપી પ્રમુલ ઉર્ફે પ્રફુલ્લ રત્ના ઘોષને ભારતીય દંડસંહિતાની કલમ ૩૨૦ (હત્યા), ૩૦૭ (હત્યાનો પ્રયાસ), ૩૭૬ (બળાત્કાર) તથા પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટ હેઠળ દોષી ઠેરવ્યો હતો અને તેને સજા ઉપરાંત ૭૫ હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. દહાણુ પોલીસ સ્ટેશનમાં સપ્ટેમ્બર, ૨૦૨૧માં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આરોપીએ ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ દહાણુના વાંગણપાડા ખાતે ટાંકી નજીક ઝાડીઝાંખરામાં આઠ વર્ષની બાળકી પર બળાત્કાર ગુજાર્યો હતો અને બાદમાં કોયતાના ઘા ઝીંકી તેની હત્યા કરી હતી. આ કેસનો ફરિયાદી એ સમયે ત્યાં ગયો ત્યારે આરોપીએ તેના પર પણ કોયતાથી હુમલો કર્યો હતો. ■

## ડોમ્બિવલીની હૉસ્પિટલમાં ડૉક્ટરની મારપીટનું પ્રકરણ

# ચાર્જશીટ દાખલ થાય ત્યાં સુધી રાજ્ય બહાર રહેવાની શરત સાથે નગરસેવક મ્હાત્રેને જામીન

મુંબઈ: ડોમ્બિવલીમાં માહાપાલિકા સંચાલિત હૉસ્પિટલમાં ડૉક્ટરો અને સ્ટાફ સાથે કથિત મારપીટના કેસમાં બૉમ્બે હાઈ કોર્ટે ચાર્જશીટ દાખલ થાય ત્યાં સુધી રાજ્ય બહાર રહેવા સહિતની કેટલીક આકરી શરતો સાથે નગરસેવક રમેશ મ્હાત્રેના જામીન મંજૂર કર્યા હતા. નાગરિકોએ ચૂંટેલા લોકપ્રતિનિધિ લોકશાહી વ્યવસ્થાનો મૂળભૂત અંગ છે અને જ્યારે લોકપ્રતિનિધિ મતદારો પર હુમલો કરે ત્યારે લોકશાહીની મૂળભૂત રચના ડગમગવા લાગે છે, એવી મહત્તવની અને ગંભીર ટિપ્પણી પણ કોર્ટે કરી હતી.

હાઈ કોર્ટના જજ રવીન્દ્ર ઘુગેએ શુક્રવારે મ્હાત્રે અને અન્ય ત્રણ આરોપીને જામીન આપતી વખતે શરતોનું પાલન કરવાની તાકીદ કરી હતી. આરોપનામું દાખલ થાય ત્યાં સુધી મહારાષ્ટ્રની બહાર રહેવું, પીડિત અને સાક્ષીદારો પર કોઈ પણ પ્રકારનો પ્રભાવ પાડવો નહીં, પીડિત અને સાક્ષીદારોના કુટુંબીજનો તેમ જ મિત્રો અને પરિચિતોનો સંપર્ક સાધવો નહીં, પાસપોર્ટ મૅજિસ્ટ્રેટ પાસે જમા કરાવવો, ખટલાની સુનાવણી દરમિયાન નિયમિત હાજરી આપવી, પોલીસ સ્ટેશનમાં નક્કી કરેલી તારીખે હાજર રહેવું જેવી શરતો કોર્ટે લાગુ કરી હતી. નવજાત શિશુને અન્ય હૉસ્પિટલમાં લઈ જવાના ડૉક્ટરના સૂચન બાદ છઠ્ઠી જુલાઈએ વડીલોનો ડોમ્બિવલીની હૉસ્પિટલના કર્મચારીઓ સાથે વિવાદ થયો હતો. આ વિવાદમાં નગરસેવક મ્હાત્રેએ ઝંપલાવ્યું હતું. મ્હાત્રે સહિત ચાર જણે હૉસ્પિટલમાં ડૉક્ટરો સાથે મારપીટ કરી હતી અને એક કર્મચારી સાથે ઉદ્ધત વર્તન કર્યું હતું. આ ઘટનાનો વીડિયો વાયરલ થતાં પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

આ કેસમાં મ્હાત્રે સહિત ચારની ધરપકડ કરાઈ હતી. અમુક દિવસ પોલીસ કસ્ટડીમાં વિતાવનારા મ્હાત્રેને કલ્યાણની મૅજિસ્ટ્રેટ કોર્ટે ૧૫ જુલાઈએ જામીન આપ્યા હતા. જામીન મળતાં જ મ્હાત્રે કસ્ટડીમાંથી બહાર આવ્યો હતો. જોકે તેના ત્રણ સાથીના જામીન મંજૂર થયા છતાં તેમને કસ્ટડીમાંથી છોડવાની પ્રક્રિયા પૂરી થઈ નહોતી. એ જ સમયે હાઈ કોર્ટે આ ઘટનાની જાતે નોંધ લીધી હતી.સુઓ મોટો પિટિશન ફાઈલ કરી હાઈ કોર્ટે નીચલી અદાલતનો આદેશ રદ કરી ચારેયના જામીન સામે સ્ટે આપ્યો હતો. વધુમાં મ્હાત્રેને પોલીસ સમક્ષ આત્મસમર્પણનો આદેશ આપ્યો હતો. શરણે આવેલા મ્હાત્રેને ફરી અદાલતી કસ્ટડીમાં મોકલી દેવાયો હતો.

કોર્ટે નોંધ કરી હતી કે મોટા ગુનેગારી કેસો સંભાળનારા અનુભવી વકીલની આ ખટલાની સુનાવણી માટે રાજ્ય સરકારે દસ દિવસમાં જ વિશેષ સરકારી વકીલ તરીકે નિયુક્તિ કરવી. તપાસ અધિકારીએ બાકીની તપાસ ઝડપથી પૂરી કરવી. ઘટનાના પુરાવા તરીકેનાં સીસીટીવી ફૂટેજ, તસવીરો અને અવાજના નમૂનાનો અહેવાલ કલિનાની ફોરેન્સિક સાયન્સ લૅબોરેટરીએ ૧૫ દિવસમાં આપવો. ■

# જળાશયોની સપાટીમાં ઘટાડો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: હાલ વરસાદે બ્રેક લીધો હોવાથી મુંબઈને પાણી પૂરું પાડતા સાત જળાશયોમાં પાણીનો જથ્થો ઘટીને ૮૮ ટકા થઈ ગયો છે. હાલનો પાણીનો જથ્થો છેલ્લા બે વર્ષમાં સમાન સમયગાળા દરમ્યાન નોંધાયેલા સ્તર કરતાં ઓછો છે, જેના કારણે શહેરમાં પાણી કાપ પાછો ખેંચાવા બાબતે હાલ પૂરતું ફરી વિરામચિહ્ન લાગી ગયું છે.

આ વર્ષે ચોમાસાનું આગમન લંબાઈ ગયું હતું અને ૨૩ જૂને નૈર્ઋત્યના ચોમાસાનું આગમન થયા બાદ જુલાઈમાં પડેલા મુશળધાર વરસાદને પગલે જળાશયો ભરાઈ ગયાં હતાં. જુલાઈના અંત સુધીમાં તમામ જળાશયોમાં પાણીનું સ્તર લગભગ ૯૦ ટકા સુધી પહોંચી ગયું હતું, જેમાં મોડક સાગર, તાનસા, વિહાર અને તુલસી તળાવો છલકાઈ ગયાં હતાં. જોકે, તાજેતરમાં વરસાદની ગેરહાજરીને પગલે તળાવોનું સ્તર સતત ઘટી રહ્યું છે.

હવામાન નિષ્ણાતોએ લાંબા સમય સુધી વરસાદની ગેરહાજરીને અલ નીનો સ્થિતિ સાથે જોડી છે અને ઑગસ્ટ અને સપ્ટેમ્બર દરમ્યાન સામાન્યથી ઓછા વરસાદની ચેતવણી આપી છે, જેના કારણે ભવિષ્યમાં પાણીની ઉપલબ્ધતા અંગે અનિશ્ચિતતા વધી રહી છે. સાત ઓગસ્ટ સુધીમાં સાત જળાશયોમાં ૧૨.૮૦ લાખ મિલ્યન લિટર એટલે કે ૮૮ ટકા પાણીનો જથ્થો હતો, જે ૨૦૨૫માં ૧૨.૯૦ લાખ મિલ્યન લિટર (૮૯ ટકા) અને ૨૦૨૪માં ૧૩.૦૫ લાખ મિલ્યન લિટર (૯૦ ટકા) હતું.

જળાશયોમાં ઘટતી સપાટી વચ્ચે કૉંગ્રેસના નગરસેવક ટ્યૂલિપ મિરાન્ડાએ સ્થાયી સમિતિમાં ૧૫ મેથી લાદવામાં આવેલા ૧૦ ટકા પાણી કાપ તાત્કાલિક પાછો ખેંચવાની માગ કરી તેમના વોર્ડમાં પાણીની સતત અછત અને દૂષિત પુરવઠા બાબતે ફરિયાદ કરી હતી. સ્થાયી સમિતિના અધ્યક્ષ પ્રભાકર શિંદેએ પાલિકા પ્રશાસનને પાણીકાપ ચાલુ રાખવાની જરૂરિયાત સમજાવતો અહેવાલ રજૂ કરવા નિર્દેશ આપ્યો હતો. પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે પાણીનો વર્તમાન સ્ટોક આગામી ૩૧૨ દિવસ માટે પૂરતો છે, પરંતુ પાલિકા અલ નીનોના ડર વચ્ચે પાણી બચાવવા માટે રાજ્યના સિંચાઈ વિભાગના નિર્દેશોનું પાલન કરી રહી છે. મુંબઈને વાર્ષિક ૧૪.૪૭ લાખ મિલ્યન લિટર પાણીની આવશ્યકતા હોય છે. તેથી સપ્ટેમ્બરના અંત સુધીમાં તળાવનો સંગ્રહ આ સ્તર સુધી પહોંચ્યા પછી જ પાણી કાપ પાછો ખેંચવો શક્ય છે. ■

# નાશિકમાં ખાડાવાળા રસ્તા: ફડણવીસે અધિકારીઓને આડે હાથ લીધા, કાર્યવાહીની ચેતવણી આપી

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે નાશિકમાં રસ્તાની ખરાબ સ્થિતિ અંગે અધિકારીઓની ઝાટકણી કાઢી નિર્દેશ આપ્યો હતો કે ખાડાઓનું સમારકામ કરવામાં નિષ્ફળ રહેતી એજન્સીઓને આકરો દંડ ફટકારવામાં આવશે અને ભવિષ્યના સરકારી કોન્ટ્રાક્ટમાંથી રદ કરવામાં આવશે.

આગામી સિંહસ્થ કુંભ મેળાની તૈયારીઓની સમીક્ષા કરતા, ફડણવીસે જણાવ્યું હતું કે જનતાને બહાના - કારણો નહીં, વ્યવહારુ ઉકેલ જોઈએ છે. અધિકારીઓને ચેતવણી આપી તેમણે સાફ શબ્દોમાં કહ્યું કે એક મહિનામાં હાલત સુધરવી જોઈએ.

સીએમએ વધુમાં જણાવ્યું હતું કે લોકોને કારણો જણાવવાને બદલે ઉકેલ આપો. હળવાશથી કામ નહીં ચાલે. બધા વિભાગોએ પોતપોતાની જવાબદારીઓ સમજી નિભાવવી પડશે. ઓફિસમાં બેસી રહેવાને બદલે કાર્યક્ષેત્રમાં વધુ સમય વિતાવવાનો અને જનતા સાથે વધુ સંપર્ક જાળવવાનો નિર્દેશ પણ આપ્યો.

વહીવટીતંત્ર દ્વારા આત્મનિરીક્ષણ કરવાની અપીલ કરી ફડણવીસે ચેતવણી આપી હતી કે તેઓ એક મહિના પછી બીજી સમીક્ષા બેઠક બોલાવશે અને ત્યાં સુધીમાં તમામ વિભાગોની કામગીરીમાં સુધારો થવાની અપેક્ષા રાખશે. નાસિક-ત્ર્યંબકેશ્વર સિંહસ્થ કુંભ મેળો ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ થી ૨૪ જુલાઈ, ૨૦૨૮ સુધી યોજાશે. (પીટીઆઈ) ■

# 'બુલડોઝર જસ્ટિસ'ની તરફેણ નહીં, પણ જનહિત હોય ત્યાં સ્વેચ્છાએ જતું કરો: હાઈ કૉર્ટ

મુંબઈ: બોમ્બે હાઈકોર્ટે નોંધ્યું છે કે તે 'બુલડોઝર જસ્ટિસ'ની તરફેણમાં નથી. કોર્ટે સતારાના એક ડોક્ટરને રસ્તાના વિસ્તરણ માટે મ્યુનિસિપલ તંત્રને બળજબરીપૂર્વક બુલડોઝરની કાર્યવાહી કરવા દેવાને બદલે, તેમના રહેણાક અને હૉસ્પિટલ ધરાવતા મકાનનો અમુક હિસ્સો સ્વેચ્છાએ દૂર કરવાનું કહ્યું છે.

સતારા મ્યુનિસિપલ કાઉન્સિલ દ્વારા પોતાને આપવામાં આવેલી નોટિસોને પડકારતી દિલીપ પાટિલની અરજી પર સુનાવણી દરમિયાન, જસ્ટિસ મિલિંદ જાધવ અને જસ્ટિસ નંદેશ દેશપાંડેની બનેલી હાઈ કોર્ટની કોલ્હાપુર બેન્ચે ગયા મહિને આ આદેશ પસાર કર્યો હતો.

ડોક્ટરને સૂચિત રસ્તાને ૧૫ મીટર પહોળા કરવાના પ્રોજેક્ટ માટે તેમની ઇમારતનો અમુક ભાગ દૂર કરવાની નોટિસ આપવામાં આવી હતી. બેન્ચે નોંધ્યું હતું કે રસ્તાનું વિસ્તરણ લોકોના હિતમાં છે, કારણ કે તેનાથી વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા હળવી થશે. તેણે વધુમાં જણાવ્યું હતું કે, અરજદારની ફરિયાદથી વાકેફ હોવા છતાં, આ સંપૂર્ણપણે જનકલ્યાણ અને વિકાસનો મામલો છે.

અદાલતે એ પણ નોંધ્યું હતું કે, પાલિકા તંત્ર દ્વારા તેમના બાંધકામનો અમુક ભાગ તોડી પાડવા માટે તેમને આપવામાં આવેલી નોટિસ સામે નીચલી અદાલતમાંથી કોઈ રાહત મેળવવામાં પાટીલ નિષ્ફળ રહ્યા હતા.

અદાલતે પાટીલને અસરગ્રસ્ત બાંધકામ સ્વેચ્છાએ દૂર કરવાનો નિર્દેશ આપ્યો હતો અને સ્પષ્ટ કર્યું કે જો તેઓ તેમ કરવામાં નિષ્ફળ જશે, તો કડક કાર્યવાહીના આદેશ આપવામાં આવશે. (પીટીઆઈ) ■


# મધ્ય રેલવેની લોકલ ટ્રેનમાં મહિલા સાથે નિર્મમ મારપીટ

મુંબઈ: મુંબઈની લાઈફલાઈન ગણાતી લોકલ ટ્રેનમાંથી મહિલા સુરક્ષા પર સવાલો ઊભા કરતી એક અત્યંત શરમજનક અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. ટ્રેનના ડબ્બામાં એક પુરુષ મુસાફરે મહિલા પર શારીરિક હુમલો કર્યો હોવાનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. આ ગંભીર ઘટના સમયે ડબ્બામાં હાજર અન્ય મુસાફરો મહિલાની મદદ કરવાને બદલે મૂકપ્રેક્ષક અને સંવેદનાહીન બનીને બેસી રહ્યા હતા, જેને લઈને ઈન્ટરનેટ પર ભારે રોષ જોવા મળ્યો હતો.

વાઈરલ થઈ રહેલા વીડિયો અનુસાર, આ ઘટના વડાલા સ્ટેશન નજીકની હોવાનું માનવામાં આવી રહ્યું છે. ચાલુ ટ્રેને સીટ પર બેસવા કે અન્ય કોઈ બાબતે પુરુષ અને મહિલા મુસાફર વચ્ચે ઉગ્ર બોલાચાલી શરૂ થઈ હતી. ■


# મધ્ય રેલવેની લોકલ ટ્રેનમાં મહિલા સાથે નિર્મમ મારપીટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈની લાઈફલાઈન ગણાતી લોકલ ટ્રેનમાંથી મહિલા સુરક્ષા પર સવાલો ઊભા કરતી એક અત્યંત શરમજનક અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. ટ્રેનના ડબ્બામાં એક પુરુષ મુસાફરે મહિલા પર શારીરિક હુમલો કર્યો હોવાનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. આ ગંભીર ઘટના સમયે ડબ્બામાં હાજર અન્ય મુસાફરો મહિલાની મદદ કરવાને બદલે મૂકપ્રેક્ષક અને સંવેદનાહીન બનીને બેસી રહ્યા હતા, જેને લઈને ઈન્ટરનેટ પર ભારે રોષ જોવા મળ્યો હતો.

વાઈરલ થઈ રહેલા વીડિયો અનુસાર, આ ઘટના વડાલા સ્ટેશન નજીકની હોવાનું માનવામાં આવી રહ્યું છે. ચાલુ ટ્રેને સીટ પર બેસવા કે અન્ય કોઈ બાબતે પુરુષ અને મહિલા મુસાફર વચ્ચે ઉગ્ર બોલાચાલી શરૂ થઈ હતી.

વિવાદ એટલો વધી ગયો કે પુરુષ મુસાફરે પોતાનો બેલ્ટ કાઢી લીધો હતો અને મહિલાને ધમકાવીને તેના પર હુમલો કર્યો હતો. વીડિયોના અંતમાં આરોપી પુરુષ મહિલાને માર માર્યા બાદ દૂર જઈને બીજી સીટ પર બેસી જતો દેખાય છે. આ આખી ઘટના દરમિયાન ડબ્બામાં અન્ય ઘણા મુસાફરો હાજર હોવા છતાં કોઈએ પણ આગળ આવીને મહિલાને બચાવવાનો કે આરોપીને રોકવાનો પ્રયાસ કર્યો નહોતો. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં જ લોકો મુસાફરોની બિનસંવેદનશીલતા અને મહિલા સુરક્ષા સામે સવાલો ઉઠાવી રહ્યા છે. જોકે, આ ઘટના કયા સમયે બની હતી અને પીડિત મહિલા દ્વારા કોઈ સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે કે નહીં તે હજુ સુધી સ્પષ્ટ થયું નથી. રેલ્વે પોલીસ જીઆરપી અને આરપીએફ તેમ જ સ્થાનિક રેલવે સત્તાવાળાઓએ આ વીડિયોની નોંધ લઈને તપાસ હાથ ધરી છે. ■

### મહિલા કોચમાં સાપ દેખાતાં ૧૨ મિનિટ સુધી લોકલ ટ્રેન થંભી!

બીજી તરફ, મુંબઈ લોકલ ટ્રેનમાં જ શુક્રવારે સવારે અન્ય એક સનસનાટીભરી ઘટના બની હતી. થાણે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ચાર પરથી ઉપડેલી લોકલ ટ્રેનના મહિલા કોચમાં મુસાફરોએ સાપ જોયો હોવાની અફવા/જાણકારી મળતાં જ ચાલુ ટ્રેને ચેઈન પુલિંગ કરવામાં આવી હતી. સાપ હોવાના સમાચારથી મહિલા મુસાફરોમાં ભારે અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો. રેલવે સ્ટાફે તુરંત સ્થળ પર પહોંચીને સવારે ૯.૧૪થી ૯.૨૬ વાગ્યા સુધી એમ કુલ ૧૨ મિનિટ ટ્રેન રોકીને આખા ડબ્બાની ઝીણવટભરી તપાસ કરી હતી. સમયે કેટલીક લોકલ સેવાઓ થોડી મોડી પડી હતી.

# વૈભવ પર વાઇસ-કૅપ્ટન્સીનો બોજ શું કામ નાખ્યો?

## ટીનેજર વિશે ગુજરાતી ક્રિકેટર પ્રિયાંક પંચાલે એવું પણ કહ્યું કે...


પ્રિયાંક પંચાલ



વૈભવ સૂર્યવંશી

બેંગ્લૂરુ: આગામી ૨૩મી ઑગસ્ટે ઝોનલ ટીમો વચ્ચેની દુલીપ ટ્રોફી શરૂ થાય એ પહેલાં આ ટૂર્નામેન્ટના સંબંધમાં લેવામાં આવેલો એક નિર્ણય ગુજરાતના ભૂતપૂર્વ કૅપ્ટન પ્રિયાંક પંચાલના નિવેદનોને લીધે વધુ ચર્ચાસ્પદ થયો છે. ૧૫ વર્ષના બૅટ્સમૅન વૈભવ સૂર્યવંશીને આ ટૂર્નામેન્ટ માટેની ઈસ્ટ ઝોન ટીમનો ઉપ-સુકાની બનાવવામાં આવ્યો એ નિર્ણય સામે સવાલ ઉઠાવવામાં આવી રહ્યા છે.

પ્રિયાંક પંચાલે કહ્યું છે કે સિલેક્ટરોએ વૈભવ વિશે નિર્ણય લેવામાં ઉતાવળ કરી છે. પંચાલનું એવું પણ માનવું છે કે ‘આટલી નાની ઉંમરમાં ટીમના નેતૃત્વની જવાબદારી નાખવાથી આ યુવાન ખેલાડી પર અનાવશ્યક દબાણ આવી શકે. તેને હજી રેડ બૉલના ફૉર્મેટની પૂરતી મૅચો તો રમવા દો.’

ઇશાન કિશન ઈસ્ટ ઝોનનો કૅપ્ટન છે અને વૈભવને તેનો ડેપ્યૂટી બનાવવામાં આવ્યો છે. નવાઈની વાત એ છે કે બિહારનો આ ટીનેજ બૅટ્સમૅન હજી માંડ આઠ ફર્સ્ટ-ક્લાસ મૅચ રમ્યો છે. નવાઈની વાત એ છે કે ૧૧૩ ફર્સ્ટ-ક્લાસ મૅચનો અનુભવ બૅટ્સમૅન અભિમન્યુ ઈશ્વરન એ જ ટીમમાં છે, પણ ઉપ-સુકાની વૈભવને બનાવવામાં આવ્યો છે.

પંચાલની આ ટિપ્પણી બાદ સોશ્યલ મીડિયામાં વૈભવના મુદ્દે ચર્ચા શરૂ થઈ ગઈ છે. ઘણા ભૂતપૂર્વ ક્રિકેટરો અને ક્રિકેટપ્રેમીઓનું માનવું છે કે વૈભવને પહેલાં ડોમેસ્ટિક રેડ બૉલ ક્રિકેટ રમવા દઈને પોતાને પૂરતો સાબિત કરવાનો મોકો આપવો જોઈએ.

### સિલેક્ટરોએ બચાવમાં શું કહ્યું?

જોકે ઈસ્ટ ઝોન સિલેક્શન કમિટીએ વૈભવને લગતા નિર્ણયનો મજબૂત બચાવ કર્યો છે. આ સમિતિમાં ઝારખંડનું પ્રતિનિધિત્વ કરતા ભૂતપૂર્વ ક્રિકેટર મનીષ બર્ધનને એક જાણીતી વેબસાઇટને કહ્યું છે કે ‘આ નિર્ણય માત્ર હાલની ટૂર્નામેન્ટને લક્ષમાં રાખીને નથી લેવામાં આવ્યો. અમે ક્યારેય વર્તમાન વિશે નથી વિચારતા. ઉપ-સુકાનીને સુકાની સાથે નજીકથી કામ કરવાનો તેમ જ ટીમને નજીકથી સમજવાનો મોકો મળે એવું અમારું માનવું છે. અમે ઇચ્છીએ છીએ કે વૈભવ ટીમ સાથે વધુ નજીકથી જોડાયેલો રહે. એવું કરવાથી ક્રિકેટમાં તેના વિકાસમાં મદદ મળશે. તે ખૂબ પ્રતિભાશાળી ખેલાડી છે અને સતતપણે પરિપક્વ થઈ રહ્યો છે. આ જવાબદારી તેની વિકાસની પ્રક્રિયાનો જ એક ભાગ છે.’

### દુલીપ ટ્રોફી ૧૦મી સપ્ટેમ્બર સુધી

બેંગ્લૂરુમાં આગામી ૨૩મી ઑગસ્ટે શરૂ થનારી દુલીપ ટ્રોફી ટૂર્નામેન્ટ ૧૦મી સપ્ટેમ્બર સુધી ચાલશે. ઈસ્ટ ઝોનની ચાર-દિવસીય પ્રથમ મૅચ નોર્થ-ઈસ્ટ ઝોન વિરુદ્ધ રમાશે. બીજી તરફ, વેસ્ટ ઝોનનો મુકાબલો નૉર્થ ઝોન સામે થશે. ક્વૉર્ટર ફાઇનલની આ બન્ને મૅચમાં વિજયી થનારી ટીમ ૩૦મી ઑગસ્ટે અનુક્રમે સાઉથ ઝોન અને સેન્ટ્રલ ઝોન સામે સેમિ ફાઇનલ રમશે. પાંચમી સપ્ટેમ્બરે પાંચ દિવસની ફાઇનલ રમાશે. ■





# બૉક્સર સાક્ષી ચૌધરીએ ગોલ્ડ મેડલ માટે કેમ કોહલીનો આભાર માન્યો?

નવી દિલ્હી: કૉમનવેલ્થ જેવી મોટી અને પ્રતિષ્ઠિત સ્પર્ધાનો ગોલ્ડ મેડલ જીતવામાં સંબંધિત ઍથ્લીટના અથાક પરિશ્રમ તથા બલિદાન ઉપરાંત યોગ્ય વ્યક્તિના સપોર્ટની ભૂમિકા હોય છે અને બૉક્સર સાક્ષી ચૌધરી માટે એ વ્યક્તિ છે વિરાટ કોહલી.

સાક્ષી ચૌધરી ગ્લાસગોમાં ૫૧ કિલો (ફ્લાઇવેઇટ) વર્ગમાં સુવર્ણચંદ્રક જીતી હતી. સાક્ષીએ જાહેર કર્યું છે કે ત્રણ વર્ષથી તેને કરીઅરના મહત્ત્વના તબક્કા દરમ્યાન વિરાટ કોહલી ફાઉન્ડેશન તરફથી જે મદદ મળી એ બદલ તે કોહલીની આભારી છે.

ભારતીય લશ્કરમાં ફરજ બજાવી ચૂકેલી સાક્ષીએ આઇએએનએસને મુલાકાતમાં કહ્યું, ‘મેં વિજેન્દર સિંહના બાઉટ જોયા એના પરથી મુક્કાબાજી શીખી હતી અને એમાં કરીઅર બનાવવાનું નક્કી કર્યું હતું. જોકે વિરાટ કોહલીએ પણ મને બહુ સારો સપોર્ટ આપ્યો છે. તેઓ મારા સ્પૉન્સર રહ્યા છે એટલે હું તેમનો ધન્યવાદ કરું છું.’

સાક્ષીએ એવું પણ કહ્યું કે ‘વિરાટ કોહલીએ મને માત્ર આર્થિક મદદ કરી હતી એવું નથી. તેમણે મને શાંત અભિગમ જાળવવાની અને બિનજરૂરી માનસિક દબાણ ટાળવાની સલાહ આપી હતી અને કહ્યું હતું કે રિંગમાં તારો બેસ્ટ પર્ફોર્મન્સ આપવા પર જ લક્ષ આપશે.’ ■

# રહાણેએ નિવૃત્તિ લીધી એ જ દિવસે સ્ટીવ વૉએ પોતાની ટીમ માટે નક્કી કરી લીધો



બેંગ્લૂરુ: તાજેતરમાં ક્રિકેટના તમામ ફૉર્મેટમાંથી નિવૃત્તિ લઈ લેનાર ભૂતપૂર્વ ભારતીય કૅપ્ટન અજિંક્ય રહાણે આ મહિને પહેલી વખત રમાનારી યુરોપિયન ટી-૨૦ પ્રીમિયર લીગ (ઇટીપીએલ)ની ઍમ્સ્ટરડૅમ ફ્લેમ્સ નામની ટીમ સાથે માર્કી પ્લેયર તરીકે જોડાયો છે અને આ ટીમના સહ-માલિક તથા ભૂતપૂર્વ ઑસ્ટ્રેલિયન કૅપ્ટન સ્ટીવ વૉ વિશે રહાણેએ ખૂબ રસપ્રદ વાત કરી છે.

બીસીસીઆઇના નિયમ મુજબ કૉન્ટ્રૅક્ટ હેઠળનો ખેલાડી નિવૃત્તિ પછી વિદેશી લીગ ટૂર્નામેન્ટમાં ભાગ લઈ શકે છે. આયરલૅન્ડ અને નેધરલૅન્ડ્સમાં ઇટીપીલ ૨૬મી ઑગસ્ટથી ૨૦મી સપ્ટેમ્બર સુધી રમાશે. નિવૃત્તિ પહેલાં કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)ની કૅપ્ટન્સી સંભાળનાર રહાણેએ શુક્રવારે પીટીઆઇને કહ્યું, ‘ઇટીપીએલ મારા માટે બહુ મોટી તક સમાન છે. મેં નિવૃત્તિ જાહેર કરી એ જ દિવસે મને આ તક મળી હતી. ઍમ્સ્ટરડૅમ ફ્લેમ્સના સહ-માલિક સ્ટીવ વૉએ મને કૉલ કર્યો હતો અને પૂછ્યું હતું કે તમને મારી ટીમ વતી રમવામાં રસ છે? મેં તો એને મોટી તક ગણીને હા પાડી દીધી હતી.’

૩૮ વર્ષીય રહાણેએ ઇટીપીએલના સહ-યજમાન આયરલૅન્ડ અને નેધરલૅન્ડ્સની ખૂબ પ્રશંસા કરી હતી. તેણે કહ્યું, ‘આ બન્ને દેશના લોકોમાં ક્રિકેટનું જબરદસ્ત પૅશન છે. એના ખેલાડીઓ નવું શીખવા ઉત્સુક હોય છે.’

સ્ટીવ વૉની માફક રાહુલ દ્રવિડ અને મૅથ્યૂ હેડન પણ ઇટીપીએલ સાથે જોડાયેલા છે. સ્ટીવ વૉએ કહ્યું, ‘રહાણેમાં નેતૃત્વની ખૂબ સારી આવડત છે. સમગ્ર કરીઅરમાં તેણે વિશ્વભરમાં સૌનું ખૂબ માન મેળવ્યું છે.’ ■

# હેડ-કોચ લક્ષ્મણે વૈભવના ખૂબ વખાણ કર્યા પછી ફિટનેસ વિશે આપી ચેતવણી

## કાર્યવાહક કોચના મતે ‘સૂર્યવંશીએ ટેસ્ટ અને વન-ડેમાં પણ રમવાનું હોવાથી તેણે ફિટનેસ જાળવવા પર ધ્યાન આપવું પડશે’

હરારેઃ ઝિમ્બાબ્વે સામે રવિવારે પૂરી થયેલી ત્રણ મૅચની ટી-૨૦ સિરીઝના અંતિમ મુકાબલાના મૅન ઑફ ધ મૅચ અને મૅન ઑફ ધ સિરીઝ અવૉર્ડ વિજેતા વૈભવ સૂર્યવંશીના આ શ્રેણી માટેના હેડ-કોચ વીવીએસ લક્ષ્મણે ભારોભાર વખાણ કર્યાં છે, પરંતુ તેના માટે એક ચેતવણીનો ઉલ્લેખ પણ પત્રકારો સાથેની વાતચીતમાં કર્યો છે.

ભારત-ઝિમ્બાબ્વે સિરીઝમાં વૈભવના ૧૫૧ રન તમામ બૅટ્સમેનોમાં સૌથી વધુ હતા. આયરલૅન્ડની ટૂરમાં તેને નહોતો રમાડવામાં આવ્યો જેને પગલે ભારતનો ૦-૨થી પરાજય થયો હતો અને પછી ઇંગ્લૅન્ડમાં તેને ડેબ્યૂ કરવાનો મોકો તો મળ્યો, પણ ફક્ત ૧૪, ૧૩ અને ૧૫ રનની ઇનિંગ્સની મદદથી સિરીઝમાં માત્ર ૪૨ રન બનાવ્યા હતા. ભારતનો ઇંગ્લૅન્ડ સામે ૦-૪થી પરાભવ થયો હતો. એ સિરીઝમાં વૈભવ સારું નહોતો રમી શક્યો, પણ ઝિમ્બાબ્વેમાં ૧૯૬.૧૦ના સ્ટ્રાઇક-રેટ સાથે હાઇએસ્ટ ૧૫૧ રન સાથે તેણે કૅપ્ટન શ્રેયસ ઐયરને ટ્રોફી જીતવામાં સૌથી મહત્ત્વની ભૂમિકા ભજવી છે. ભારતે ઝિમ્બાબ્વે સામે ૩-૦થી ક્લીન સ્વીપ કરી છે.

### લક્ષ્મણે વૈભવ વિશે શું કહ્યું?

ગૌતમ ગંભીરને કોચિંગની જવાબદારીમાંથી થોડો સમય આરામ અપાયો છે અને લક્ષ્મણને ઝિમ્બાબ્વે મોકલવામાં આવ્યો હતો. લક્ષ્મણે વૈભવની પ્રશંસા કરવાની સાથે એવું પણ કહ્યું છે કે વૈભવે પોતાની ફિટનેસ પર ખાસ ધ્યાન આપવું પડશે. લક્ષ્મણે કહ્યું, ‘ટીમ ઇન્ડિયા ઇચ્છે છે કે વૈભવ કોઈ પણ હાલમાં પોતાની ફિટનેસ વિશે સતર્ક રહે. તે હજી બહુ નાનો છે. તે આ રમતની દરેક બાબતમાં સારું પર્ફોર્મ કરવા તેમ જ સુધારો કરતા રહેવા માગે છે. રવિવારે જ્યારે તેને ફીલ્ડિંગ દરમ્યાન ઈજા થઈ તો તેણે મેદાન પર જ રહેવાનું પસંદ કર્યું હતું, પરંતુ અમારા ફિઝિયોએ તેને મેદાનની બહાર આવતા રહેવા કહ્યું હતું.’

### વૈભવ માટે ફિટનેસ કેમ મહત્ત્વની?

લક્ષ્મણના મતે ‘વૈભવે ફિટનેસ પર વિશેષ લક્ષ આપવાનું જરૂરી એ માટે છે કે આ જ એક બાબત છે જેને આધારે તે લાંબી કરીઅર માણી શકશે. માનસિક અને શારીરિક રીતે તે ફિટ હશે તો જ ટેસ્ટ તેમ જ વન-ડેમાં પણ દમદાર રમી શકશે. બિગ શૉટ રમવા એ જ ક્રિકેટ નથી. લાંબી ઇનિંગ્સ રમવા માટે સારી ફિટનેસની જરૂર પડતી હોય છે. સતત સારું તો જ રમી શકાય જો ફિટનેસ સારી હોય અને એનું સૌથી મોટું ઉદાહરણ છે વિરાટ કોહલી. ફિટનેસ થકી જ તે અસાધારણથી માંડીને મહાન ખેલાડી બનવા સુધીની સફર કરી શક્યો છે. સૂર્યવંશી જો ફિટનેસ પર વધુ ધ્યાન આપશે તો ચોક્કસ તે મોટી સફળતાઓ હાંસલ કરવાની શક્તિ ધરાવે છે.’

# ટીમ ઇન્ડિયામાં આકિબ નબીને સીધો પ્રવેશ મળવો જોઈતો હતોઃ વસીમ જાફર



નવી દિલ્હી: રણજી ટ્રોફીની ગઈ સીઝનમાં જમ્મુ-કાશ્મીરને ચૅમ્પિયન બનાવવામાં મોટું યોગદાન આપનાર પેસ બોલર આકિબ નબીને શ્રીલંકાના પ્રવાસથી ટીમ ઇન્ડિયામાં પ્રવેશ મળ્યો છે, પરંતુ તેને જે રીતે ડેબ્યૂ કરવાની તક અપાઈ છે એ વિશે એક ભૂતપૂર્વ ખેલાડીનો જુદો જ મત છે.

જસપ્રીત બુમરાહ ઈજાને કારણે શ્રીલંકા સામેની બે ટેસ્ટની શ્રેણીમાં નથી રમવાનો એટલે વિકલ્પ તરીકે નબીને ટીમ ઇન્ડિયાની કૅપ મળવાની છે, પણ મુંબઈના ભૂતપૂર્વ બૅટિંગ-લેજન્ડ અને ભારત વતી રમી ચૂકેલા વસીમ જાફરનું એવું માનવું છે કે નબીને રિપ્લેસમેન્ટ તરીકે ટીમ ઇન્ડિયામાં નહોતો સમાવવો જોઈતો, નબી એવો પેસ બોલર છે જેનો ટીમમાં સીધો જ સમાવેશ થવો જોઈતો હતો.

જોકે જાફર એ વાતથી ખુશ છે કે કોઈને કોઈ રીતે નબીને ભારતીય ટીમમાં પ્રવેશ મળ્યો તો ખરો. જાફરે એક યુટ્યૂબ ચૅનલ પરની વાતચીતમાં કહ્યું, ‘નબી ટીમ ઇન્ડિયામાં પ્રવેશ માટે હકદાર હતો અને તેને ટીમમાં જોઈને મને ખૂબ ખુશી થઈ છે. હા, તેને ટીમમાં ફર્સ્ટ-પ્લેસ તરીકે સ્થાન મળવું જોઈતું હતું. જોકે ક્યારેય ન થવાનું હોય એના કરતાં થોડું મોડું થયું પણ ભલે થયું તો ખરું.’

ઉલ્લેખનીય છે કે ડોમેસ્ટિક ક્રિકેટમાં નબી સતત સારું પર્ફોર્મ કરી રહ્યો હતો ત્યારે સિલેક્ટરોને તે યાદ નહોતો આવ્યો, પરંતુ હવે બુમરાહ પૂરેપૂરો ફિટ નથી અને શ્રીલંકા નથી જઈ શક્યો એટલે નબીને તેના સ્થાને ટીમમાં સામેલ કરવામાં આવ્યો. ક્રિકેટચાહકોનો સવાલ એ છે કે ચીફ સિલેક્ટર અજિત આગરકરના અધ્યક્ષસ્થાન હેઠળની કમિટી શા માટે નબીને અવગણતી રહી હતી? અફઘાનિસ્તાન સામેની એકમાત્ર ટેસ્ટમાં જ્યારે યુવાન ખેલાડીઓને મોકો મળ્યો હતો ત્યારે પણ નબી કેમ સિલેક્ટરોને યાદ ન આવ્યો?

# પ્રજ્ઞાનંદ એક રાઉન્ડ બાકી રાખીને રૅપિડ અને બ્લિટ્ઝ ચૅમ્પિયનશિપ જીત્યો



અમેરિકાના સેન્ટ લુઇસથી મળતા અહેવાલ મુજબ ભારતનો ૨૦ વર્ષનો ચેસ-સ્ટાર આર. પ્રજ્ઞાનંદ એક રાઉન્ડ બાકી રાખીને રૅપિડ અને બ્લિટ્ઝ ચૅમ્પિયનશિપ જીત્યો છે. તે ૨૩.૫ પૉઇન્ટ સાથે તમામ ખેલાડીઓમાં મોખરે હતો. તેણે આ વર્ષની વર્લ્ડ ચેસ ચૅમ્પિયનશિપ જીતવા માટે ફેવરિટ ગણાતા ઉઝબેકિસ્તાનના ચાવોખિર સિન્દારોવને પણ પાછળ રાખી દીધો હતો અને ટાઇટલ જીતી લીધું હતું. ■

# ભારતીયોનો વૉર્મ-અપમાં સંઘર્ષ




કોલંબો: શ્રીલંકા ક્રિકેટ ઇલેવન સામે ટીમ ઇન્ડિયાની એકમાત્ર વૉર્મ-અપ મૅચ શુક્રવારે શરૂ થઈ જેમાં યજમાન ટીમે બૅટિંગ લીધા બાદ આઠ વિકેટે ૩૬૩ રન બનાવ્યા હતા. શ્રીલંકન ટીમે શરૂઆત સારી કરી હતી, પણ લંચ બાદ ભારતે ઉપરાઉપરી ત્રણ વિકેટ ઝડપી હતી. જોકે કૅપ્ટન ગમાગે સોનલ દિનુશાની હાફ સેન્ચુરીને લીધે શ્રીલંકન ટીમનો સ્કોર ૩૦૦ રનને પાર ગયો હતો. પિચમાં સ્પિનર્સને વધુ લાભ મળ્યો હતો. છેલ્લા સત્રમાં ભારતીયોએ ચાર વિકેટ લઈને યજમાન ટીમના રનમશીનને બ્રેક મારી હતી. સ્પિનર્સ કુલદીપ યાદવ, રવીન્દ્ર જાડેજા તથા માનવ સુથારે બે-બે વિકેટ લીધી હતી, જ્યારે એક વિકેટ ઝડપી બોલર ગુરનૂર બ્રારને મળી હતી. હવે ત્રણ દિવસીય મૅચમાં શનિવારના બીજા દિવસે ભારતીય બૅટ્સમેનોની કસોટી થશે. ઈજાગ્રસ્ત ગિલની ગેરહાજરીમાં કે. એલ. રાહુલ ટીમનું સુકાન સંભાળી રહ્યો છે. ■



# હોર્મુઝ સ્ટ્રેટ પર ઈરાન સાથેના સોદા માટે ટ્રમ્પ તરફથી સમાધાનની જરૂર પડી શકે : નિષ્ણાતોના મત

વોશિંગ્ટનઃ નિષ્ણાતોના મતે આર્થિક રીતે મહત્વપૂર્ણ હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવા માટે ઈરાન સાથેના સોદા પર પહોંચવા માટે, પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને કંઈક અલગ એટલે કે સમાધાન કરવાની જરૂર પડી શકે છે.

ટ્રમ્પ માટે કોઈપણ છૂટ આપવી મુશ્કેલ હશે, જેમણે આગ્રહ કર્યો છે કે તેમના ઘટતા મતદાન આંકડા, સુસ્ત અર્થતંત્ર અને પાંચ મહિના કરતાં વધુ સમય પહેલાં ઇઝરાયલ સાથે શરૂ કરાયેલા ઇરાન યુદ્ધ પછી અમેરિકાના સૈન્યના મુખ્ય શસ્ત્રોના ઘટતા ભંડારની કોઈ વાત સત્ય નથી.

જ્યોર્જ ડબલ્યુ બુશ વહીવટમાં સ્ટેટ ડિપાર્ટમેન્ટના કાઉન્સેલર તરીકે સેવા આપનારા એલિયટ કોહેને કહ્યું કે તેઓ વિશ્વને વિજેતા અને હારેલામાં વહેંચે છે અને આ તેમને હારેલા બનાવશે, અને હારેલાની છબી, મને લાગે છે કે, તેમના માટે અસહ્ય હશે.’

હોર્મુઝ સ્ટ્રેટ પર નિયંત્રણનો મુદ્દો મુખ્ય રહ્યો છે, જ્યાંથી વિશ્વનું ૨૦ ટકા તેલ સામાન્ય રીતે વહે છે. બંને પક્ષ કહે છે કે સોદો નજીક છે, પરંતુ ટ્રમ્પ વહીવટીતંત્રે એવી કોઈપણ વ્યવસ્થાને નકારી કાઢી છે જે પર્સિયન ગલ્ફ જળમાર્ગ પર ઈરાનની પકડ મજબૂત કરે, જેમાં તેહરાન દ્વારા ફી વસૂલવાનો સમાવેશ થાય છે.

જોકે, ઈરાને કેટલાક નિયંત્રણનો આગ્રહ રાખ્યો છે, અને કહ્યું છે કે યુદ્ધ પહેલાની જેમ હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખુલ્લો આંતરરાષ્ટ્રીય જળમાર્ગ નહીં બને.

અમેરિકાના હજારો હુમલાઓ છતાં, ઈરાન હજુ પણ જહાજો પર ડ્રોન અને મિસાઇલો ચલાવી શકે છે, જેનાથી વાણિજ્યિક શિપિંગ પર તેનો અવરોધ ઊભો થાય છે.

કોહેને કહ્યું કે ભલે સંઘર્ષ ગેસોલિનના ભાવમાં વધારો કરે અને નવેમ્બરની મધ્યસત્ર ચૂંટણીઓમાં રિપબ્લિકન માટે સમસ્યાઓ ઉભી કરે, ઈરાનને જમીન આપવી ટ્રમ્પ માટે મુશ્કેલ બનશે.

ટ્રમ્પના પ્રથમ કાર્યકાળમાં વિદેશ ખાતાના ભૂતપૂર્વ અધિકારી ડેવિડ શેન્કરે જણાવ્યું હતું કે વધતા આર્થિક દબાણથી ટ્રમ્પ ખરેખર સામુદ્રધુની પર સમાધાન કરવા માટે પ્રેરિત થઈ શકે છે, ભલે તેની વૈશ્વિક વેપાર પર ગંભીર અસરો થવાની શક્યતા હોય. ‘બંને રીતે ઘણી બધી બાબતોમાં ફેરફાર થશે, પરંતુ મારો અંદાજ એ છે કે તેમણે કટોકટીનો ઉકેલ લાવવાની તાકીદ પર સહમતિ આપી છે, ‘તેવું શેન્કર, જે હવે વોશિંગ્ટન ઇન્સ્ટિટ્યૂટ ફોર નિયર ઇસ્ટ પોલિસીના ફેલો છે, તેમણે કહ્યું.■

# લખીમપુર ખેરી હિંસા કેસઃ સુપ્રીમ કોર્ટનો આરોપીને જામીન આપવાનો ઇનકાર

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે ગુરુવારે ૨૦૨૧ લખીમપુર ખેરી હિંસા કેસના મુખ્ય આરોપી આશિષ મિશ્રાની જામીન શરતોમાં વધુ રાહત આપવાનો ઇનકાર કર્યો હતો. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને વી. મોહનાની બનેલી બેન્ચે મિશ્રાની જામીન શરતોમાં રાહત આપવા અને કૌટુંબિક કાર્યક્રમોમાં ભાગ લેવા માટે તેના વતન જવાની પરવાનગી માંગતી અરજી ફગાવી દીધી હતી. મિશ્રાના વકીલે કહ્યું કે હાલના પ્રતિબંધોને કારણે, તે તેની પુત્રીઓના જન્મદિવસની ઉજવણી સહિત કૌટુંબિક કાર્યક્રમોમાં હાજરી આપી શકતો નથી.

આ તબક્કે આ પ્રાર્થનાને માન આપવા માટે કોઈ આધાર નથી. અરજી ફગાવી દેવામાં આવે છે, એમ કોર્ટે કહ્યું.

સુનાવણી દરમિયાન, પીડિત ખેડૂતો તરફથી હાજર રહેલા વકીલ પ્રશાંત ભૂષણે ટ્રાયલ કેવી રીતે ચાલી રહી છે તેના પર ચિંતા વ્યક્ત કરીને આરોપ લગાવ્યો હતો કે કાર્યવાહી જે ઝડપે ચાલી રહી છે તેના કારણે પ્રત્યક્ષદર્શીઓ સહિત ઘણા મહત્ત્વપૂર્ણ સાક્ષીઓને છોડી દેવામાં આવી રહ્યા છે. તેમને બીજા જ દિવસે બોલાવવામાં આવે છે. ■

# જર્મનીના એરપોર્ટ પર વિસ્ફોટકો સાથેનું ડ્રોન મળી આવ્યું

બર્લિનઃ જર્મનીના લીપઝિગ/હેલ એરપોર્ટ પર વિસ્ફોટકો ભરેલું ડ્રોન મળી આવતા ખળભળાટ મચી ગયો હતો. ત્યારબાદ તેમાંથી ડેટોનેટર દૂર કરવામાં આવ્યું હતું. આ જાણકારી અધિકારીઓએ આપી હતી. પોલીસના જણાવ્યા અનુસાર મધરાત પહેલા નજીકમાં એક ઊડતી વસ્તુ જોવા મળ્યા બાદ એરપોર્ટના બંને રન-વે બંધ કરવામાં આવ્યા હતા. તેમજ એક પેસેન્જર વિમાન સહિત અનેક ફ્લાટ્સને બીજા એરપોર્ટ પર ડાઇવર્ટ કરવામાં આવી હતી. તેમજ દક્ષિણ રન-વે પાસેથી મળી આવેલી વસ્તુની તપાસ માટે એન્ટિ-એક્સપ્લોસિવ્સ રોબો તહેનાત કરવામાં આવ્યા હતા.

બુધવારે એક નિવેદનમાં જણાવાયું હતું કે એરપોર્ટના એક કર્મચારીને દક્ષિણ રન-વે નજીક ‘એક અજ્ઞાત વિસ્ફોટક ઉપકરણ’ ધરાવતું ડ્રોન મળી આવ્યું હતું. જેની પોલીસે તપાસ કરી હતી અને તેનું ડિટોનેટર દૂર કર્યું હતું. જો કે નિવેદનમાં ઉપકરણ વિશે વિગતવાર માહિતી આપવામાં આવી નથી.

અધિકારીઓએ જણાવ્યું કે મુસાફરો અને એરપોર્ટ સ્ટાફને કોઇ ખતરો નથી અને બુધવારે ફ્લાઇટ્સ પર કોઇ અસર પડી ન હતી. આ એરપોર્ટ એક મુખ્ય કાર્ગો હબ છે.

અહીં ઉપસ્થિત વિમાનોમાં યુક્રેનિયન એન્ટોનોવ ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટનો સમાવેશ થાય છે. આ ડ્રોન માટે કોણ જવાબદાર હોઇ શકે છે તે અંગે તાત્કાલિક કોઇ માહિતી મળી નથી. ■

# સંજય કપૂરનો પરિવાર મતભેદ સુલેહસંપથી ઉકેલેઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે સ્વર્ગસ્થ ઉદ્યોગપતિ સંજય કપૂરનાં માતા રાની કપૂર અને પત્ની પ્રિયા કપૂર વચ્ચેનો પરિવારના ટ્રસ્ટને લગતો વિવાદ સુલેહસંપથી ઉકેલાવાની ગુરુવારે આશા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે આ પ્રકરણમાં નમધ્યસ્થીથની કામગીરી સંતોષકારક રીતે આગળ વધી રહી છે.

ન્યાયાધીશ જે. બી. પારડીવાલા અને ન્યાયાધીશ કે. વિનોદચંદ્રનની બૅન્ચે આ પ્રકરણમાં મધ્યસ્થી કરી રહેલી વ્યક્તિ દ્વારા રજૂ કરાયેલા પ્રાથમિક અહેવાલની નોંધ લઇને જણાવ્યું હતું કે અમે એ વાત નોંધી છે કે મધ્યસ્થીની કામગીરીમાં અત્યાર સુધીમાં છ સેશન (બેઠક) યોજાયા હતા. મધ્યસ્થી દ્વારા કપૂર પરિવારની દરેક વ્યક્તિ સાથે વાત કરવામાં આવી હતી. મધ્યસ્થીની કામગીરી સંતોષકારક રીતે આગળ વધતી હોવાનું જાણીને અમને ખુશી થઇ છે. આ કિસ્સામાં બધા પક્ષકાર સહકાર આપી રહ્યા હોવાનું જાણીને પણ આનંદ થયો છે.

બૅન્ચે જણાવ્યું હતું કે મધ્યસ્થીએ પોતાની કામગીરી પૂરી કરવા માટે બીજી નવેમ્બર સુધીનો સમય માગ્યો છે. બધા પક્ષકારે ખુલ્લું મન અને ખુલ્લું દિલ રાખીને મધ્યસ્થી સાથે વાત કરવી જોઇએ કે જેથી તેઓએ સંભવિત લાંબો સમય ચાલે એવી કાનૂની પ્રક્રિયામાં પડવું ન પડે. મધ્યસ્થીની કામગીરી આગળ વધવા દો. અમે તેના વધુ અહેવાલની રાહ જોઇશું.

સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે જો મધ્યસ્થી સમાધાન કરાવવામાં નિષ્ફળ જશે, તો પક્ષકારો અદાલતમાં ધા નાખી શકશે. પક્ષકારોએ અદાલતમાં અરજી કરવી પડે, એવો દિવસ ન આવે એ જોજો.

(એજન્સી) ■

# બૅન્ક શૅરોએ બેન્ચમાર્કને ધક્કો માર્યો, સેન્સેક્સ ૪૫૬ પોઈન્ટ ગબડ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: હોર્મુઝ સ્ટ્રેઇટનો ઉકેલ ફરી પાછળ ઠેલાવા સાથે ક્રૂડના ભાવ બેરલદીઠ ૮૦ ડોલરથી ઉપર રહેવાને કારણે કથળેલા સેન્ટિમેન્ટ સાથે સ્થાનિક સ્તરે બેન્ક અને ફાઇનાન્શિઅલ શેરોની આગેવાનીએ વેચવાલીનું દબાણ આવતાં સેન્સેક્સ ૪૫૫.૫૯ પોઇન્ટ અથવા તો ૦.૫૮ ગબડીને ૭૮,૪૯૯.૧૭ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો, જ્યારે નિફ્ટી ૬૫.૩૫ પોઇન્ટ અથવા તો ૦.૨૭ ટકાના ઘટાડા સાથે ૨૪,૫૭૦.૬૫ની સપાટીએ સ્થિર થયો હતો.

બજાજ ફાઇનાન્સ ૫.૯૦ ટકાના અને બજાજ ફિનસર્વ ૪.૧૮ ટકાના કડાકા સાથે ટોપ લુઝર બન્યા હતા. અન્ય સૌથી વધુ ઘટનારા શેરોમાં આઇસીઆઇસીઆઇ બેન્ક, ટ્રેન્ટ, એક્સિસ બેન્ક અને એશિયન પેઇન્ટનો સમાવેશ હતો. જ્યારે ટાટા કન્સ્લ્ટન્સી સર્વિસિસ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, સ્ટેટ બેન્ક અને ટેક મહિન્દ્રા ટોપ ગેઇનર રહ્યા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૩૫ ટકાના ઘટાડા સાથે ૮૨.૨૦ ડોલર બોલાયું હતું. એફઆઇઆઇએ પાછલા સત્રમાં સાધારણ વેચવાલી નોંધાવી હતી.

પ્રાઈમરી માર્કેટમાં બિહારી લાલ એન્જિનિયરિંગ લિમિટેડનો રૂ. ૩૦૧.૬૨ કરોડનો આઇપીઓ ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બંધ થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૨૭૧થી રૂ. ૨૮૫ પ્રતિ શેર અને મિનિમમ લોટ સાઇઝ બાવન શેરની છે. શેરની ફાળવણી ૧૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ અને એનએસઇ, બીએસઇ પર લિસ્ટિંગ ૧૯ ઓગસ્ટે થશે. ગુરુવારે એમવી ઇલેક્ટ્રોસિસ્ટમનો શેર ૨૨ ટકાના પ્રીમિયમે લિસ્ટેડ થયો હતો. અગાઉના સત્રમાં બુધવારે મનીપાલ હેલ્થના શેર ૧૧ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા. ઇન્ટેન્સ ટેક્નોલોજીસે નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ ક્વાર્ટરના ઓડિટેડ નાણાકીય પરિણામાં રૂ. ૩,૧૦૩.૫૨ લાખની કુલ આવક નોંધાવી હતી, જે ગયા વર્ષે રૂ. ૩,૧૪૭.૯૩ લાખ હતી. એબિટા રૂ. ૩૦૮.૪૩ લાખની સામે રૂ. ૧૫૨.૬૦ લાખ રહ્યો છે. ચોખ્ખો નફો રૂ. ૧૨૫.૨૭ લાખ સામે રૂ. ૮૭.૧૬ લાખનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો.

ઇરાન હોર્મુઝ સ્ટ્રેઇટ પરનો કબજો યથાવત રાખવા માગે છે અને સામે અમેરિકા આ શરત માને એવી સંભાવના ઓછી હોવાને કારણે ઇંધણનો પુરવઠો વહેલી તકે સરળ બને એવું જણાતું નથી. બીજી તરફ નોન-બેન્કિંગ સેન્ડિંગ સેકટર માટેના નવા નિયમનકારી પ્રસ્તાવને કારણે બેન્ક અને ફાઇનાન્સ શેરોમાં વેચવાલીનું દબાણ વધ્યું હતું.

નેશનલ સ્ટોક એક્સચેન્જના ૧૫ મુખ્ય સેક્ટરલ ઇન્ડેક્સમાંથી સાત ઇન્ડેક્સ, ફાઇનાન્શિયલ સર્વિસિસ ઇન્ડેક્સની આગેવાનીએ નીચા મથાળે બંધ થયા હતા. આ ઇન્ડેક્સમાં ૧.૫૦ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. નિફ્ટી બેંક, ફાઇનાન્શિયલ સર્વિસિસ, ખાનગી બેંક અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઇન્ડેક્સ પણ નેગેટીવ ઝોનમાં ગબડ્યા હતા. બીજી બાજુ, ઓટો, આઇટી, મેટલ અને પીએસયુ બેંકિંગ શેરોમાં લેવાલી અને સુધારો જોવા મળ્યો હતો. વ્યાપક બજારમાં વિરોધીભાસી ચિત્ર જોવા મળ્યું હતું. નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૦.૨૨ ટકા વધ્યો હતો, જ્યારે નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સમાં ૦.૦૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. ક્લોઝિંગ ઓક્શન મિકેનિઝમે આ સત્રમાં પણ દિવસના અંતે ઇન્ડેક્સ સ્તરોને પ્રભાવિત કરવાનું ચાલુ રાખ્યું હતું. આ નવી યંત્રણા સોમવારથી લાગુ પડી છે અને આખું સપ્તાહ સેન્સેક્સ અને નિફ્ટીની ચાલ વચ્ચે મોટો તફાવત જોવા મળ્યો છે. નવી સિસ્ટમ હેઠળ, ફ્યુચર્સ અને ઓપ્શન્સ પાત્ર શેરો બપોરે ૩:૧૫ વાગ્યા પછી હરાજીમાં પ્રવેશ કરે છે, તેમના બંધ ભાવ અગાઉના વોલ્યુમ વેઇટેડ સરેરાશ ભાવ મિકેનિઝમને બદલે એકંદર ખરીદી અને વેચાણ ઓર્ડર વચ્ચેના સંતુલન દ્વારા નક્કી કરવામાં આવે છે.

બજાર નિષ્ણાતો માને છે કે બજારની પ્રારંભિક અસ્થિરતા કામચલાઉ છે. જેમ જેમ વધુ ટ્રેડર્સ અને સંસ્થાઓ ક્લોઝિંગ ઓક્શન સત્રમાં ભાગ લેશે, તેમ તેમ એક્સચેન્જો વચ્ચે



ભાવ તફાવત ઘટવાની અપેક્ષા છે અને બજાર નવી પ્રક્રિયામાં સમાયોજિત થવાની શક્યતા છે. સમય જતાં નવી પદ્ધતિ વધુ કાર્યક્ષમ અને વિશ્વસનીય ક્લોઝિંગ ભાવ પ્રદાન કરશે તેવી અપેક્ષા છે.

મિલ્કી મિસ્ટ ડેરી ફૂડનો રૂ. ૧,૫૫૩ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૧૧મી ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૩મી ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બંધ થશે. શિપરોકેટનો રૂ. ૧,૬૧૭.૪૮ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બંધ થશે. ધૂત ટ્રાન્સમિશન અને મોલ્બિઓ ડાયગ્નોસ્ટિક્સનો આઇપીઓ દશમી ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બંધ થશે.

કોર્પોરેટ હલચલમાં સ્ટેટ બેન્કે પ્રથમ ક્વાર્ટરમાં ૧૩.૭૦ ટકાના વધારા સાથે રૂ. ૨૪,૧૧૩ કરોડ અને કુલ આવક રૂ. ૧.૪૩ લાખ કરોડ કરોડ નોંધાવી છે, જે વર્ષ અગાઉ રૂ. ૧.૩૫ લાખ કરોડ હતી. હિન્દાલ્કો ઇન્ડસ્ટ્રીઝે એપ્રિલ-જૂનના ક્વાર્ટરમાં ૭૫ ટકાના વધારા સાથે રૂ. ૭૦૧૩ કરોડ અને કુલ આવક ૩૨ ટકાના વધારા સાથે રૂ. ૮૫,૮૮૨ કરોડ નોંધાવી છે.

હીરો મોટોકોર્પનો ચોખ્ખો નફો પ્રથમ ક્વાર્ટરમાં ૧૬.૮૬ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૪૧૭.૯૩ કરોડ નોંધાયો છે.લ્યુપીનનો નફો ૧૬ ટકાના વધારા સાથે રૂ. ૧૪૧૭ કરોડ નોંધાયો છે. જેકે ટાયર એન્ડ ઇન્ડસ્ટ્રીઝનો પ્રથન ક્વાર્ટરનો ચોખ્ખો નફો ૭૩ ટકાના ઘટાડા સાથે રૂ. ૪૪.૦૯ કરોડ રહ્યો છે. ક્રૂડના ભાવમાં નરમાઈ ફુગાવાના દબાણને ઘટાડી શકે છે અને માર્જિન વિસ્તરણને ટેકો આપી શકે છે, એવા આશાવાદ વચ્ચે રોકાણકારો આગામી ક્વાર્ટરની કમાણીમાં સુધારાની ધારણાં બાંધી રહ્યા છે.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી અને જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ નીચા સ્તરે બંધ થયો, જ્યારે શાંઘાઈનો એસએસઆઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ ઊંચા સ્તરે બંધ થયો. યુરોપના બજારો હકારાત્મક વલણ સાથે ટ્રેડ કરી રહ્યા હતા. ગુરુવારે યુએસ બજારો નીચા સ્તરે બંધ થયા. ગુરુવારે, સેન્સેક્સ ૩૭૩.૭૬ પોઈન્ટ અથવા ૦.૪૮ ટકા વધીને ૭૮,૯૫૪.૭૬ પર સ્થિર થયો. નિફ્ટી દિવસ માટે સાંકડી રેન્જમાં ટ્રેડ થયો અને ૧૧.૩૫ પોઈન્ટ અથવા ૦.૦૫ ટકા વધીને ૨૪,૬૩૬ પર બંધ થયો હતો.

શેરબજારમાં શુક્રવારના સત્રમાં ખાસ કરીને ફોકસ્ડ આઈટી, ઓટો અને હોસ્પિટલ્સ ઈન્ડેક્સ સૌથી અધિક વધ્યા હતા, જ્યારે ફાઈનાન્સિયલ સર્વિસીસ, પ્રાઈવેટ બેન્ક્સ અને ટોપ ૧૦ બેન્ક્સ સૌથી અધિક ઘટ્યા, એકસ્ચેજન્ના માર્કેટ કેપમાં રૂ.૨૮૦૦૦ કરોડનો ઘટાડો નોંધાયો હતો. શુક્રવારે સેન્સેક્સ ગત ગુરુવારના ૭૮,૯૫૪.૭૬ પોઈન્ટના બંધની સરખામણીએ ૪૫૫.૫૯ પોઈન્ટ કે ૦.૫૮ ટકા ઘટ્યો હતો. ૩૦ શેરો ધરાવતો સેન્સેક્સ ૭૮,૫૧૬.૦૮ પોઈન્ટે ખૂલ્યો હતો, જે ઊંચામાં ૭૮,૭૫૭.૪૦ પોઈન્ટ સુધી તથા નીચામાં ૭૮,૩૭૭.૦૭ પોઈન્ટ સુધી ગયા બાદ અંતે ૭૮,૪૯૯.૧૭ બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૯૩.૩૪ લાખ કરોડ રહ્યું હતું, જે અગાઉના કારોબારી દિવસે રૂ.૪૯૩.૬૨ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ.૦.૨૮ લાખ કરોડનો ઘટાડો નોંધાયો હતો. એસએન્ડપી બીએસઈ સેન્સેક્સની ૧૪ સ્ક્રિપ વધી અને ૧૬ સ્ક્રિપ ઘટી હતી. બીએસઈ પર કુલ ૪,૪૬૦ સ્ક્રિપ્સમાં સોદા થયા હતા, જેમાં ૨,૦૪૪ શેરોના ભાવ વધ્યા હતા, ૨,૨૦૯ શેરોના ભાવ ઘટ્યા હતા અને ૨૦૭ શેરોના ભાવ યથાવત રહ્યા હતા. ૧૭૧ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૮૦ સ્ટોક્સ બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

કુલ ૨૨ કંપનીઓ પર સર્કિટ બ્રેકર લાગ્યું હતું, જેમાં ૧૨ કંપનીઓમાં અપર સર્કિટ તથા ૧૦ કંપનીઓમાં લોઅર સર્કિટ લાગી હતી. બ્રોડબેઝ્ડ ઈન્ડેક્સમાં ૧૫૦ મિડકેપ ૦.૧૮ ટકા વધ્યો અને ૨૫૦ સ્મોલકેપ ઈન્ડેક્સ સ્થિર રહ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાઈસીસમાં આઈપીઓ ૦.૨૧ ટકા તથા એસએમઈ આઈપીઓ ૦.૨૯ ટકા વધ્યા હતા.

સેક્ટરલ ઈન્ડેક્સમાં મુખ્યત્વે બીએસઈ ફોકસ્ડ આઈટી ૧.૪૪ ટકા, ઓટો ૧.૩૩ ટકા, હોસ્પિટલ્સ ૧.૨૫ ટકા, આઈટી ૧.૧૬ ટકા, પીએસયુ બેન્ક ૦.૭૬ ટકા, હેલ્થકેર ૦.૫ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૪ ટકા અને કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૩૧ ટકા વધ્યા હતા, જ્યારે ફાઈનાન્સિયલ સર્વિસીસ ૧.૩૩ ટકા, પ્રાઈવેટ બેન્ક્સ ૧.૦૪ ટકા, ટોપ ૧૦ બેન્ક્સ ૦.૯૭ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૯ ટકા, હાઉસિંગ ફાઈનાન્સ ૦.૮૧ ટકા અને ઓઈલ એન્ડ ગેસ ૦.૬૩ ટકા ઘટ્યા હતા. સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં મુખ્યત્વે ટીસીએસ ૩.૫૩ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૨.૫૩ ટકા, સ્ટેટ બેન્ક ૧.૦૩ ટકા, ટેક મહિન્દ્ર ૦.૯૧ ટકા, બીઈએલ ૦.૭૪ ટકા અને ઈન્ફોસિસ ૦.૬૮ ટકા તેમ જ એચસીએલ ટેકનોલોજી ૦.૫૯ ટકા વધ્યા હતા, જ્યારે બજાજ ફાઈનાન્સ ૫.૯૦ ટકા, બજાજ ફિનસર્વ ૪.૧૮ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૩.૭૨ ટકા, ટ્રેન્ટ ૩.૫૪ ટકા, એક્સિસ બેન્ક ૧.૨૦ ટકા, એશિયન પેઈન્ટ ૧.૦૨ ટકા અને ટાઈટન ૦.૮૨ ટકા ઘટ્યા હતા. બીએસઈના ડેરિવેટિવ સેગમેન્ટમાં શુક્રવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં કુલ રૂ.૧૯૧.૧૫ કરોડનું ટ્રેડિંગ થયું હતું, જેમાં કુલ ૮૯૪ ટ્રેડ્સમાં ૧,૨૧૦ કોન્ટ્રેક્ટ થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ ૯,૧૧,૩૪૦ કોન્ટ્રેક્ટ્સ રહ્યા હતા, જ્યારે કુલ અનુમાનિત ટર્નઓવર રૂ.૨૦,૬૧,૩૮૩.૪૦ કરોડ રહ્યું હતું.

## ડૉલર સામે રૂપિયામાં પાંચ પૈસાનો સુધારો



મુંબઈ: આંતરરાષ્ટ્રીય સ્તરે સ્ટ્રેટ ઑફ હોર્મુઝના મુદ્દે ઈરાન અને ઓમાન વચ્ચેની વાટાઘાટોમાં ઉકેલ આવવા બાબતે અનિશ્ચિતતાને કારણે વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ વધી આવતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સાંકડી બેતરફી વધઘટે અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે સાધારણ પાંચ પૈસાના સુધારા સાથે ૯૫.૧૭ની સપાટીએ બંધ રહ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૨૨ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૫.૨૮ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૨૮ અને ઉપરમાં ૯૫.૧૭ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે પાંચ પૈસા વધીને સત્રની ઊંચી ૯૫.૧૭ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૧૪ પૈસાનો ઘટાડો આવ્યો હતો.

પશ્ચિમ એશિયામાં ઈરાન અને ઓમાન વચ્ચે સ્ટ્રેટ ઑફ હોર્મુઝના મુદ્દે ડીલ થવા બાબતે અનિશ્ચિતતા સપાટી પર આવી હોવાથી ક્રૂડતેલના ભાવમાં ઉછાળો જોવા મળ્યો હોવાથી અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નકારાત્મક વલણ જોવા મળે તેવી શક્યતા વ્યક્ત કરતાં મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે ડૉલર સામે રૂપિયો ૯૫થી ૯૫.૬૦ આસપાસની રેન્જમાં રહે તેમ જણાય છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે સાધારણ ૦.૦૨ ટકા ઘટીને ૯૯.૯૦ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે વધ્યા મથાળેથી ૦.૨૩ ટકા ઘટીને બેરલદીઠ ૮૨.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૪૫૫.૫૯ પૉઈન્ટનો અને ૬૫.૩૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૭.૮૬ કરોડની ચોખ્ખી વેચાવાલી રહી હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

### વૈશ્વિક સોનામાં સાપ્તાહિક ધોરણે જાન્યુઆરી પછીનો સૌથી મોટો સાત ટકાનો ઉછાળો

## સ્થાનિકમાં સોનું ₹ ૧૧૮૧ વધીને ₹ ૧.૫ લાખની નજીક, ચાંદીમાં ₹ ૫૫૦૭ની તેજી

મુંબઈ: અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ટૂંક સમયમાં જ ઈરાન સાથેનાં યુદ્ધનો અંત આવે તેવો આશાવાદ વ્યક્ત કરતાં આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ૨.૧ ટકા વધી આવ્યા હતા તેમ જ સાપ્તાહિક ધોરણે ગત જાન્યુઆરી પછીનો સૌથી મોટો સાત ટકા જેટલો વધારો થયાના નિર્દેશો હતા. તેમ જ આજે ચાંદીના ભાવ પણ ૪.૪ ટકા વધીને ક્વૉટ થઈ રહ્યાના પ્રોત્સાહક અહેવાલોને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક ઝવેરી બજારમાં પણ હાજરમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૧૭૬થી ૧૧૮૧ની તેજી આગળ ધપી હતી અને ભાવ ૧.૫૦ લાખની નજીક પહોંચ્યા હતા. તેમ જ આજે ચાંદીના ભાવમાં પણ કિલોદીઠ રૂ. ૫૫૦૭ની તેજી આવી હતી.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે હાજરમાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૫૫૦૭ની તેજી સાથે રૂ. ૨,૩૧,૧૮૧ના મથાળે રહ્યા હતા. તેમ જ આજે હાજરમાં સોનામાં રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી રહી હતી, પરંતુ જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવા છતાં વિશ્વ બજાર



પાછળ ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૧૭૬ વધીને રૂ. ૧,૪૯,૦૨૨ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૧૮૧ વધીને રૂ. ૧,૪૯,૬૨૧ની સપાટીએ રહ્યા હતા.

ગઈકાલે ન્યૂ યોર્ક ખાતે હાજરમાં સોનાના ભાવ સાત સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં ભાવ ગઈકાલના બંધ સામે વધુ ૨.૧ ટકા વધીને ઔંસદીઠ ૪૩૨૬.૫૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ અત્યાર સુધીમાં સાપ્તાહિક ધોરણે ગત જાન્યુઆરી પછીનો સૌથી મોટો સાત ટકાનો ઉછાળો નોંધાયો હતો. તેમ જ આજે ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ બે ટકા વધીને ૪૩૮૬.૧૦ ડૉલર આસપાસ તથા હાજરમાં ચાંદીના ભાવ ૪.૪ ટકા વધીને ઔંસદીઠ ૬૪.૧૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. હાલનાં ક્રૂડતેલના વૈશ્વિક ભાવને ધ્યાનમાં લેતા અમેરિકી ફેડરલ રિઝર્વનાં અધ્યક્ષ કેવિન વાર્શ નજીકના ભવિષ્યમાં તંગ નાણાનીતિ અપનાવે અને વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા પાતળી થવાને કારણે સોના અને ચાંદી સહિતની કિંમતી ધાતુઓનાં ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળી રહ્યું હોવાનું કેપિટલ ડૉટ કૉમના વિશ્લેષક ક્યેલ રોડ્ડાએ જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે અગાઉ સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો સપ્ટેમ્બરમાં વ્યાજદરમાં વધારાની શક્યતા જે ૬૭ ટકા જોઈ રહ્યા હતા તે આજે પંચાવન ટકા શક્યતા જોઈ રહ્યા છે.

નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ક્રૂડતેલના ભાવમાં ઉછાળો આવ્યા બાદ આજે સાધારણ નરમાઈનું વલણ રહ્યું હતું. તેમ છતાં સાપ્તાહિક ધોરણે ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો હતો. જોકે, આજે બજાર વર્તુળોની નજર મોડી સાંજે જાહેર થનારા અમેરિકાના જુલાઈ મહિનાના નોન ફાર્મ પે રૉલ ડેટા પર સ્થિર થઈ હતી. વધુમાં વિશ્લેષકો જણાવે છે કે એક મહિના સુધી સોનાના ભાવમાં કોન્સોલિડેશન જોવા મળ્યા બાદ વર્તમાન સપ્તાહે ભાવે ૫૦ દિવસની દૈનિક સરેરાશની સપાટી વટાવી છે અને હવે સોનામાં ઔંસદીઠ ૪૧૫૧ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી પુરવાર થશે, જ્યારે ૧૦૦ દિવસની ઔંસદીઠ દૈનિક સરેરાશ ૪૩૮૯ ડૉલરની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી પુરવાર થાય તેવી શક્યતા છે.

## મલયેશિયા પાછળ આરબીડી પામોલિનમાં નરમાઈ

મુંબઈ: શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં પાંચ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા. તેમ જ આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં પણ આઠ રિંગિટ ઘટી આવ્યા હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આયાતી તેલમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે સોયા અને સન રિફાઈન્ડમાં ટકેલું વલણ રહ્યું હતું. વધુમાં આજે મથકો પાછળ દેશી તેલમાં કપાસિયા રિફાઈન્ડ અને સરસવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો અને સિંગતેલમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે, આજે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે વેપારો છૂટાછવાયા રહ્યા હતા. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૫ અને સરસવના રૂ. ૧૭૭૦, ગોકુલ એગ્રોના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦, પતંજલિ ફૂડ્સના સપ્ટેમ્બર ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૦, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૦થી ૧૫૦૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૬૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૫, રિલાયન્સ રિટેલના સોયા રિફાઈન્ડના ઑક્ટોબર ડિલિવરી શરતે રૂ. ૧૪૭૦ અને જી-વનના આરબીડી પામોલિનના રેડી ડિલિવરી શરતે રૂ. ૧૪૫૧ ક્વૉટ થઈ રહ્યા હતા.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૧૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૧૫૦થી ૧૫૫૦માં અને રાજકોટ મથકે ૧૬૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૧૫૦થી ૧૬૦૦માં ટકેલા ધોરણે થયા હતા. તેમ જ આજે ગોંડલનાં મથકો પર ૧૦ કિલોદીઠ સિંગતેલના ભાવ રૂ. ૧૭૦૦, વૉશ્ડ કૉટનના રૂ. ૧૬૧૫થી ૧૬૨૫ અને કોટન રિફાઈન્ડના રૂ. ૧૬૬૦ના મથાળે રહ્યા હતા, જ્યારે રાજકોટ મથકે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૬૭૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૬૭૫માં થયાના અહેવાલ હતા. આજે હાજર બજારમાં ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૯૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૫, સન રિફાઈન્ડના રૂ. ૧૭૬૦, સિંગતેલના રૂ. ૧૭૩૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૬૬૦ અને સરસવના રૂ. ૧૭૬૦ના મથાળે રહ્યાં હતાં.

## સ્મોલ ગ્રેડની ખાંડમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં હાજરમાં માગ તથા માલની ગુણવત્તાનુસાર મિશ્ર વલણ રહ્યું હતું, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં મિશ્ર વલણ રહેતાં નીચા મથાળેથી ક્વિન્ટલે રૂ. આઠનો સુધારો અને ઉપલા મથાળેથી રૂ. ૩૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ ઘટી આવ્યા હતા.

આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ હાજરમાં માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. આઠના સુધારા સાથે રૂ. ૪૭૮૦થી ૪૮૫૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ના ઘટાડા સાથે રૂ. ૪૮૭૦થી ૪૯૪૨માં થયા હતા.

જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૭૦૦થી ૪૭૫૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૭૭૦થી ૪૮૫૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



## ધાતુમાં સ્ટોકિસ્ટોની લેવાલીએ આગળ ધપતી તેજી

મુંબઈ: ઈરાન અને ઓમાન વચ્ચે સ્ટ્રેટ ઑફ હોર્મુઝના મુદ્દે થઈ રહેલી વાટાઘાટોમાં ડીલ થવા બાબતે અનિશ્ચિતતા સપાટી પર આવતાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ બેરલદીઠ ૮૦ ડૉલરની સપાટી સુધી પહોંચવાની સાથે લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની ધાતુઓમાં પુરવઠાખેંચની ભીતિ સપાટી પર આવતા ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ સિવાય કોપરની અન્ય વેરાઈટીઓ, બ્રાસ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ, ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. પાંચથી ૩૮ની તેજી આગળ ધપી હતી. જોકે, આજે એક માત્ર લીડ ઈન્ગોટ્સમાં નિરસ માગે ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટી આવ્યા હતા, જ્યારે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે જે ધાતુઓના ભાવમાં ઉછાળા જોવા મળ્યા હતા તેમાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૩૮ વધીને રૂ. ૫૫૪૪, નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૮ વધીને રૂ. ૧૬૫૮, કોપર કેબલ સ્ક્રેપ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૫ વધીને અનુક્રમે રૂ. ૧૩૬૦ અને રૂ. ૯૦૦, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૧૪ વધીને રૂ. ૧૩૪૯, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૩ વધીને રૂ. ૧૪૪૭ અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૧૧ વધીને રૂ. ૧૩૩૧ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટો ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું તેમાં એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને રૂ. ૩૫૭, બ્રાસ શીટ કટિંગ્સ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૯૫૦ તથા રૂ. ૪૦૧ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એકમાત્ર લીડ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને વપરાશકારોની માગ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૨૦૩ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૨૪૦ અને રૂ. ૩૧૦ના મથાળે ટકેલા રહ્યા હતા.

# ભુજમાં સિવિલ સર્જનની કચેરી મેન્ટલ હોસ્પિટલમાં ખસેડાતાં અરજદારો પરેશાનઃ ઈન્ચાર્જના ભરોસે તંત્ર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ અદાલતના આદેશ બાદ ભુજ સ્થિત સિવિલ સર્જનની કચેરીને જી. કે. જનરલ હોસ્પિટલ સંકુલમાંથી કેમ્પ એરિયાની માનસિક આરોગ્ય હોસ્પિટલમાં ખસેડવામાં આવતાં દુર-દૂરના ગામડાંમાંથી આવતા વિકલાંગો અને દર્દીઓ સહિત સામાન્ય અરજદારો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.

વિકલાંગતા પ્રમાણપત્રો, ફિટનેસ સર્ટિફિકેટ, મેડિકલ બિલ અને એમ.એલ.સી. કે પોસ્ટમોર્ટમ જેવી મહત્વની કામગીરી માટે લોકોને જી. કે. હોસ્પિટલથી માનસિક હોસ્પિટલ સુધી ધક્કા ખાવા પડી રહ્યા છે. બીજી તરફ, આ મહત્વની કચેરી છેલ્લા ૧૩-૧૪ વર્ષથી નિયમિત સિવિલ સર્જન વગર ચાર્જમાં ચાલી રહી છે. હાલ સિવિલ સર્જનનો વધારાનો પ્રભારી ચાર્જ ગાંધીધામના ડૉ. કિશોર રોય સંભાળી રહ્યા છે, જ્યારે ક્લાર્ક સહિતનો અન્ય સ્ટાફ પણ અપૂરતો છે.

દરમ્યાન આ કચેરીને ગાંધીધામ ખસેડવાની પણ હિલચાલ ચાલી રહી હોવાની ચર્ચાથી અબડાસા અને લખપત જેવા છેવાડાના વિસ્તારોના લોકોમાં ચિંતા વ્યાપી છે. આ મુદ્દે જાગૃત નાગરિકોમાં રોષ જોતાં કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા, ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ અને રાપરના ધારાસભ્ય વીરેન્દ્રસિંહ જાડેજાએ આરોગ્ય પ્રધાન અને મુખ્યપ્રધાન સમક્ષ રજૂઆત કરી કચેરીને જી. કે. સંકુલમાં જ રાખવા તેમજ કાયમી સિવિલ સર્જનની નિમણૂક કરવા માંગ કરી છે. ■



ભારત સરકારના યુવા અને રમત ગમત મંત્રાલય તથા સુફી ઇસ્લામિક બોર્ડના સંયુક્ત સહયોગથી નશામુક્ત અભિયાન કેદી જાગૃતિ સેમિનારનુ આયોજન રાજકોટ જેલમાં કરવામાં આવ્યુ હતું, ૧૫૦૦થી વધુ બંદીવાન ભાઇઓને નશાથી થતા નુકસાન અંગે માહિતીગાર કરવામાં આવ્યા હતા. (પ્રવિણ સેદાણી)

## નખત્રાણા તાલુકાના રોહા વિસ્તારમાં દીપડાએ પશુનું મારણ કરતાં ગ્રામજનોમાં ભયનો માહોલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભાતીગળ પ્રદેશ કચ્છમાં છેલ્લા કેટલાક સમયથી હિંસક વન્ય પ્રાણીઓ માનવ વસાહત તરફ વળી રહ્યા હોય તેવા કિસ્સાઓમાં ચિંતાજનક વધારો થયો છે. નખત્રાણા તાલુકાના રોહા (સુમરી) વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી દીપડાનો ત્રાસ વધી જતાં માલધારીઓ અને ગ્રામજનોમાં ચિંતા અને ભયનો માહોલ ફેલાયો હતો.

ગામતળ નજીકના ઐતિહાસિક રોહા કિલ્લા અને આસપાસના જંગલ વિસ્તારમાં સંતાયેલો આ ખૂંખાર દીપડો હવે રાત્રિ ઉપરાંત ધોળા દિવસે પણ લટાર મારીને વાડામાંથી બકરીઓ સહિતના પશુઓનું મારણ કરી રહ્યો છે. આજે સવારે પણ કિલ્લાવાસમાં દીપડાએ એક પશુનો શિકાર કર્યો હતો.

વરસાદ બાદ રોહા ફોર્ટ જોવા આવતા સૈલાણીઓ, સ્થાનિક મજૂરો અને પશુપાલકો પર હુમલાનો ભય સેઠવાઈ રહ્યો છે.

સમગ્ર કચ્છમાં વન્યજીવોના આવાસ સંકોચાતાં દીપડાઓ માનવ વસાહતો તરફ વળ્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. રોહા (સુમરી) ગ્રામ પંચાયતના સરપંચએ પશુધન તેમજ માનવજિંદગીની સુરક્ષા માટે આ હિંસક દીપડાને પાંજરે પૂરવા નખત્રાણા પૂર્વ રેન્જના વન અધિકારીને લેખિત રજૂઆત કરી હતી. ■

## જામનગરના ધ્રોલમાં શંકાસ્પદ ચાંદીપુરા કેસમાં બાળકનું સારવાર દરમિયાન મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગરઃ જિલ્લાના ધ્રોલ તાલુકામાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ કેસને લઈને ચિંતાજનક ઘટના બહાર આવી હતી. ધ્રોલ પંથકના એક બાળકને ચાંદીપુરા જેવા શંકાસ્પદ લક્ષણો જણાતા વધુ સારવાર માટે રાજકોટની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યું હતું, જ્યાં સારવાર દરમિયાન બાળકનું મોત નીપજ્યું હતું. બાળકના સેમ્પલ ચાંદીપુરા વાયરસની તપાસ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા. જોકે, બાળકનો ચાંદીપુરા અંગેનો રિપોર્ટ હજુ આવવાનો બાકી હોવાથી મોતનું કારણ ચાંદીપુરા વાયરસ જ હોવાનું હાલ સત્તાવાર રીતે કહી શકાય તેમ નથી. આ બનાવને પગલે આરોગ્ય તંત્ર દ્વારા ધ્રોલ સહિતના સંબંધિત વિસ્તારોમાં તકેદારીના પગલાં વધારવામાં આવ્યા છે. આરોગ્ય વિભાગની ટીમો દ્વારા સર્વેલન્સ, ડોર-ટુ-ડોર તપાસ તથા જરૂરી સાવચેતીની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ચાંદીપુરાના શંકાસ્પદ કેસોને ધ્યાનમાં રાખીને બાળકોમાં અચાનક તાવ, સતત ઉલ્ટી, ખેંચ આવવી, બેભાન થવું કે અન્ય ગંભીર લક્ષણો જોવા મળે તો માતા-પિતાએ સમય ગુમાવ્યા વિના તાત્કાલિક નજીકની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવા આરોગ્ય તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. ■

# મુંદરા-અમદાવાદ વચ્ચે ૧૭ ઓગસ્ટથી હવાઈ સેવા શરૂ, ત્રણ દિવસ ઉડાન ભરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના ઔદ્યોગિક હબ મુંદરા અને રાજ્યના આર્થિક પાટનગર અમદાવાદ વચ્ચે સીધું હવાઈ જોડાણ મજબૂત કરવા તરફ એક મહત્વનું કદમ ઉઠાવાયું છે. તાજેતરમાં જ શરૂ થયેલા મુંદરા અદાણી એરપોર્ટથી આગામી ૧૭ મી ઓગસ્ટથી સીધી વિમાની સેવા શરૂ થવા જઈ રહી છે. ખાનગી એરલાઇન સ્ટાર એર દ્વારા આ સેવા શરૂ કરવામાં આવી રહી છે, જેનાથી બિઝનેસ ટ્રાવેલર્સ, ઉદ્યોગપતિઓ અને સામાન્ય નાગરિકોનો સમય તથા શ્રમ બંને બચશે. રોડ માર્ગે અમદાવાદથી મુંદરા પહોંચતા સામાન્ય રીતે ૬ થી ૭ કલાક જેટલો સમય લાગે છે, પરંતુ હવે હવાઈ માર્ગે આ સફર માત્ર ૫૦ મિનિટમાં જ પૂર્ણ કરી શકાશે. એરલાઇન દ્વારા જાહેર કરવામાં આવેલા સમયપત્રક મુજબ, આ ફ્લાઇટ સેવા અઠવાડિયામાં ત્રણ દિવસ એટલે કે દર સોમવાર, બુધવાર અને શુક્રવારે ઓપરેટ થશે. વિમાન અમદાવાદથી સવારે ૬:૪૦ વાગ્યે ઊપડીને ૭:૩૦ વાગ્યે મુંદરા પહોંચશે.

જ્યારે તે જ દિવસે મુંદરાથી સાંજે ૬:૪૦ વાગ્યે રવાના થઈને ૭:૩૦ વાગ્યે અમદાવાદ પરત ફરશે. સવાર-સાંજનું આ સમયપત્રક ખાસ કરીને બિઝનેસ કમ્યુટર્સને ધ્યાનમાં રાખીને ગોઠવવામાં આવ્યું છે. જેથી અમદાવાદ કે મુંદરા કામકાજ અર્થે જતા લોકો પોતાનું કામ પતાવીને તે જ દિવસે સાંજે પરત ફરી શકશે. મુંદરા-અમદાવાદ રૂટ પર એક તરફનું અંદાજિત ભાડું રૂ ૨૫૦૦ થી રૂ ૩૫૦૦ ની આસપાસ રહેવાની શક્યતા છે અને તેના માટેનું બુકિંગ 'સ્ટાર એર'ની અધિકૃત વેબસાઈટ તથા અન્ય ઓનલાઈન પોર્ટલ્સ પરથી ટૂંક સમયમાં શરૂ થઈ જશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ પૂર્વે મુંદરા-અમદાવાદ વચ્ચે માત્ર ૪ સીટર મર્યાદિત એર ટેક્સી ઉપલબ્ધ હતી. પરંતુ હવે 'સ્ટાર એર' દ્વારા મોટા વિમાનની સુવિધા શરૂ કરાતાં મુસાફરો માટે ગ્રાઉન્ડ કનેક્ટિવિટી વધુ સુગમ બનશે. દેશના સૌથી મોટા કોમર્શિયલ પોર્ટ અને સેઝ ધરાવતા મુંદરા માટે આ સેવા ઔદ્યોગિક, મેડિકલ અને પ્રવાસન ક્ષેત્રે અત્યંત મહત્વનું સાબિત થશે.■

# ગોંડલમાં પ્રેમીએ તેનાથી બમણી ઉંમરની પ્રેમિકાને ટ્રેન સામે ધક્કો મારી પતાવી દીધી, પોલીસે ધરપકડ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ પંથકમાં પ્રેમ સંબંધોને લાંછન લગાડતી એક અત્યંત ચોંકાવનારી અને હૃદયકંપાવનારી ઘટના સામે આવી હતી. ૪૫ વર્ષીય મહિલાને પોતાનાથી અડધી ઉંમરના યુવક સાથે પ્રેમ રાખવો ભારે પડી ગયો હોવાનું પ્રકાશમાં આવી હતી. લગ્ન કરવા બાબતે થતી અવારનવારની કચકચથી કંટાળીને પ્રેમીએ જ પોતાની ૪૫ વર્ષીય પ્રેમિકાને ઘાતકી પ્લાન ઘડીને ટ્રેન સામે ધક્કો મારી પતાવી દીધી હતી.

ઘટનાની વિગતે વાત કરવામાં આવે તો, મૃતક મંજુબેન બારૈયા છેલ્લા ત્રણ વર્ષથી પતિથી અલગ એકલવાયું જીવન જીવતા હતા. આ દરમિયાન તેમને પોતાનાથી અડધી ઊંમરના પ્રકાશ સોલંકી સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો. મંજુબેન સતત પ્રકાશ પર લગ્ન કરવા માટે દબાણ કરી રહ્યા હતા, પરંતુ પ્રકાશના પરિવારે આ સંબંધનો સ્પષ્ટ અસ્વીકાર કર્યો હતો. ઝઘડાઓથી કંટાળેલા પ્રકાશે મંજુબેનને કાયમ માટે રસ્તામાંથી હટાવવાનું ષડયંત્ર રચ્યું હતું.

આરોપી પ્રકાશે ચાલાકીપૂર્વક મંજુબેનને જૂનાગઢ જઈને લગ્ન કરી લેવાના બહાને ગોંડલ રેલવે સ્ટેશન બોલાવ્યા હતા. ત્યાંથી તેમને સુમસામ રેલવે ટ્રેક તરફ લઈ ગયો હતો. સામેથી સ્પીડમાં ટ્રેન આવી રહી હતી ત્યારે જ પ્રકાશે મંજુબેનને ટ્રેન સામે ધક્કો મારી દીધો હતો.

ચાલતી ટ્રેનની ચપેટમાં આવતા મંજુબેનનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. આ હત્યાનો અકસ્માતમાં ખપાવી દેવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો, પરંતુ પોલીસે સમગ્ર ઘટનાનો પર્દાફાશ કરીને આરોપીને દબોચી લીધો હતો. પોલીસે પુરાવાના આધારે આરોપી પ્રેમી પ્રકાશ સોલંકીની ધરપકડ કરી હત્યાનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ■

# સુરેન્દ્રનગરમાં નાબાર્ડ આયોજિત રાજ્ય કક્ષાના હેન્ડલૂમ-હેન્ડીક્રાફ્ટ એક્ઝિબિશનનો ભવ્ય પ્રારંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગરઃ રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ નિમિત્તે નાબાર્ડ દ્વારા સુરેન્દ્રનગર ખાતે રાજ્ય કક્ષાના હેન્ડલૂમ અને હેન્ડીક્રાફ્ટ એક્ઝિબિશન-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. ત્રણ દિવસીય આ પ્રદર્શનનો ભવ્ય પ્રારંભ નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણા, ધારાસભ્ય પી. કે. પરમાર તથા જિલ્લા કલેક્ટર જી. એચ. સોલંકીની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર અને નાબાર્ડના સંયુક્ત પ્રયાસોથી ગ્રામ્ય કારીગરો, સ્વ-સહાય જૂથો તથા ખેડૂત ઉત્પાદક સંસ્થાઓને પ્રોત્સાહન મળી રહ્યું છે. આવા આયોજનો થકી સ્થાનિક ઉત્પાદનોને વ્યાપક બજાર મળે છે અને 'વોકલ ફોર લોકલ'ના સંકલ્પને વધુ વેગ મળે છે.

જિલ્લા કલેક્ટર જી. એચ. સોલંકીએ જણાવ્યું હતું કે ગુજરાતની હેન્ડલૂમ અને હસ્તકલાની પરંપરા દેશ-વિદેશમાં આગવી ઓળખ ધરાવે છે. આવા મેળાઓ સ્થાનિક કારીગરોને પોતાના ઉત્કૃષ્ટ ઉત્પાદનો પ્રદર્શિત કરવાની, નવા ગ્રાહકો સુધી પહોંચવાની અને બજાર સાથે સીધા જોડાવાની ઉત્તમ તક પૂરી પાડે છે. તેમણે કારીગરોને ગુણવત્તાયુક્ત ઉત્પાદનો તૈયાર કરી પરંપરાગત કળાને નવી પેઢી સુધી પહોંચાડવા અપીલ કરી હતી.

પ્રદર્શનનું મુખ્ય આકર્ષણ પટોળા, વિવિધ જિલ્લાઓના કારીગરોનું વણાટકામ, હસ્તકલા, બ્લોક પ્રિન્ટિંગ તેમજ જીઆઈ ટેગ વિશિષ્ટ ઉત્પાદનો છે. પ્રદર્શનના માધ્યમથી ગ્રાહકો કોઈપણ વચેટિયા વિના સીધા કારીગરો પાસેથી ઉત્પાદનોની ખરીદી કરી શકશે.

આ ઉપરાંત સ્વ-સહાય જૂથો, એફપીઓ, બેંકો અને સરકારી વિભાગોની વિકાસલક્ષી યોજનાઓ અંગે માહિતી આપવામાં આવી રહી છે. કારીગરોને માર્કેટ લિંકેજ, નાણાકીય સહાય, કૌશલ્ય વિકાસ અને સ્વરોજગારી અંગે પણ માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. રાજ્ય કક્ષાનું આ એક્ઝિબિશન તા. ૯ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી હોટલ શિવ ઇન્ટરનેશનલ ખાતે સવારે ૯થી રાત્રે ૯ વાગ્યા સુધી આમ જનતા માટે ખુલ્લું રહેશે. જિલ્લા વહીવટી તંત્ર અને નાબાર્ડ દ્વારા નાગરિકોને પ્રદર્શનની મુલાકાત લઈ સ્થાનિક કારીગરોને પ્રોત્સાહન આપવા તથા ગુજરાતની સમૃદ્ધ પરંપરાગત કળાને નજીકથી માણવા અપીલ કરવામાં આવી છે. ઉદઘાટન પ્રસંગે નાબાર્ડના અધિકારીઓ, વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ તેમજ ગુજરાતના જુદા જુદા જિલ્લાઓમાંથી આવેલા કારીગરો અને કલાસાધકો ઉપસ્થિત રહ્યા હતા. ■

# જામનગરમાં ૧૦ ઓગસ્ટે રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની ઉજવણી, ૧૯ વર્ષ સુધીના તમામ બાળકોને વિનામૂલ્યે કૃમિનાશક ગોળી અપાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગરઃ મહાનગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા ગુજરાત રાજ્ય આરોગ્ય વિભાગની સૂચના અનુસાર તા. ૧૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ શહેરમાં ''રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ'' તથા તા. ૧૭ ઓગસ્ટના રોજ મોપઅપ દિવસનું આયોજન કરવામાં આવ્યું છે. બાળકોના શરીરમાં કૃમિના કારણે લોહીની ટકાવારી ઘટવી, એટલે કે એનિમિયા, કુપોષણ, માનસિક અને શારીરિક વિકાસમાં અવરોધ તેમજ અભ્યાસમાં એકાગ્રતા ન રહેવા જેવી સમસ્યાઓ ઊભી થઈ શકે છે. આવા સંજોગોમાં કૃમિનાશક ગોળી આપવાથી બાળકોને કૃમિમુક્ત રાખવામાં મદદ મળે છે અને તેમના સ્વાસ્થ્યમાં સુધારો થાય છે. જામનગર મહાનગરપાલિકાના કમિશનર દ્વારા શહેરની જનતા તથા તમામ વાલીઓને અપીલ કરવામાં આવી છે કે તા. ૧૦ ઓગસ્ટ અને તા. ૧૭ ઓગસ્ટના રોજ પોતાના ૧ થી ૧૯ વર્ષ સુધીના તમામ બાળકોને નજીકની આંગણવાડી, સરકારી કે ખાનગી શાળા અથવા અર્બન પ્રાઇમરી હેલ્થ સેન્ટર ખાતે આરોગ્ય કર્મચારીઓની હાજરીમાં કૃમિનાશક ગોળી અવશ્ય ગળાવે. આ કૃમિનાશક ગોળી સંપૂર્ણપણે સુરક્ષિત અને વિનામૂલ્યે આપવામાં આવશે. જામનગર શહેરના તમામ બાળકોને કૃમિમુક્ત બનાવી સ્વસ્થ અને સુદૃઢ ભવિષ્યનું નર્માણ કરવા માટે વાલીઓ અને નાગરિકોને આ અભિયાનમાં સહભાગી થવા મહાનગરપાલિકા આરોગ્ય શાખા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. ■

# સ્વતંત્રતા દિવસ પૂર્વે કચ્છના દરિયાકાંઠે સુરક્ષા સઘનઃ મરિન ટાસ્ક ફોર્સનું ચેકિંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ આગામી સ્વતંત્રતા દિવસની ઉજવણીને અનુલક્ષીને રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં મરીન ટાસ્ક ફોર્સ દ્વારા સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવવામાં આવી છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ માંડવી સેક્ટર મરીન ટાસ્ક ફોર્સ દ્વારા પાંચોટિયાથી લાયજા સુધીના સંવેદનશીલ સાગરકાંઠે વિશેષ ચેકિંગ ડ્રાઇવ યોજવામાં આવી હતી.



ઉત્સવ વૈદ્ય

આ ઝુંબેશ દરમિયાન મરીન કમાન્ડો ટીમે શંકાસ્પદ હિલચાલ પર બારીક નજર રાખી હતી. તેમજ સ્થાનિક માછીમારો સાથે સંવાદ સાધીને અજાણી બોટ, શંકાસ્પદ વ્યક્તિઓ કે ડ્રગ્સ સહિતના માદક પદાર્થોની હેરફેર અંગે સતર્ક રહેવા અપીલ કરી હતી. કોઈ પણ અસામાન્ય પ્રવૃત્તિ જણાય તો તુરંત પોલીસને જાણ કરવા જણાવાયું છે. આગામી દિવસોમાં પણ દરિયાઈ સરહદે આવી ચેકિંગ કામગીરી ચાલુ રાખવામાં આવશે. ■

## કચ્છની બાળકીનો ચાંદીપુરા વાઈરસનો શંકાસ્પદ રિપોર્ટ નેગેટિવ આવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ શહેરની જી.કે.જનરલ હોસ્પિટલમાં દાખલ કરાયેલી બે વર્ષની બાળકીનો ચાંદીપુરા વાયરસ અંગેનો શંકાસ્પદ સેમ્પલનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો.

જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડૉ. કેશવકુમાર સિંઘે આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, ગાંધીધામ ખાતેની લેબોરેટરીમાંથી આ રિપોર્ટ નેગેટિવ પ્રાપ્ત થયો છે અને હાલ કચ્છમાં અન્ય કોઈ ચાંદીપુરાનો શંકાસ્પદ કેસ નોંધાયો નથી. જોકે, અન્ય બીમારીના કારણે હોસ્પિટલમાં સારવાર હેઠળ રહેલી આ બાળકીની તબિયત હજુ પણ ગંભીર હોવાનું તેમણે ઉમેર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, બાળકીના શંકાસ્પદ સેમ્પલ લેવાયા તે વેળાએ સાવચેતીના પગલારૂપે તેના વરસામેડી સ્થિત નિવાસસ્થાન આસપાસના ૫૦ ઘરોમાં મલાથિયોન દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો. ■

# ભાવનગરમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય મહાઅભિયાનનો પ્રારંભઃ જીતુ વાઘાણી સહિતના અગ્રણીઓ જોડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભારતીય જનતા પાર્ટી દ્વારા કાર્યકર્તાઓના વૈચારિક સશક્તિકરણ, વ્યક્તિત્વ વિકાસ અને સંગઠનાત્મક કૌશલ્યમાં વધારો કરવાના હેતુથી હાથ ધરવામાં આવેલા પંડિત દીનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહાઅભિયાન - ૨૦૨૬ અંતર્ગત ભાવનગર મહાનગર પ્રશિક્ષણ વર્ગનો પ્રારંભ થયો છે. ભાવનગર શહેર નજીક તગડી ખાતે આવેલ સંતુ રિસોર્ટમાં તા. ૭ થી ૯ દરમિયાન ત્રિ-દિવસીય આ મહાનગર પ્રશિક્ષણ શિબિરનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.




વિપુલ હિરાણી

શિબિરના પ્રથમ દિવસે યોજાયેલા ઉદઘાટન સત્રમાં રાજ્યના કેબિનેટ મંત્રી અને ધારાસભ્ય જીતુભાઈ વાઘાણી, ધારાસભ્ય સેજલબેન પંડ્યા, મેયર ઉષાબેન તલરેજા,પૂર્વ સાંસદ ડો. ભારતીબેન શિયાળ તેમજ પૂર્વ મેયર કીર્તિબેન દાણીધરીયા, ભરતભાઈ બારડ તેમજ ભાજપના વિવિધ મોરચાના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ આ પ્રશિક્ષણ શિબિરમાં ઉત્સાહભેર જોડાયા હતા. ઉદઘાટન પ્રસંગે ભાવનગરના પ્રભારી કમલેશભાઈ મીરાણી વગેરે અગ્રણી નેતાઓએ હાજરી આપી કાર્યકર્તાઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ ત્રિ-દિવસીય શિબિર દરમિયાન પક્ષની વૈચારિક ભૂમિકા, સેવા અને સમર્પણના મૂલ્યો તેમજ રાષ્ટ્ર નર્માણમાં કાર્યકર્તાઓની ભૂમિકા જેવા મહત્વના વિષયો પર વિવિધ સત્રોનું આયોજન કરવામાં આવશે, જે સંગઠનાત્મક ક્ષમતા અને કાર્યોને વધુ સુદ્રઢ બનાવવામાં મદદરૂપ થશે. ■

# ભાવનગરમાં હિંદુ યુવતીઓને ભગાડી જનાર બે સગા મુસ્લિમ ભાઈઓને ઝડપી લેવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેર અને જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી હિન્દુ યુવતીઓને ટાર્ગેટ કરાતી હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે ફરી બે હિન્દુ યુવતીઓને ભગાડી જનાર બે મુસ્લિમ ભાઈઓને ભાવનગર પોલીસે ધરપકડ કરી, બંને વિરુદ્ધ પોક્સો સહિતના ગુનામાં ધરપકડ કરી, ઉમરાળા પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો હતો.

જે ઘટનામાં ભાવનગર એલસીબી, ઉમરાળા-બરવાળા પોલીસ તેમજ સિહોર બજરંગદળની ટીમ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરાયું હતું.

ભાવનગર શહેરમાં છેલ્લા એકાદ માસ અગાઉ ભાવનગર પોલીસે દસથી વધુ હિન્દુ સગીરા તેમજ યુવતીઓને મુસ્લિમ શખ્સોની ચુંગાલમાંથી મુક્ત કરાવી હતી. હિન્દુ યુવતીઓને ટાર્ગેટ કરાતો હોય તેમ અવાર નવાર શહેર અને જિલ્લામાં લવ જેહાદના કિસ્સાઓ સામે આવે છે. ત્યારે ફરી સિહોર પંથકમાં લવ જેહાદનો કિસ્સો બહાર આવ્યો હતો. સિહોરના ગઢુલા ગામે રહેતા મહેબુબ બાફતીશા ઉર્ફે ગફાર પઠાણ તેમજ મુસ્તુફા બાફતીશા ઉર્ફે ગફાર પઠાણ નામના બંને સગા બે ભાઈઓએ એક સગીરા તેમજ એક યુવતીઓને લગ્નની લાલચ આપી, પ્રેમ જાળમાં ફસાવી હતી. તેમજ બંને યુવતીઓને બે દિવસ અગાઉ ઘરેથી મોડી રાત્રીના ભગાડી ગયા હતા.

જે બાદ બંને યુવતીઓએ ઘરે મળી ન આવતા પરિવારજનો ચિંતામાં મુકાયા હતા. જે દરમિયાન બંને યુવતીઓના પરિવારજનોએ ઉમરાળા પોલીસને જાણ કરતા પોલીસે શોધખોળ શરૂ કરી હતી. જેની જાણ સિહોર બજરંગદળને થતાં તેમની ટીમ દ્વારા પણ શોધખોળ શરૂ કરવામાં આવી હતી. જે દરમિયાન બંને મુસ્લિમ ભાઈઓ હિન્દુ યુવતીઓને સાળંગપુર નજીક લઈ ગયા હોવાની જાણ થતાં ભાવનગર એલસીબી, ઉમરાળા અને બરવાળા પોલીસની ટીમ અને બજરંગદળની ટીમે બાતમી આધારે કુંડળ નજીક બાવળની કાંટમાં દોઢેક કિલોમીટર અંદરથી પોલીસે બંને યુવતીઓને બે સગા ભાઈઓના ચુંગાલમાંથી મુક્ત કરાવી, ઓપરેશન પાર પાડ્યું હતું. બે પૈકી મહેબુબ થોડા સમય અગાઉ પોક્સોના ગુનામાં જેલમાં સજા કાપીને બહાર આવેલ હતો અને ફરી તે જ સગીરાને ભગાડી હતી. ■

## ભુજોડી ગામની ૫૦૦ વર્ષ જૂની વણાટકામ કળાને વૈશ્વિક ઓળખઃ કચ્છી શાલને જી.આઇ. ટેગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ નિમિત્તે ભુજ તાલુકાનું ક્રાફ્ટ વિલેજ ભુજોડી તેની પાંચ સદી જૂની હાથવણાટની પરંપરાને કારણે પુન ચમક્યું છે. કચ્છી ધાબળા અને શાલથી પ્રખ્યાત બનેલા આ ગામની કચ્છી શાલને જીઆઈ ટેગ (જિઓગ્રાફિકલ ઈન્ડિકેશન) પ્રાપ્ત થતાં તેને આંતરરાષ્ટ્રીય સ્તરે આગવી ઓળખ મળી છે. અહીંના કારીગરો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ૫૦થી વધુ પ્રતિષ્ઠિત પુરસ્કારો મેળવી ચૂક્યા છે. પરંપરાગત વણાટમાં આધુનિક ડિઝાઇન અને કુદરતી રંગોનો સમન્વય કરીને કારીગરોએ શાલ ઉપરાંત સાડી, સ્ટોલ, કુર્તા, ગાલીચા અને કાલા કોટનના વસ્ત્રો જેવા ઉત્પાદનો થકી આ કળાને સફળ ઉદ્યોગમાં ફેરવી છે. ભુજોડીના ૩૫૦થી વધુ વણકરો અને મહિલાઓ આ વ્યવસાય સાથે સંકળાયેલાં છે. સરકારી પ્રોત્સાહન અને મેળાઓને પ્રતાપે અમેરિકા, જાપાન, જર્મની અને ઇંગ્લેન્ડ સહિત ૧૮થી વધુ દેશોમાં કચ્છી વણાટકામની ભારે માંગ અને નિકાસ વધી છે. કચ્છ રણોત્સવ દરમિયાન પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનતું ભુજોડી ગામ આજે વોકલ ફોર લોકલ અભિયાનનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડી રહ્યું છે. ■



ઉત્સવ વૈદ્ય